# ગુણાતીત જ્યોત








બ્રહ્મરૂપ દેહ પરબ્રહ્મમાં જોડવું તેજ આત્યંતિક કલ્યાણ.


વર્ષ ૫૧, અંક : ૮, તા.૨૧મી ઑગષ્ટ, ૨૦૨૧, સંવત - ૨૦૭૭ શ્રાવણ સુદ - ૧૪, શનિવાર

દર માસની ૨૧મીએ પ્રગટ થતું માસિક, વાર્ષિક ફી : રૂા.૧૦૦



૮-૮-૮૩

સ્વામિશ્રીજી

ગુણાતીત સમાજની જય
મુક્તાક્ષર યુવકોમંડળની જય

શ્રાવણી ૮ ઓગસ્ટ-૨ ૮૩
નિષ્કામભાવની મહાપૂજાની
ઉજવણીનો સ્મરણ દિન

—×—

મહારાજ બોલે અને સર્વ શાસ્ત્રો કહે
પ્રાર્થના એ પ્રભુને વશ કરવાનું સાધન
સાધન છે. એમ ઇન્દ્રિયો અંતઃકરણનું રૂપાંતર
કરવાનું સ્વભાવ ટાળવાનું પણ સાધન
અને પ્રત્યક્ષ સાધન છે તે પાત્ર સાધકો
સહુ ભક્તોમાં આપણે અને ભક્તોએ તેનો
વધુ ઉપયોગ કર્યો પરિણામ જોયા છે.
મહાપૂજા કરવા. મહાપૂજાની પ્રાર્થનાથી
સાધક ભાગવતમાં મન રાખવાનું સહેલું
સ્વરૂપમાં ઉતરી ગયું તે પ્રતાપ મહાપૂજાનો
પ્રાર્થના નિષ્કામભાવની શરૂઆતની કરવા.
ઠાકોરજીનું પરમધામ ઉઠાવ હતી

—×—

પપ્પા.




# ગુણાતીત જ્યોત

બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.

સંસ્થાપક : ગુરુહરિ પપ્પાજી મહારાજ   પ્રેરણામૂર્તિ : પ.પૂ.હંસાદીદી


## સ્વાધ્યાય સંદેશ

### સંજીવની મંત્ર : ૯

આપણે જ્યારે નામ, નાત, જાત છેક પ્રકૃતિપુરુષ સુધીનું જે આપણું ગણાય તે સળગાવી, રાખ કરી, તેના સિંહાસન ઉપર બિરાજી આ બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની સેવાની સાધના શરૂ કરી છે તો આપણે ખોવાનું શું છે ? તે ડરો છો ? – પપ્પા



### શ્રીજી રસામૃત :–

જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણજો. એમ જાણશો તો પણ તમારે મારે વિષે હેત રહેશે. તેણે કરીને તમારું પરમ કલ્યાણ થશે અને આ વાતને નિત્યે નવી ને નવી રાખજો. પણ ગાફલપણે કરીને વિસારી દેશો મા. આજ છે તેવી જ કાલ રાખજ્યો ને તેવી જ દેહનો અંત થાય ત્યાં સુધી પણ દિન–દિન પ્રત્યે નવી ને નવી રાખજ્યો.

(વચ.ગ.મ.૧૩)



### શ્રી અક્ષર બ્રહ્મરસ :–

ભગવાનની મોટાઈ જેના અંતરમાં સમજાણી હોય તેને ગમે તેવા દેશકાળની અવળાઈ થાય અથવા દેહમાં ગમે એવો રોગ થઈ આવે ઈત્યાદિકમાં પણ એમ સમજે જે ભગવાનના કર્યા વિનાનું પાંદડું પણ કોઈનું હલાવ્યું હલતું નથી, એમ સમજીને સુખી રહે; ને જે એમ ન સમજે તેને કોઈ પ્રકારનો દેશકાળ આવે તો સત્સંગ ચૂંથાઈ જાય.

(સ્વામીની વાતુ પ્રક. ૧ની ૪થી વાત)



### દિવ્યામૃત :–

મનુષ્યભાવનો વિચાર આવે કે તરત જાળામાં બેઠેલો કરોળિયો જીવ, જંતુ તેમાં આવે તો કટ લઈને તેને પકડી લે છે તેમ મનુષ્યભાવ કે પતિવ્રતાપણું ભંગ કરાવે તેવા વિચાર ઉત્પન્ન થાય કે તરત તેને દાબે. જે–તે પ્રકારે તે દૂર કરીને જંપે તો એવા મુક્ત ધામરૂપ છતીદેહે જ બની જાય.

### અનુક્રમણિકા


| અનુક્રમણિકા | પાન નં. |
| --- | --- |
| ગુરુહરિ પપ્પાજી મહારાજના આશિષ... | ૨ |
| સ્વાધ્યાય સંદેશ... | ૩ |
| પપ્પાજીની પરાવાણી... | ૪ |
| પ.પૂ.દેવીબેનના સ્વરૂપાનુભૂતિદિને... | ૫ |
| પ.પૂ.બેનના સ્વરૂપાનુભૂતિદિને... | ૭ |
| ગુરુહરિ પપ્પાજીમહારાજના પ્રાગટ્યદિને... | ૯ |
| સત્સંગ સમાચાર... | ૧૧ |
| પ.પૂ.હરિપ્રસાદસ્વામીજીનો બ્રહ્માંડ પ્રવેશ... | ૨૭ |
| હાર્દિક આમંત્રણ... | ૫૨ |



# પપ્પાજીની પરાવાણી...

...યોગીબાપાએ અમને બહેનોની સેવા સોંપી ત્યારની ઘડી ને આજનો દા’ડો. બહેનોને અર્થે કુરબાન સર્વસ્વ કૃષ્ણાર્પણ એટલે તમારી શરતે બધું લઈ લ્યો એવી સેવાની ભાવનાથી ઝૂકાવ્યું. બસ પછી બધું બાપા જાણે. એ જ બધું કરવાના છે. કૃષ્ણાર્પણ કરનારને હક ક્યાં રહ્યો ? નિષ્કામભાવે બધું અર્પણ કર્યું. પછી બાપાને જેમ કરવું હોય તેમ કરે. આપણું કોઈ અસ્તિત્વ જ નહીં. આવી ભાવનાથી જ જીવ્યા તો પાર પડી ગયું. જેવું બહેનોનું તેવું યુવકો ને સંતોનું. સાહેબ ને તેમનું આખું લશ્કર ખૂબ મહિમાથી જીવ્યા, બહેનોની સેવામાં ભળ્યા, અભિપ્રાયની ભક્તિ કરે છે તો સુખે સુખે આગળ જાય છે. સામાને લાગે કે આ લોકો જુદા છે. બ્રહ્મનું તત્ત્વ કામ કરે છે.

૧૯૬૬માં અહીં આવ્યા. તીવ્ર ભજન કરવાનો મોકો આપ્યો. માયા ચારેય બાજુ હતી. પણ ભજન જ કર્યા કર્યું તો કેવું સરસ ચાલી રહ્યું છે. એકબીજાનું હિત થાય તેવી સૌમાં આત્મીયતા રાખીએ, સુહૃદભાવ રાખીએ. ભજન કરીને બળ પમાડીએ. જેનો વધુ નિષ્કામ સંકલ્પ હશે તે ટકશે. આનો અનુભવ કરીએ. પછી કેફ છૂટી જશે કે આપણે ભજન કરીશું એટલે કામ થશે જ.

બાપાને આફ્રિકા જવાનું હતું. એક સંતે ઉબાળો લીધો. બધાને અરેરાટી થઈ ગઈ કે બાપાને જવાનું ને આવું ? આ બાપાએ જ રાસ શરૂ કરેલો. અમે તો બાપા પર નાંખી, ભાવફેર વગર તટસ્થ રહી, બાપાની લીલા છે તેમ માની ભજન કરતા’તા. બાપાનો પાસપોર્ટ તૈયાર થઈને આવ્યો. દા’ડા પછી દા’ડા જતાં કોઈનો ય સાથ મળે નહીં તેવે વખતે ભાવફેર થાય કે ન થાય ? પણ તેમાં પડ્યા વિના ભજન જ કર્યા કર્યું. પછી આગલા દા’ડે પાછી ટ્રસ્ટ કમિટીની મિટીંગ થઈ. બાપાએ પાછો ચોપાટ શરૂ કર્યો. દરેક જણને બોલાવે. આમ થશે ? તેમ થશે ? બધાંને પૂછ્યા કરે. પછી નક્કી થયું : ‘જવું પડે.’ પાછું કમિટીએ નક્કી કર્યું : ‘બંધ રાખો.’ પછી અટલાદરા ગયા. ત્યાં જવું ? ના જવું ? એ ચાલ્યું. આપણને ખબર હતી કે આ બધી બાપજીની લીલા છે. ત્રણ દિવસ પછી બાપા મુંબઈ આવ્યા... ગિરધારી રે સખી ગિરધારી... એ બોલ્યા ને કહે, ‘અમારા માટે માળા ફેરવજો.’ બધાં રડતાં રડતાં કહે, ‘શું થશે ?’ મને થાય – એ બધાંને હલાવી નાખે એવા છે. આપણે બીજો કોઈ વિચાર કે ઠરાવ નથી કરવો. ભજન કરીએ તો કાળ, કર્મ, માયા ફીફા ખાંડે ને બાપા આફ્રિકા ગયા... એવું જ બાપાના ઓપરેશન વખતે ભજનનું જોર વધાર્યું તો તેમણે જ રસ્તો કાઢ્યો.

માટે આપણે કોઈપણ કાર્ય કરવું હોય તો બીજા-ત્રીજા ઉપાય લીધા વિના તટસ્થ રહી, જ્ઞાન ગણતરીમાં પડ્યા વિના ભજન કર્યા કરીશું તો આપણું ધાર્યું થશે જ ને આશ્ચર્યની પરંપરા સર્જાશે. ભજન એ મોટો ઉપાય છે. એક પંથ ને દો કાજ. ભગવાનમાં મન રહેશે ને આપણામાંથી દોષ નીકળી જશે. બસ બધાંને ભજન કરવાનું બળ મળે એવી પ્રાર્થના. (તા.૨૮.૪.૧૯૭૪)



## પ.પૂ.દેવીબેનના સ્વરૂપાનુભૂતિદિને...

યુગ-યુગાંતરોથી જીવપ્રાણીમાત્રને એક પ્યાસ છે અમરત્ત્વની. પરંતુ શું અમરત્વ પામવું એ પૂર્ણાહુતિ છે? તો પછી આત્મા તો અમર જ છે તો એ પૂર્ણાહુતિ કહેવાય ? અમર એવો આત્મા દેહભાવ, સ્પંદનો, પ્રકૃતિપુરુષથી પર જાતે જઈ શકતો નથી. તે માટે એવા ગુણાતીતના સાધર્મ્યપણાને પામેલા સત્પુરુષની જરૂર તો પડે જ છે. વળી, એ સત્પુરુષને ઓળખવા, એમની ગહનતાને પામવા એવા ગુણાતીત સાધુની જરૂર પડે છે. ગુણાતીત સ્થિતિ પામવી એ એવા ગુણાતીત સંત વગર અશક્ય છે. આવા ગુણાતીતના સાધર્મ્યપણાને પામેલા સત્પુરુષ એટલે આપણા ગુરુહરિ પપ્પાજી અને એમની પાસે પહોંચાડવાના ભોમિયા એટલે ગુણાતીત સંત પ.પૂ.દેવીબેન.

૧૯૫૯ની ૨૭મી ઑગષ્ટનો દિવસ આધ્યાત્મિકતાના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે કોતરાઈ ગયો. આત્માએ એના પ્રકાશકને ઓળખ્યા. ગુરુહરિ પપ્પાજીમહારાજમાં બ્ર.સ્વ.યોગીજીમહારાજના દર્શન થયાં ને દિવ્યતાના મહાસાગરમાં મનવો મ્હાલવા લાગ્યો. એકવાર આત્માના કલ્યાણદાતા માન્યા પછી તો પૂછવું જ શું ? પ્રખર બુદ્ધિશાળી એવા દેવીબેને 'મહિમા એ પાવર છે' એ યોગીમહારાજનું વચન પોતાના રોમરોમમાં વણી લીધું. લોહીના બૂંદે બૂંદથી સંપૂર્ણ સમર્પણ કરી નરદેહધારી નારાયણને વશ કરી લીધાં. દાસત્વ ધારી પોતાના સ્વને દાસ બનાવી દીધું. તારદેવ અક્ષરધામના તખતથી પોતાની ભક્તિપથની યાત્રા શરૂ કરી અને પોતે અક્ષરધામરૂપ બની ગયાં! પોતે કેવળ મૌન પ્રાર્થના કરી સ્થિતિને પામ્યા ને બીજા અનેક ચૈતન્યોની પ્રાર્થનાનો પોકાર સાંભળતા થયા ! એવા દેવીબેને કરૂણાના મેહમાં આશ્રિતોને ભીંજવ્યા જ કર્યા છે. અનેક મુક્તોના અંતરતલના સ્પંદનો ઝીલી સંકલ્પ, ભજન ને પ્રાર્થનાથી વણબોલ્યે, ધીર મૌન ગ્રહણ કરી જવાબ આપ્યા છે. તો વળી પોતાની આગવી શૈલીમાં સત્યો આપી સ્મૃતિથી ભરી દીધા છે. આલોકના વકીલની ડીગ્રી મેળવી, બ્રહ્મવિદ્યાની કોલેજના પણ વકીલ બની સાધકો અને ભક્તોની અરજીઓ પ્રભુ પાસે પાસ કરાવી છે.

કુશાગ્ર બુદ્ધિને પોતે તો પોતાના કલ્યાણને અર્થે વાપરી પરંતુ હવે એજ કુશાગ્ર બુદ્ધિથી બીજાની બુદ્ધિના તાળા ખોલ્યા કરે છે. એકવાર દેવીબેન દાઢ પડાવવા માટે આણંદ જઈ રહ્યાં હતાં. એક બેને કહ્યું, 'પ્રસાદીની દાઢ અમારા માટે પરત લેતા આવજો.' કુશાગ્ર બુદ્ધિશાળી દેવીબેન કહે, 'પ્રસાદીની દાઢને શું કરવું છે ? પ્રસાદીનાં વચનો આપ્યાં છે એ પ્રમાણે જીવવા માંડો.'

ગુરુહરિ પપ્પાજીએ આત્મા ગુણાતીત સ્થિતિને પામી શકે એ માટે અમૃત સમ વચનો આપ્યા છે જે આપણા સૌ માટે 'પંચામૃત' છે. તો પ.પૂ.દેવીબેને પોતાની લાક્ષણિક શૈલીમાં પરાસત્યો આપીને સાધકોને સમયે સમયે જાગ્રતતા આપી છે તો આ પરાસત્યોને માણીએ.

**★ અખંડ જપયજ્ઞ કર્યા કરો.**

દેવીબેન ઘણીવાર કહે છે કે '...અખંડ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ કર્યા કરવું. મંત્ર પડવા ન દેવો. પપ્પાજીની મૂર્તિ સંભારીને સ્વામિનારાયણ મંત્ર રટ્યા જ કરવો.' તેના અનુસંધાનમાં રાત્રે બે વાગ્યે પરદેશથી તેઓએ લખેલો સંદેશ માણીએ.

સ્વામિશ્રીજી તા.૩૧.૮.૭૯
રાત્રે ૨:૦૦

જય સ્વામિનારાયણ. ૧લી સપ્ટેમ્બરના...

અત્યારે તો ત્યાં સુખનો સૂરજ ઊગી ચૂક્યો... ઓહોહો! શું સુંદર મંગલ પ્રભાત !!!! બસ ને વળી શહેનાઈના સુમધુર સૂરો સાથે સાક્ષાત્‌ના સુકોમળ કંઠ... કંથની... સ્મૃતિ... બ્રહ્મસૂત્ર કે, બસ પ્રાપ્તિના વિચારોમાં મ્હાલ્યા કરો, સ્મૃતિ સભર રહો, માહાત્મ્યેયુક્ત સેવા કરો, આનંદ કરો, આનંદ કરો. સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... જપયજ્ઞ કર્યા જ કરો, કર્યા જ કરો. ક્યાં સુધી ? તો બસ એ વગર બીજું કાંઈ બોલી જ ન શકાય, વિચારી ન શકાય ત્યાં સુધી.

બસ ત્યારે આપણે સૌ એ ભૂમિકાએ સત્વરે પહોંચીએ એ જ એમના પ્રાગટ્યદિને પ્રાર્થના સહ. વિરામ. જય સ્વામિનારાયણ.

હે દેવીબેન ! અમે પણ સર્વ ક્રિયાઓ કરતાં કરતાં પપ્પાજીની મૂર્તિ અને સ્વામિનારાયણ મંત્રરટણની ટેવ પાડીએ, તેવું જીવવાનું અમને બળ આપશોજી.

**★ આ પળ નીરવ કે ધામરૂપ રહો, તે પળનો પથદર્શક પ્રભુ બને તે રીતે જીવવાનું બળ મળે.**

એકવાર દેવીબેનના સાંનિધ્યે સભામાં ભજનની અંતકડી રમી રહ્યાં હતાં. તેમાં 'ર' આવ્યો એટલે દેવીબેન પરદેશ ધર્મયાત્રાએ જવાના હોવાથી એક બેને ગાયું, 'રહી જાવ ને... રહી જાવને... અમારી સંગાથે તમે રહી જાવ ને...' એટલે પોતે ગાવા માંડ્યાં, 'રહી જાવ ને... રહી જાવ ને... અમારી સંગાથે અક્ષરધામમાં રહી જાવ ને ! આવન-જાવન શા માટે કરવું છે ?'

આમ રમૂજમાં સત્ય આપી દીધું કે અક્ષરધામરૂપ જ રહેવાય, દેહભાવમાં જવાય જ નહીં.

**★ આધ્યાત્મિક સમતાભરી નિર્દોષબુદ્ધિ સૌમાં, સૌ પળે, સર્વ પ્રસંગે રાખવી.**

એકવાર યુવતી મંડળની શિબિર ખેતવાડી કરી હતી. ત્યાં બધાં જમવા બેઠાં ને એક બેન બધાંને ખીચડીમાં ચમચીથી ઘી પીરસતાં હતાં. એટલે દેવીબેન કહે, 'ઘી ચમચીથી અપાય કે ધાર કરાય ?' એટલે તે બેને ધાર કરવાનું શરૂ કર્યું. પછી ધીમે રહીને કહે, 'શબ્દ તો આકાશનો ભાગ છે એમાં સ્વધર્મ ચૂકી જવાનો ? ઘી તો ચમચીથી જ અપાય ને !'

આમ આધ્યાત્મિક માર્ગે આંટીઘૂંટીમાં પણ આધ્યાત્મિક સમતા કેવી રીતે રાખવી તે પણ સમજાવે.

**★ સંબંધવાળાની માહાત્મ્યેયુક્ત સેવા કર્યા કરો.**

એકવાર સભા પૂરી થયા પછી દેવીબેન સ્ટેજ પરથી નીચે ઉતરી રહ્યાં હતા. સામે ઉભેલા સૌ મુક્તોને તેઓ ગુરુહરિ પપ્પાજીની એક અંગૂલીની સ્મૃતિ સાથે જય સ્વામિનારાયણ કહેતા હતા. એટલે એક બેને કહ્યુ, 'દેવીબેન એમ કહે છે કે બધાને એક એક ચોકલેટ આપશે.' તો દેવીબેન તો હસવા લાગ્યા ને કહે, 'ના, બધાએ એક વાસણ ઘસવાનું.'

આમ સંબંધવાળા સૌમાં મહારાજ જોઈને સેવા લૂંટી લેવી એ પપ્પાજીની રુચિનું સહજ દર્શન કરાવ્યું.

**★ કંઈપણ કોઈનું ખૂંચતુ ત્રણ મિનિટ કરતાં વધુ મનમાં ટકે તો પા કલાક સ્વામિનારાયણ મંત્ર બોલી પ્રાયશ્ચિત કરી લેવું.**

એકવાર એક બેનને સૂઝ આપતાં વાત કરી કે, 'આપણે કોઈની સાથે વાત કરતાં પહેલા ૧૧ વખત સ્વામિનારાયણ મંત્ર બોલવો. ભલે ચીડ કે ગુસ્સો ના કર્યો હોય પણ પપ્પાજીને યાદ કર્યા વગર જવાબ આપ્યો એ તડફડ જ કર્યું કહેવાય.'

તો હે દેવીબેન ! અમે ગુરુહરિ પપ્પાજીએ આપેલા આ પંચ અમૃતના બુંદમાંથી કોઈ પણ એક બુંદ ઝીલીને ગુરુહરિ પપ્પાજીના હૈયાના હારનું સાચું મોતી બની જઈએ એ જ આપના ચરણોમાં પ્રાર્થના.



## પ.પૂ.બેનના સ્વરૂપાનુભૂતિદિને...

ભગવાન જ્યારે પૃથ્વી પર પધારે ત્યારે પોતાનું સમગ્ર ઐશ્વર્ય, અક્ષરધામ અને પાર્ષદ લઈને પધારે છે. એવા અનાદિના મુક્તરાજ પ.પૂ.બેનને લઈને પધાર્યા.

પ.પૂ.બેન સાધુતા અને વાત્સલ્યની મૂર્તિ. પ.પૂ.બેનને ગુરુહરિ પપ્પાજીનું અસાધારણ માહાત્મ્ય. સંબંધમાં આવનારને પપ્પાજી ઓળખાવ્યા. ને દેશ-પરદેશના સૌ મુક્તોનું પ્રાર્થના, સંકલ્પથી જતન કરી પ્રભુમય જીવન જીવતાં કર્યા છે. પ્રભુ સર્વોપરી છે તેમને સંભારીએ તો તે રક્ષા કરવા, સહાય કરવા હાજર જ છે. માટે પ્રસંગોમાં બીજા-ત્રીજા ઉપાયો લીધા વિના પ્રભુનો આશરો લેવો. પ.પૂ.બેનના આદેશને પોતાના જીવનમાં આપનાવ્યો તેવા ભક્તોની અનુભૂતિને માણીએ.

★ બેન ગુરુ સ્વરૂપે મળ્યા તેથી હું ધન્ય થઈ ગયો. બેનને મળ્યા પછી સમજ પડી કે ગુરુનું મહત્ત્વ શું છે. ગુરુનો હાથ પકડવાને બદલે તમારો હાથ ગુરુને પકડાવવો. કારણ આપણે આકસ્મિક રીતે ગુરુનો હાથ છોડી શકીએ છીએ પરંતુ... ગુરુ જેનો હાથ પકડે તે કદી છોડતા નથી. એવા પ્યારા પ્યારા છે અમારા બેન. એવાં ગુરુસ્વરૂપ બેનના ચરણોમાં ભવોભવ ને જન્મોજન્મ સ્થાન મળે એ જ પ્રાર્થના.

બેનના અનુભવો મમ્મીએ તો ઘણા કર્યા છે ને મમ્મી પાસેથી સાંભળ્યા પણ છે. અને હું પણ બેનને ખૂબ જ માનું છું. મને પણ બેને ઘણા જ અનુભવ કરાવ્યા છે. જેમાં આ એક અનુભવ લખી રહ્યો છું.

અમારા મેરેજ પછી અમે દુબઈ ફરવા ગયા હતા. ત્યાં અમે પાંચ દિવસ ફર્યા અને સારી સારી યાદોના હેન્ડી કેમેરામાં ફોટા પાડી લીધા. અમે પાછા ફરી રહ્યા હતા ત્યારે શારજહા એરપોર્ટ પર સીક્યુરીટી ચેકીંગ વખતે કેમેરાની બેગ ત્યાં જ રહી ગઈ અને અમે તો એરપોર્ટ પર ફરતા હતા. પ્લેન ટેક ઑફના અડધા કલાક પહેલા યાદ આવ્યું કે કેમેરાની બેગ રહી ગઈ છે. પછી અમે ખૂબ શોધવાનું ચાલુ કર્યું પણ ન મળી. ને છેવટે અમે ટ્રાય કરવા સીક્યુરીટીને મળ્યા ને કહ્યું કે અમારી બેગ ભૂલી ગયા છીએ. ત્યારે ઈમીગ્રેશન પ્રોસેસ થઈ જવાના કારણે અમને પાછા જવા ન દીધા.

અમે ટેન્શન ને દુઃખ સાથે પ્લેનમાં બેઠા. ત્યારે પ્લેનને ઉપડવાને ૧૫ મિનિટ બાકી હતી ત્યારે આંખમાં આંસુ હતાં. ત્યાં જ દિલમાં એક અવાજ જાણે ઉઠ્યો. કે બેન તો છે ને ! અને અંતરથી, હૃદયની સાચી ભાવનાથી આંસુ સાથે ધૂન ચાલુ કરી. પપ્પાજી કહે છે ને અંતરના પોકારથી કરેલ ધૂન પ્રભુ સાંભળે જ છે.

પ્લેન ટેક ઑફ થવાની પાંચ મિનિટ પહેલા સીક્યુરીટી ઑફિસરે પ્લેનમાં એનાઉન્સ કર્યું ને બેગ ઊંચી કરીને કહ્યું અમને આ બેગ મળી છે. ...આમ અમારા હાથમાં બેગ આવી ગઈ. ત્યારે એક સેકન્ડ તો માની જ ન શકાયું. પણ બેન સાથે છે તો અશક્ય વાત શક્ય કરે જ છે ને બેન પરનો વિશ્વાસ અતૂટ થઈ ગયો, અતૂટ રહેશે જ. મારા વહાલા બેનને અનંત નમસ્કાર.

– પૂ.જયકુમાર મોદી (મુલુંડ)

★ ૧૯૬૧-૬૨ની વાત છે. એક વખત પ.પૂ.બેન બુલોપા આવ્યાં હતાં. ત્યારે બપોરે પૂ.નીમુબેનના ઘરે સભા હતી. સભામાં બધાને એક એક સ્વામીની વાત બોલવાની હતી. હું થોડી પાછળ બેઠી હતી. બધા આગળ બેઠાં હતાં. તો સહેલી સહેલી વાતો બોલી લીધી હતી.મારી વારી આવી ત્યારે મને એકપણ વાત યાદ નો'તી. મારી બાજુમાં નીમુબેન બેઠાં હતાં. મેં એમને કહ્યું, 'મને કોઈ સહેલી વાત કહો તો બોલું. હમણા મારી વારી આવશે.' તો નીમુબેને શીખવ્યું, 'સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી, અમને તો જન્મ મરણનો ફેરો ટાળતાં આવડે છે. બીજું આવડતું નથી.' મારી વારી આવી ત્યારે હું આ વાત બોલી. અને પ.પૂ.બેન સોફામાં ઊંચા થઈ બોલ્યાં, 'ઈ કોણ બોલ્યું?' તો કોઈ કહે, 'કુમુદ બોલી.' તો બેન કહે, 'હું તને મૂકવાની નથી.' તો ખરેખર હું બહુ જ નસીબદાર છું કે આવા ગુરુ મને મળ્યા !

૧૯૭૧-૭૨માં હું નાઈરોબી હતી ને બેન લંડન આવ્યાં ત્યારે મારાં બાને પૂછતાં હતાં કે તમારી દીકરી નાઈરોબી હતી તે ક્યાં છે?' બાએ કહ્યું, 'એ પણ લંડન આવવાની છે.' ત્યારથી બેને જ મને આજ સુધી પકડી રાખી છે.

પ.પૂ.બેન મળ્યાં ! બેન અમારે માટે સર્વસ્વ મનાયાં. પ.પૂ.પપ્પાજી પોતાનું સ્વરૂપ પોતાના ભક્તોને ઓળખાવવા નિત નવીન લીલા કરતા હોય. અમો જ્યોતમાં બેન-પપ્પાજીનો લાભ લેવા આવતાં ત્યારે બેન અમોને દર્શન, સ્પર્શન, ધબ્બાનું સુખ આપી આનંદિત કરી દેતાં.

બેનના હેતવાળાં નર્મદામાસી ટેલર અચાનક માંદા પડ્યાં ને કોમામાં ગયાં. આમ માસીની હાલત જોઈને થાય કે પપ્પાજી ધામમાં લઈ જાય તો સારું. તો પપ્પાજીને કહ્યું કે 'નર્મદામાસીને ધામમાં લઈ જાવ તો સારું.' તો પપ્પાજી કહે, 'હું એને હરતીફરતી કરીશ પછી ધામમાં લઈ જઈશ.' આમ કહીને ગુલાબનું પુષ્પ આપ્યું. આવી કોમામાં ગયેલ વ્યક્તિ એકદમ સારી થતી જોઈ નથી. પણ પપ્પાજીએ એને સારાં કર્યાં ! ફરીવાર બેન આવ્યાં ત્યારે બેને પૂછ્યું, 'માસી ધામમાં નથી ગયાં?' ને થોડીવારમાં સમાચાર આવ્યાં કે માસી ધામમાં ગયાં. આ પ્રસંગ વખતે અમે બેન સાથે જ હતાં. આ વખતે તો બેન નર્મદામાસીને લેવા જ આવ્યાં હતાં. કેવાં સર્વોપરી !

– પૂ.કુમુદબેન ચાવડા (યુ.કે.)

★ તા.૯ જુલાઈ ૨૦૧૨ના પ.પૂ.બેનના ૯૯મા જન્મદિનની ઉજવણી નિમિત્તે મારે એક નવા ભજન પર ડાન્સ કરવાનો હતો. બેનની તબિયત સારી ન હતી. તે માટે તેમને વધારે આગ્રહ કરી સભામાં બેસાડવા એ યોગ્ય ન હતું. બેન આવ્યાં અને બે મિનિટ બધાંને દર્શન આપી પાછાં રૂમમાં ગયાં. તે પછી મેં બેનની મૂર્તિને કાર્ડ અર્પણ કર્યું. જે મેં જાતે બનાવ્યું હતું. અને પછી તરત મારો ડાન્સ હતો. સભાસંચાલક મારી લખેલી પ્રાર્થના વાંચતા હતા. ઘણું રડી કે આ બેન હવે મારી સાથે બહુ નથી. મારો ભાવ એમના સુધી તો પહોંચશે જ પણ મારો ડાન્સ કે કાર્ડ એ જોઈ નહીં શકે. સભાખંડના મંદિરમાં મનોમન બેનને પ્રાર્થના કરી કે બેન, મને ખૂબ ખૂબ બળ આપો. અને પછી મેં ડાન્સ કર્યો ૧૦ મિનિટ થઈ અને બેન રૂમમાંથી પાછાં સભાખંડમાં આવ્યાં.

મેં કાર્ડ અર્પણ કર્યું અને મને સરસ સ્મૃતિ આપી. અને પછી ડાન્સ કર્યો મારા હર તાલે બેન મારી સાથે ઝુમ્યાં, જાણે મારા માટે જ આવ્યાં છે. જાણે મને જ એમની જરૂર છે. મારા આખા ડાન્સમાં બેને હસતાં હસતાં તાલી પાડી અને ઝુમ્યાં. જાણે ૯૯ વર્ષનાં નહીં પણ ૯ વર્ષનાં બાળક છે.

ડાન્સ પછી એમણે મને માથા પર ૪-૫ વાર જોરથી હાથ મૂક્યો. અને પછી બોલ્યાં, 'ઓહોહો ! ના ભૂતો ના ભવિષ્યતિ એવો સરસ કર્યો !' અને આ મૂર્તિ જોઈ હૈયું ભરાઈ ગયું. સ્મૃતિથી સભર કરી અને મને ખુશીનો પાર ન હતો. મારી પ્રાર્થના સાંભળી, મારા માટે આટલો ભીડો... મને રાજી કરવા ! અને આવું તો ફક્ત અને ફક્ત બેન જ કરી શકે. આ જિંદગીમાં ક્યારેય નહીં ભૂલાય.

– પૂ.પૂજાબેન પીઠડિયા (યુ.કે.)



## ૧લી સપ્ટેમ્બર - ગુરુહરિ પપ્પાજીના પ્રાગટ્યદિને
## મારી, મારી સ્વયં પાસેની ઝંખના...

સનાતન હિન્દુ ધર્મમાં આત્મા અજર અમર છે અને તે અતિ શુદ્ધ છે જ. ફક્ત સંજોગો, દેશકાળ, અનુસાર તેના પર આવરણો ચઢી જાય છે. પણ જે નિરાવરણ અને પરિશુદ્ધ બનીને પ્રગટે છે અને દેહ ધારણ કરે છે તેવા ચૈતન્ય સ્વરૂપોનો તો પ્રાર્દુભાવ જ હોય ! અજન્મા છે તેઓ !

શ્રી ગીતાજીમાં શ્રી કૃષ્ણ ભગવાને 'जन्म कर्म च मे दिव्यम्' એ શ્લોક બોલીને એવા પરમ આત્માને પૃથ્વી પર પ્રગટવાનું કારણ અનેક જીવોને સંબંધ આપીને ચૈતન્યની શુદ્ધિના માર્ગે પ્રગતિ કરાવવાની હોય છે.

શ્રીજીમહારાજ સ્વયં એક પરમાત્મા સ્વરૂપે પૃથ્વી પર પ્રગટ થઈને પોતાની અપ્રતિમ કરુણાદષ્ટિ, શક્તિથી ધરા પર અનેક વરદાન વરસાવ્યા તેમાનું એક - 'હું પૃથ્વી પર અખંડ રહીશ.' એ વરદાન એટલે એમનાં દિવ્ય તત્ત્વના અખંડ ધારક એવાં ગુણાતીત સ્વરૂપો ! અને એમાં પહેલી સપ્ટેમ્બર, ૧૯૧૬ બુધવાર ભાદરવા વદ છઠ, સંવત ૧૯૭૨ના પપ્પાજીનો પ્રાર્દુભાવ થયો.

પૂર્ણપણે નિષ્કામ ભક્તિના ધારક, પ્રણેતા અને પ્રસારક બનીને ધરા પર આવ્યા ત્યારથી શ્રીજી સંસ્થાપિત 'સંબંધયોગ'નો દોર સ્નેહલભાવે ઝાલીને ધરા પર શુદ્ધ એકાંતિકી ધર્મની સ્થાપનાનું અનુપમ કાર્ય શરૂ કર્યું.

માનવદેહ અને ધરા પરનું અસમંજસ માનસ. એ બધા સંગે સરળતાથી સમન્વયતા સાધીને સ્વસંકલ્પે ચૈતન્યોના આવરણો ધીરે ધીરે સહજ, સરળ અને સહર્ષ ભાવે ઓગાળતા ગયા. અને એક બ્રહ્મનિયંત્રિત બ્રહ્મસમાજની સ્થાપના કરી દીધી ઈ.સ.૧૯૬૬માં.

નામ આપ્યું 'ગુણાતીત સમાજ' સ્વયંની ગુણાતીત ભાવભરી રોમરોમમાં વહેતી જીવનશૈલી. અઢળક ઉદારતા અને વિશાળતા, હૃદય-મનથી સૌ સંગે 'એ તો એમ જ હોય', 'ભલે', 'ચાલશે', 'ચિંતા ન કરશો', 'હું ભજન કરીશ.' એવા અદ્ભુત પ્રીતિભર્યા વ્યવહારથી મહામાનવની યોનિ ઘડવાની આધ્યાત્મિક ધર્મશાળાના દાસત્વભાવે સેવક બન્યા.

શ્રીજીની સર્વોપરિતા અને શાસ્ત્રીમહારાજની શૂરવીરતા, યોગીજીની દિવ્ય પ્રેમલતા ધારીને ઉદ્યમ કર્યા જ કર્યો. નિરંતર નિષ્ઠાથી 'કર્મ કર્યા જ કર્યા - પરિણામની આશા, અપેક્ષા રાખ્યા વિના' कर्मण्येवाधिकारस्ते मा फलेसु कदाचन। એકધારી પ્રાર્થના અને વાત્સલ્ય સભર અણિશુદ્ધ પરાભક્તિથી સૌને ભીંજવ્યા અને ખપ ને ખટકો જાગ્રત કર્યા.

સમાજ કે વ્યવહારમાં જગતના અનેકવિધ પ્રસંગોમાં જીવોની સંગે રસબસ બનીને આંતરિક પ્રેરણાથી સૌને જાતે જ પ્રાર્થના કરવાનું ઉદય કરાવ્યું. અને ધીરે ધીરે અનેક ઐશ્વર્યો વાપરીને જીવોમાં પ્રાર્થનાની શ્રદ્ધા જગાડી. જેમ જેમ શ્રદ્ધા જાગતી ગઈ તેમ તેમ પ્રાર્થના વધુ ને વધુ થતી ગઈ. અને જીવોની પ્રગતિ સરળ ને સુખદાયી બની ગઈ.

આ જીવ તે સાધન શું કરે ? એમની કરુણા પ્રીતિથી સહેજે સહેજે પ્રકૃતિ પલટવા લાગે. સ્વભાવના ઝંઝાવાતો હળવા થતા રહે એવા પરમાત્મ સ્વરૂપ ગુરુહરિ દિવ્ય પપ્પાજીનો ૧૦૫મો પુનિત પ્રાગટ્ય પર્વ ૧લી સપ્ટેમ્બરના...

એક એમને જ રાખીને, પ્રથમ પ્રભુ પછી પગલું ભરીને, આપણે શૂન્ય બનીને, દાસત્વભાવે પળેપળે વર્તીને, સંપૂર્ણતયા પંચામૃત પ્રમાણે અણિશુદ્ધભાવે સંકલ્પ, ભાવ ને ક્રિયા કરીને, ઉજવણી કરી હતી કરવાની છે ને કરીશું.

પપ્પાજી કહેતા મોરનાં ઈંડા ચિતરવા ન પડે. પણ મોર શોભે છે એના મોરપીંછથી. અને મોરપીંછ ખરી પડે ત્યારે જ આપણને એ પ્રાપ્ત થાય છે. એમ અહંકાર જ્યારે ખરી જાય ત્યારે જ આપણા સર્વ પ્રકારના કર્મોની શોભામાં સુંદરતા અને પ્રકાશ પ્રગટે છે.

આપણે એક એક સંબંધવાળા સાધક હરિભક્તો, સંતો, બહેનો, યુવકો જે જે શ્રી પપ્પાજીના શ્રી ચરણે શીશ ઝૂકાવી જીવી રહ્યા છીએ તે સર્વે પપ્પાજીની આભા અને શોભા છીએ અને એમને ધારીને એમના ગમતામાં વર્તીને એમના વચનોને સારધાર વર્તનમાં ઉતારીને આપણે સૌ ગુણાતીતભાવનાના ધારક સંત, સાધુ કે ગૃહસ્થ બનીને પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવ ઉજવીએ.

દરેક ઉત્સવ, પર્વે આપણી પ્રાર્થનાઓ શબ્દો કે વચનોમાં વહેતી જ હોય છે. પણ તે હૃદયભાવના પૂરતી સીમિત ન રહેતા જીવનભાવના બની રહે તેવી દૃઢ નિશ્ચયની આપણે આપણા પોતાની પાસે જ અપેક્ષા રાખીએ.

સામાન્યતઃ આપણી કહેવાતી પ્રાર્થનાઓમાં માગણીઓનું લીસ્ટ હોય છે. ભગવાનની સર્વોપરિતા અને સર્વવ્યાપકતા માણી રહેલા આપણે સૌ, પ્રત્યક્ષના ભાવિક ભક્તો – પણ જે મળ્યું છે, જે પામ્યા છીએ, જે કેવળ અનુગ્રહથી જ જીવનમાં આવ્યું છે, મળ્યું છે તેનો અહોભાવ અને કૃતજ્ઞભાવ એ જ આપણો પ્રાણવાયુ છે. રક્તબુંદના કણેકણમાં એ ઋણભાવ અને ધન્યતાનો ભાવ વહેતો રહે તે જ આપણી ઉત્સવની આત્માની ઉજવણી છે.

વણમાગી જે અઢળક તન, મન, ધન અને વ્યવહારની સમૃદ્ધિ એમણે કરી આપી છે તે સંભાર્યા કરીએ અને વાગોળતા વાગોળતા બ્રહ્માનંદી મસ્તીમાં આપણે ઝૂમતા થઈએ. એ ઉમંગ અને ઉત્સાહ આપણા જીવન વ્યવહારમાં સહજ ભાવે પ્રગટે, પ્રસરે. અને કોણ મળ્યું છે ! કેવા મળ્યા છે ! એમની કેવી કેવી શક્તિ, પરાશક્તિ અને આધ્યાત્મિક અનુભૂતિ થઈ છે તેનું મનન, ચિંતન, નિદિધ્યાસ કરીએ તો સાચો 'પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવ' વર્તનથી ઉજવાય.

વાહ વાહ ! ધન્ય ધન્ય ! અહો અહો ! એ જ એક ધન્યતાનો ભાવ એ આપણા સૌનાં વર્તનમાં પ્રગટે તેવી મારી, મારી પોતાની પાસે યાચના અને ઝંખના છે. નિર્ણય, નિશ્ચયાત્મક દૃઢ ગાંઠ વાળીને, પ્રભુના બળે 'બ્રહ્મયજ્ઞ' કરીને અભાવ, અમહિમા કે અવળા વિચારો એ યજ્ઞમાં હોમી દઈએ અને 'જ્ઞાનયજ્ઞ' ભક્તિના, સુહૃદભાવના, દાસત્વભાવના અને સંપૂર્ણ સમર્પણના સવળા વિચારો, ભાવો, નિશ્ચયો, વર્તનોને જીવનમાં ઉજાગર કરીએ.

સામાન્ય જ એક એક સૂત્ર 'પ્રથમ પ્રભુ અને પછી પગલું' કે 'સંપ, સુહૃદભાવ, એકતા' કે 'મૂંઝવણ આવે તો માળા કરવી, પણ બીજા વિચાર ન કરવા.' તેવા નાના પણ સચોટ સૂત્રો વર્તનમાં પળેપળે જાગ્રતતાથી સમાવીએ, ભૂલીએ અને પાછા મંડીએ. એમ પોતે પોતાના ગુરુ બનીને, એમની સૌરભ બનીને, સમગ્ર વાતાવરણને દિવ્યતાથી સભર માણીએ, ધારીએ અને પ્રસારીએ !

તેવી મારી મારા સ્વયં પાસે ખપ, ગરજ અને જાગ્રતતાની અભીપ્સા છે. આ કાંઈ પોતાના બળે વર્તવાની વાત જ નથી. પણ જેણે અમાપ, અનંત બળ આપ્યું છે તે પ્રપત્તિના આનંદની વાત છે. આ અનુભૂતિને રોમેરોમમાં વાગોળીએ તો જ આ સ્વ જાગૃતિનો યજ્ઞ કરી, સ્વની સંશુદ્ધિ કરી પપ્પાજીનો મનોરથ પૃથ્વી પર સાકાર કરી શકીએ.

## સત્સંગ સમાચાર

### તા.૨૩.૭.૨૦૨૧ : ગુરુપૂર્ણિમાની ઉજવણી...







ગુરુપૂનમના શુભ દિનની પ્રભાતે સૌ સાધક બહેનો પ્રભુકૃપાના મધ્યહૉલના મંદિરે પુષ્પોથી સુસજ્જિત ફુલવાડીમાં બિરાજેલા ગુરુહરિના દર્શને જઈ રહ્યાં હતાં. વરંડામાં મંદિરમાં ઠાકોરજીનું પૂજન કરી નિત્ય દર્શનના આસને ગુરુહરિને પાયલાગણ કરી નિજ નિવાસરૂપ અક્ષરઓરડીમાં 'શૂન્ય' બની રહીએ એવા ભાવનાત્મક પુષ્પઆસને ગુરુહરિના દર્શન કરી, ગુરુસ્વરૂપોના દર્શન કર્યાં. પપ્પાજી હૉલમાં ગુરુહરિ સાથે આજે બ્ર.સ્વ. સોનાબાનો પ્રાગટ્યદિન તેથી તેઓની મૂર્તિ બિરાજમાન હતી. સૌ વચન સ્મરણ સહિત પૂજાનો ભાવ ધરી રહ્યા હતા. સવારની સભામાં 'ગુરુ માત-પિતા, ગુરુ બંધુ-સખા, તેરે ચરણોમેં સ્વામી કોટિ કોટિ પ્રણામ... પ્રિયતમ તુમ્હી... પ્રાણનાથ તુમ્હી... તેરે ચરણોમેં સ્વામી કોટિ કોટિ પ્રણામ...' આ ભજનના લયબદ્ધ સૂરમાં ગુરુસ્વરૂપોએ સ્વઆસન સ્વીકાર્યાં ને આવાહન શ્લોક સાથે સભાનો આરંભ થયો.

પૂર્ણ પુરુષોત્તમનારાયણ શ્રી સહજાનંદસ્વામી મહારાજે સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના કરી ને એ નામનો મંત્ર આપ્યો. શાસ્ત્ર, મંદિર, દેવ, આચાર્ય, સાધુ ને ગુરુમુખી જીવન જીવતા હરિભક્તોરૂપે સંપ્રદાયનું અવિચલ બંધારણ પણ ઘડ્યું ને સર્વને સર્વની રીતે એ બંધારણનું આચરણ કરતા પણ કર્યા જેથી પાંદડે પાંદડે સત્સંગ ફેલાતો રહ્યો. યથાર્થ સ્વરૂપનિષ્ઠાના એકાંતિક ધર્મની સ્થાપનાના વારસદારરૂપ ગુરુ ગુણાતીતાનંદસ્વામી આપી તેમનો વેલો ચાલુ રખાવી શુદ્ધ ઉપાસના સ્થાપી. જીવના મનોરથ પૂર્ણ કરે એ ભગવાનનું સ્વરૂપ અને જીવે કેવા મનોરથ કરવા એ શીખવે એ ગુણાતીત સાધુ. એવા ગુણાતીત સાધુને લઈને મહારાજ પધાર્યા. જીવને ગુણાતીત કરવા છે એ એમનું બિરૂદ છે. એટલે જે સંબંધમાં આવ્યા તેમનું કશું જ જોયા વગર પ્રગતિ કરતાં ચૈતન્યરૂપે દેખી





રહ્યાં છે એવા આપણા આ ગુરુસ્વરૂપોને શું આપીએ ? પરંપરાગત દક્ષિણા આપવાની વિધિમાં જ્યારે શિષ્યનું શિક્ષણ પૂરું થાય પછી દક્ષિણા આપે. ગુરુ કસોટીરૂપ જ માંગે છે. જ્યારે આપણું તો શિક્ષણ જ પૂરું થતું નથી. છતાંય જે જે ભાગમાં પૂર્ણ થયું છે તે ભાગથી આપવા બળવાન કર્યા છે. જે સમજમાં આવી ગયું છે. તો આવો અમૂલ્ય લાભ મળ્યો છે તેવા ગુરુસ્વરૂપોના ચરણે આપણે શું આપીએ ?

જે આપણું અમૂલ્ય છે તે. તો એ શું છે ? મારું, હું, મને, મારા મૂલ્યાંકન, માનીનતા, સ્વ – જેનાથી આપણે પણ અજાણ છીએ તે અર્પણ કરવું છે. ને એ પ્રાર્થનારૂપે એ નાના-મોટામાં કે સૃષ્ટિમાં રહીને આપણી રક્ષા કરી રહ્યાં છે. એ જોતાં શીખીએ ને આપતા શીખીએ ને એ આપણને જુએ તેવા પ્રાપ્તિવાન બનીએ. આપણા પ્રથમ વર્તમાન એ સ્વામિનારાયણની કંઠી પહેરી તે અને બીજા વર્તમાન એ બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ભક્તિ કરવા આવ્યા તે છે. જે આ ગુરુસ્વરૂપો ને મુક્તસ્વરૂપરૂપે આપણને બ્રહ્મરૂપ કરી રહ્યાં છે. તે વખતે મહારાજે આપેલ શ્લોક –

‘નિજાત્માનં બ્રહ્મરૂપં
દેહત્રય વિલક્ષણમ્
વિભાવ્ય તેન કર્તવ્યા
ભક્તિ કૃષ્ણસ્ય સર્વદા...’

જે ગુરુહરિ પપ્પાજીએ આદર્શરૂપે આપ્યો છે ને તેવું આપણા ગુરુસ્વરૂપોનું જીવન છે. દાસત્વભક્તિએ તેઓ વર્તે છે. તો આજે આપણને એવી ઈમ્યુનીટી આવી જાય તેવી પ્રાર્થના સાથે અહીંયા બિરાજમાન અને ઘરમંદિરમાં બિરાજમાન સર્વ ભક્તોએ સ્તુતિગાન કરી પંચાંગે ને દંડવત પ્રણામ કર્યા. આ રીતે સભાસંચાલિકા સ્મૃતિબેને આજની પ્રથમ પ્રાર્થના ગુરુચરણે અર્પણ કરાવડાવી. સર્વ ત્યાગી-ગૃહી સમાજ વતી પ્રથમ પ્રભુકૃપા સમ મહાતીર્થમાં બિરાજમાન ઠાકોરજી ને ગુરુહરિ પપ્પાજીનું પૂજન પ.પૂ.હંસાદીદીએ કર્યું. ત્યાર બાદ સર્વ સ્વરૂપોએ પૂજનવિધિ કરી તે દ્રશ્ય-શ્રાવ્ય દ્વારા દર્શન કર્યા. અને ત્યાર પછી પ્રત્યક્ષ બિરાજમાન ગુરુહરિ પપ્પાજી ને પપ્પાજી સ્વરૂપોને પુષ્પહાર, પુષ્પગુચ્છ અર્પણ થયા. અને આશિષવાણીના સુખ લીધાં તે માણીએ.




**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :**



ગુરુપૂનમે આખા હિન્દુસ્તાનમાં બધાં પોત પોતાના ગુરુહરિનું પૂજન કરે છે. આ અનાદિકાળથી ચાલતું આવ્યું છે. આપણા આદિ ગુરુ વ્યાસજી છે. તેમની પાસે આત્મનિષ્ઠ - બ્રહ્મનિષ્ઠ એવા અનેક મુક્તો હતા. એમાં શુકદેવજી બ્રહ્મસ્વરૂપ વિજળી જેવા સંત હતા. આપણું ધ્યેય ગુણાતીત ભાવને પામી વીજળી જેવા સંત બનવાનું છે. તેવાં બનીએ એ સાચું પૂજન.

જોગીમહારાજ વાત કરતા કે વિષયાનંદી જગત હૈ, બ્રહ્માનંદી કોક. પરોક્ષના ઘણા ભક્ત હોય તેવા ભજનારામાં આપણને વીજળી જેવા સંત મળ્યા. વીજળી કે વડવાનળ જેવા સંતના થઈને તેમની આજ્ઞાના અનુસંધાને જીવન જીવીએ તેવા બ્રહ્માનંદી આપણે છીએ.

જોગીમહારાજ જેવું ભવ્ય સ્વરૂપ આપણને મળી ગયું. કેવળ કૃપામાં આપણે બધા આવેલા છીએ. પૂર્વના હોઈશું એટલે ખેંચીને લઈ આવ્યા ને વીજળી જેવા સંતમાં જોડી દીધા. એમની જોડે હેત કરાવી દીધું. એના થઈને જીવવા માંડ્યા. ઉત્તરોત્તર હલકા થતા જઈએ છીએ. જગત ખોટું થતું જાય છે. માયામાં રહીએ છીએ છતાં માયા અડતી નથી. અભાવ લઈએ નહીં ને સ્વધર્મ ચૂકીએ નહીં. એ જાતના ત્યાગ-વૈરાગ્ય ઓટોમેટીક ઉદય થતાં ગયા. આ આપણે સમજી શકીએ છીએ ને વર્તવા મંડી પડ્યા. પ્રત્યક્ષ ગુરુહરિના થઈને જીવવું છે. કઈ રીતે જીવાય ? તો પ્રાપ્તિની સભરતા રાખીએ. અહોહો આ પ્રાપ્તિ ! એના સંકલ્પે આપણું કામ ચાલે છે. એ આશીર્વાદ આપે, પ્રાર્થના કરે ને આપણને સંભારે ને આપણું કામ થતું જાય.

કેવળ મોજરૂપે આપ્યું છે. અત્યારે હસતા રમતા સાકરના શીરા ખાઈને આગળ જઈએ છીએ. તો પ્રાપ્તિની સભરતા રાખીએ. આપણામાં બધું ૧૦૦% એ કરવાના છે. આપણે તો ખાલી સુરુચિ રાખીને મંડીએ. કહે તેમ કરીશું તો સુખે સુખે જવાશે. નહીં કરીએ તો પછાડી પછાડીને ય લઈ તો જશે જ. માટે આપણા અંગ પ્રમાણે નિરંતર ભર્યા રહીએ તો બ્રહ્માનંદનું સુખ નિરંતર રહેશે.

આપણે જગતમાં જવાનું છે. તમે રાજી થાવ એવું અમારે કરવું છે. તમારી પ્રસન્નતાર્થે નોકરી, ધંધો કરવા છે. તો કેવી રીતે કરવું ? તો આચારસંહિતા આપી દીધી. તે પ્રમાણે વર્તીએ. વીજળી જેવા સંતો કહીએ છીએ એ એમણે આપી દીધા. એમનું વચન છે એ એમની પૂજા છે. જ્યાં એના થઈને નહીં જીવાય ત્યાં પટ લઈને પકડશે. કોઈના અભાવમાં પડીએ જ નહીં ને જો પડી જવાય તો મૂર્તિ સંભારીએ તો પટ લઈને પાછા વળી જવાશે. અત્યારે આપણે પારસથી પારસ થઈએ તેવો જોગ છે. જોગીમહારાજે ચારે બાજુ સાકર પાથરી છે. એની રુચિ સમજાઈ ગઈ. આપણી બુદ્ધિમાં,

સમજમાં ઉતરી ગયું. ખાલી આપણું વહાણ તરતું મૂકી દઈએ. એનો પવન આપણને ખેંચી જાય છે. એમના આશરે રહેવાનું બળ મળી જાય ને સુખિયા થઈ જઈએ એ જ અંતરની પ્રાર્થના ને આશીર્વાદ.

**આશીર્દાન પ.પૂ.જસુબેન :** આપણા માટે દીદી આપી દીધાં. એમનું ભજન : 'અંતરથી અંતર ટળે નિરંતર...' કેટલું સુંદર ભજન છે! બ્રહ્મ બનીને રહેવું છે. એ માર્ગે ચાલીએ તો માંગો ને ન મળે તો કહેજો. આપણે આ ગુણાતીત જ્યોત એટલે ગુણાતીત થવાની કોલેજમાં દાખલ થયા છીએ. એ છોડે એવા નથી. તેની નિશ્ચિંતતા



છે. જ્યોત એ બહેનોને સર્વોપરી સ્થિતિ કરાવવા માટેનું સ્થાન છે. આપણા જેવું ભાગ્યશાળી દુનિયામાં કોઈ નથી. એમ માની લઈ મંડીએ. ખૂંચે ત્યાં તરત જ પ્રાર્થના ને ભજન કરીએ. દાસના દાસ થઈને રહેવું જ છે. છેલ્લી કક્ષાએ જવું જ છે. આપણને ધાર્યુ કરવાની ટેવ હોય જ તો પ્રભુને પામવાની હઠ રાખીએ. આપણે સ્વરહિતની કક્ષાએ પહોંચવું જ છે. તેવું ધાર્યુ કરીએ. એ પૂરું કરી જ આપશે. તેવી શ્રધ્ધા, ખાતરી રાખીએ. સર્વે સ્વરૂપોને પ્રાર્થના કે સૌને ખૂબ ખૂબ બળ આપી દેજો. જય સ્વામિનારાયણ.

**આશીર્દાન પ.પૂ.દેવીબેન :** આજે સૌના હૈયામાં આનંદ હોય. ગુરુ શબ્દ જ એવો છે. એમના દર્શન કર્યા. દર્શન માત્રે જ આનંદ થાય. તે બધાએ અનુભવ કર્યો છે કે ગુરુ મળ્યા ને ૭૨ કોઠા ટાઢા કરી દીધા. એના જેવા ગુણ આવ્યા કે ન આવ્યા તે વાત જુદી છે. પણ એ મળ્યા ને ! ગુરુમાં ગુરુહરિનો વાસ છે એટલે કોઈ નાનું મોટું



નથી. માટે એમના જે વચન છે તે પાળીએ.

જસુબેને બહુ વર્ષો પહેલા ભજન બનાવ્યું હતું. 'મારી આતમ જ્યોત...' જપયજ્ઞના હોલમાં એમણે પોતે જ પપ્પાજી પાસે ગાયું હતું. અનુભવનું ભજન છે તો આપણને તો બધું તૈયાર છે. સંભારીને પ્રાર્થના જ કરવાની છે.

હે ગુરુદેવ ! તમે ગુણ બક્ષિશમાં આપી દો. આત્મનિષ્ઠા, સ્વરૂપનિષ્ઠા, સ્વધર્મ આપણા સૌમાં આવી જાય. કર્તાહર્તા ટાણે પ્રભુ જ મનાઈ જાય. સત્સંગમાં આવ્યા ત્યારથી આ વાક્ય ખબર છે. પણ જેમ જેમ જીવતા જઈએ છીએ તેમ ખબર પડે છે કે તેમ વર્તવું અઘરું છે. ટાણે મારા ઈંદ્રિયો અંતઃકરણ, દેવતાને નમાવવા બહુ અઘરા છે. તેના માટે ગુરુને કાકલૂદીભરી પ્રાર્થના કે તમે કૃપા કરો. અમારા બળે તો કાંઈ નહીં થાય.

તો હે પપ્પાજી ! બા, બેન, સ્વરૂપો ! તમે જોગ સરસ આપ્યો છે. કૃપામાં લીધા છે તો કર્તાહર્તા ગુરુહરિ છે તે સૌને મનાવી દો ને ગુરુ જેમાં રાજી તેમાં અમે રાજી રહીએ તેવું વર્તવાનું બળ અમને આપી દો એ જ પ્રાર્થના.

ત્યાર બાદ પૂ.સ્મૃતિબેન દવે રચિત 'પપ્પાજી પ્યારા...' ભજનમાં સૌ લીન થયાં.

**પૂ.ભાવનાબેન શેઠ :** પપ્પાજી હંમેશા કહેતા કે ભગવાન મળ્યા તો એક પગલું અક્ષરધામમાં ને ગુરુ મળ્યા તો બેય પગલા અક્ષરધામમાં. એમની કૃપાથી આ જોગ મળ્યો. તે બળ આપે, પ્રસંગ ગોઠવે ને આગળ લે. ઘણાં દેવતા હીરો હોય કોઈક ઝીરો



હોય. તેની પાછળ ગુરુઓ સતત બળ આપ્યા જ કરે છે. સતત પ્રયત્ન કર્યા જ કરે છે. સેવક કરતાંય ગુલામ બનવું તે શ્રેષ્ઠ. ગરજ રાખીને સેવા કર્યા કરીએ તે સ્વરહિતની ભક્તિ જ ભગવાન ૧૦૦% સ્વીકારે. તો હે પપ્પાજી ! હે બા ! હે બેન! તમે તો કૃપા કરો જ છો. તેને અમે ઝીલી લઈએ. અમારા પ્રસંગનો તાપ તમે સહન કરો છો. સૌથી વધુ તો તમે ખમો છો. તો અમારું વર્તન એવું કરીએ કે તમને નિશ્ચિંતતા રહે. તમારી કૃપા ઝીલી લઈએ. પપ્પાજીએ જોગ આપ્યો, સ્થાન આપ્યું

તો તમને જે અમારું સ્વ છે તે આપી દઈએ. અમારું સ્વ તમારા ચરણે ધરીએ. પપ્પાજી વધુ ને વધુ અમારામાં રહેતા થાય તેવી વિશુદ્ધ ભક્તિ કરીએ. એ જ તમારા ચરણોમાં પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.દીદી :** મારી તો આજે પપ્પાજી પાસે ૬૬મી ગુરુપૂનમ છે. તારદેવ હતા ત્યારે મેં ૧૯૬૩ની ગુરુપૂનમે પપ્પાજીને આશિષ લખવા ડાયરી આપેલી. ૧૯૬૪માં પણ આપી. એક સાધક તરીકે કેવું જીવન જીવાય તેવું મને લખી આપેલું. આજે પ્રભુકૃપામાં દર્શન કરવા ગઈ તો સ્થિર થઈ જવાયું. પપ્પાજી કહે, આજે તો મારે માંગવાનો દિવસ. દિવ્યભાવ રાખવામાં આડું આવે તે મને આપી દો.



દર વર્ષે ગુરુનું પૂજન કરીએ, યાચના કરીએ પણ થાય કે 'સ્વ' આપી દઈશું તો શેનો આનંદ કરીશું ? કર્તાપણાનો આનંદ જ હંમેશા હોય છે. પણ આપણે તો પ્રાપ્તિનો આનંદ કરવાનો. આપણું સ્વ આપવાની લગન લગાડવી. આપણે જે એકવાર સમર્પણ કર્યું તે પાછું નથી જોઈતું. લગન લાગે તો સિંહની જેમ આગળ જઈએ ને પાછળ જોતા જઈએ. હું ક્યાંય લેવાતી નથી ને ! ભક્તિ છે ? ભક્તિ માનીને કર્યું હોય તો સુખ જ હોય. બળ એનું લેવાનું. ક્યારે માંગ્યું ને એણે ન આપ્યું. એટલે બળ માંગ્યા જ કરવું.

ભક્તિરૂપ સંકલ્પ કરીએ. સત્સંગનું સુખ માણવું છે ને આપવું છે. જેવું આપણને સુખ આવે તેવું જ આપણી પાસે જે હોય તેને વારસામાં મળવું જ જોઈએ. હું એકલી ભોગવું તેવું નહીં.

આધ્યાત્મિકતામાં ત્યાગી-ગૃહીનો મેળ નથી. પપ્પાજીને આપણે સેવીએ છીએ એમના સંકલ્પે ગુણાતીત સમાજ રચાયો છે. ૧૯૮૦માં પપ્પાજી પહેલી વાર ઈંગ્લેન્ડ જવાના હતા. તો વિઝાના સ્પોન્સરમાં મહિમા લખેલો. એમ્બેસીમાં પપ્પાજીને પૂછ્યું કે બધા તમને ભગવાન માને છે ? તો પપ્પાજી કહે, એ માને છે પણ હું મને એવું નથી માનતો. એ વાત આપણે શીખવી છે. કોઈ ગમે તેટલી મોટપ આપે પણ જેટલું ભક્તિરૂપ જીવીશું તેટલી નમ્રતા આવશે. તો આપણી સાથેના મુક્તો પણ નમ્ર થશે. 'હું કાંઈ નથી' તેનાથી આપણો સત્સંગ શરૂ થાય છે. આપણે કાંઈક નક્કી કરીએ. કોઈના ઘસારામાં જવું નથી. આપણે અખંડ પપ્પાજીની સ્મૃતિ કરવી છે ને જે કાંઈ કરીએ તેમાં પ્રથમ પ્રભુ પછી પગલું. કર્તાહર્તા માનવાના જ. આ પળથી જ શરૂ કરી દઈએ.

'પપ્પાજીના પત્રો' પુસ્તકનું છેલ્લું પાનું આપણે વાંચીએ ને તેવું જીવીએ.

ધ્યેય : ખરેખરી આધ્યાત્મિક મોટાઈ હું માંગુ છું તે – બધાં જ સંબંધવાળા સ્વરૂપો મન પર લ્યો.

હું કોઈપણ સંજોગોમાં કે પ્રસંગોમાં મૂંઝવણ, વિક્ષેપ કે અભાવમાં જઈ જ શકતો નથી. ને જઉં તો તરત જ એક મિનિટમાં પાછો પ્રાપ્તિના કેફમાં જે-તે પ્રકારે આવી જ જઉં છું. ને બ્રહ્માનંદની મસ્તી માણ્યા જ કરું છું.

આ જ મારું ધ્યેય હતું ને છે. ને જે જે મુક્તો આવી મસ્તી ને પ્રાપ્તિના કેફમાં રહે છે. તેને જ હું મોટા – ગુણાતીત માનું છું.

–પપ્પા

પપ્પાજીએ પોતે અમને પ્રોમીસ આપેલું કે તમે જે વિશ્વાસ રાખ્યો છે તે હું કરી આપીશ. એળે નહીં જાય. ને ખરેખર કરી આપ્યું ને બાકી હશે તે ભાગને પણ દિવ્ય કરી દેશે. એ કોઈના ન રહ્યા આપણા રહ્યા. તો સ્થિતિ તો કરી જ લેવી. આપણે કરી લઈએ તો એ કેવા હરખાય ! આપણને જે કાંઈ ન ગમે તેમાં ભજન કરવાનું જ. બસ આનંદ કરવો છે.

ચાલો, આ મશીનની કરામતથી આપણે ઘરોઘર પહોંચી ગયા. તેઓ આપણને જુએ છે. આપણો ગૃહસ્થ સમાજ સાધક તરીકે જ જીવે છે. હે પપ્પાજી ! અમે સૌ ગુરુપૂજન એકાંતિક બનીને કરીએ એવી કૃપા કરજો. જય સ્વામિનારાયણ.

આ પર્વે આપણને સ્વામીની વાતુંમાં કહ્યું છે કે, 'કથા કરે, કીર્તન કરે, વાતુ કરે પણ હું તે આ

દેહ નહીં આત્મા તે ન માને...' એ ટકોરને ઝીલતાં ઝીલાવતાં ગુરુહરિ પપ્પાજીએ કહ્યું કે, 'તમે 'હું' નહીં પણ 'હું' આત્મા છું તેવું વર્તો. પ્રભુને કર્તાહર્તા માની તેની સત્તાનો સ્વીકાર કરો તો કાંઈ કરવાનું નથી એ વચનમૂર્તિની ધૂન લાગી જાય. તેવી ધૂન 'ઓ પપ્પાજી પ્યારા...' દ્વારા રજૂ થઈ.

★ આજે તારીખ પ્રમાણે સોનાબાનો પ્રાગટ્યદિન કે ગુણાતીતભાવ પામવાના આદર્શે જે અક્ષરપુરુષોત્તમની સંસ્થાએ યુગલ શુદ્ધ ઉપાસના સ્થાપી તેવા બ્ર.સ્વ. શાસ્ત્રીજીમહારાજને નાનપણથી ભગવાન માની સર્વ ગુણાતીતવેલાના સ્વરૂપોનું સેવન કરી આપણને આ સ્થાનમાં મહારાજના જોગરૂપ પપ્પાજીનું સ્વરૂપ ઓળખાવ્યું. તેવા બાના આશિષ લીધાં.



આશીર્દાન પ.પૂ.સોનાબા : આપણે ગુરુનું પૂજન કરવાનું. આજે ગુરુ આપણી પાસે દક્ષિણા માગે. તેમાં આપણું અહમ્, ગ્રંથિ – એ એમના ચરણે આપી દેવાની. તો ભગવાન આપણામાં રહેતા થઈ જાય. જેમ બલિરાજાના બંધનમાં ભગવાન રહ્યા તેમ આપણને ય વશ થઈ જાય. આપણે એક ગુરુના શિષ્યો છીએ. સંપ, સુહૃદભાવ, એકતા રાખવા. નિર્દોષબુદ્ધિ રાખવી. ભગવાનના ભક્તોમાં અભાવ આવે તો પ્રાર્થના કરવાની : 'તમે મારું તંત્ર દિવ્ય કરી દો.' તો એ કચરો કાઢી નાખી દિવ્ય કરી દેશે. આપણું તંત્ર અખંડ ભગવાન રહે તેવું બની જશે. મારું-તારું, માન, મત્સર બધું હોય તો ભગવાન બેસે કેવી રીતે ? માટે પપ્પાજીને ગમે છે તેમ સામે આવનારને જીવનમુક્ત માનીએ તેવું પપ્પાજી કરી આપે. પ્રત્યક્ષ સ્વરૂપને ઓળખી લઈએ તેવું કરી આપે તેવા સૌ સ્વરૂપોના, પપ્પાના ને બાના આશીર્વાદ છે.

આ પર્વે સર્વ બહેનોએ કોરોના કાળના નિયમોના પાલન સાથે થોડા થોડા બહેનો જે જે સદ્‌ગુરુ સ્વરૂપો સોંપ્યા તેમના તેઓએ પૂજન કર્યા. આ રીતે પૂજનવિધિ થઈ ને ભાવનાઓ પ્રભુચરણે ધરીને સર્વોપરી પ્રભુને પ્રાર્થના કરી કે, આજના શુભ અવસરે અમારી સર્વે ભૂલો-ગુના માફ કરી જેલો દૂધે ધોઈ દ્યો. તેવી પ્રાર્થના કરી સભાનું સમાપન કર્યું.

## તા.૮.૮.૨૦૨૧ : પ.પૂ.બાના પ્રાગટ્યદિનની ઉજવણી...



સૌના વ્હાલા સોનાબાના ૧૧૬માં પ્રાગટ્યપર્વે સુશોભનમાં શોભી રહેલું દ્રશ્ય આંખમાં, હૃદયમાં ભાવ પ્રગટાવતું હતું જે સભા સંચાલિકા પૂ.સ્મૃતિબેને વર્ણવ્યું કે જાણે મોક્ષના દ્વાર સમા સોનાબા અને એવા જ બા સ્વરૂપે બિરાજમાન કાષાંબરી વસ્ત્રોમાં શોભતા પ.પૂ.દીદી, પ.પૂ.દેવીબેન, પ.પૂ.જસુબેન આજે આપણી પ્રાર્થના સૂણવા પધાર્યા. તો ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજી, ને પ.પૂ.સોનાબા સહિત સર્વ સ્વરૂપોને સૌ દર્શનાર્થીઓના ભાવનીતરતા જય સ્વામિનારાયણ.

પ.પૂ.સોનાબાની પ્રાગટ્યની વિશેષ સ્મૃતિ માણી કાર્યક્રમનો આરંભ કર્યો. ગુજરાતના સારસા ગામમાં ૨૩.૭.૧૯૦૬, શ્રાવણ સુદ બીજે ગંગાબેન હીરાભાઈ પટેલના ઘરમાં પ.પૂ. સોનાબાનું પ્રાગટ્ય થયું. તેમના દાદી-દાદા લાલાબા-મથુરભાઈ. લાલાબા સ્વામિનારાયણના સત્સંગી. લાલાબા પિયરથી પેટીમાં સ્વામિનારાયણની મૂર્તિ,



પૂજા લઈને આવેલા તે રોજ પેટી ખોલીને પૂજા કરી લેતા. એકવાર મથુરભાઈને સ્વપ્નામાં સ્વામિનારાયણ ભગવાને સોટીનો સટાકો માર્યો ને એવું બે-ત્રણવાર બન્યું. ને કહે, 'મારું મંદિર કેમ કરતો નથી ? મૂર્તિ ક્યારે પધરાવવી છે ?' તે મથુરભાઈએ આ વાત લાલાબાને કરી. એટલે એમણે પેટી ખોલીને મૂર્તિનાં દર્શન કરાવ્યાં કે 'આ મૂર્તિ સ્વપનામાં આવેલી ?' ને મથુરભાઈએ કહ્યું, 'હા. આ જ મૂર્તિ !' ને બીજી વાત એ કે મથુરભાઈના પાંચ દીકરા – મોટા ગિરધરભાઈ ને બીજા હીરાભાઈ. એમાં ગિરધરભાઈને સુરતમાં સરકારી નોકરી મળી ત્યારે એમણે ડુંગરભગતની કથા સાંભળેલી. એ શૂરવીરતાનો દિવ્ય રણકો એમના હૈયામાં ઘૂસી ગયેલો. તે ડુંગરભગત સુરતથી વડતાલ ને વડતાલથી નડિયાદ આવ્યા. ને ત્યાં એમને ભગતજીમહારાજનો જોગ થયો. એ ભગતજીમહારાજે ડુંગરભગતનું હીર પારખી લીધું ને... એમને યજ્ઞપુરુષસ્વામી નામે દીક્ષા મળી. ને એ કોડીલા લાલ બન્યા ને એમણે અક્ષરપુરુષોત્તમની ઉપાસનાનો પક્ષ લીધો. તેથી વડતાલથી ભગવાન ભરોસે નીકળ્યા એ અક્ષરપુરુષોત્તમના જયઘોષમાં ગિરધરભાઈએ સાથ આપ્યો. એ મહાપ્રસ્થાનના વર્ષમાં જ હીરાભાઈને ત્યાં સોનાબાનું પ્રાગટ્ય થયું.

અને આ વાત સાથે સંકળાયેલ બીજી સ્મૃતિ. મહારાજના પરમહંસ શુકસ્વામી જેને શુકમુનિ કહેતા. જે ગુણાતીતાનંદસ્વામીની પ્રવૃત્તિમાં ભળેલા હતા. એમણે એક વખત મથુરદાદાને પૂછ્યું કે, 'મથુરભાઈ, વ્યવહાર કેવોક ચાલે છે ?' ત્યારે પોતે વ્યગ્ર હતા છતાં પણ સંતોષનું કવચ પહેરી રાખતા તેથી બોલી ન શક્યા. શુકમુનિ કહે, 'માંગો. શું જોઈએ છે ?' તેઓને મૌન જોઈને શુકમુનિએ કહ્યું, 'મથુરભાઈ ! તમારા પરિવારમાં પ્રગટનો મહિમા સમજાશે.'

અક્ષર અને પુરુષોત્તમના સાચા સંત આવા આશીર્વાદ આપે એ દર્શન આપણે પ્રત્યક્ષ નિહાળીએ છીએ તે છે, મથુરભાઈના પરિવારના હીરાભાઈ અને તેમના ઘરમાં પ્રગટેલ ગુણાતીત દીપ એ સોનાબા. નાની વયથી સોનાબાએ શાસ્ત્રીજીમહારાજને ભગવાન માન્યા. શાસ્ત્રીમહારાજે જ કહ્યું કે સોનાબેનને જ્યાં પરણાવશો ત્યાં એનું સંસારી જીવન ૧૫ વર્ષનું જ છે. ને એ ૧૫ વર્ષમાં એમણે પ્રગટને પ્રત્યક્ષ કર્યા અને પ્રત્યક્ષ જ રાખે તેવા સંતાનોની ભેટ આપી. ને પ્રત્યક્ષ પ્રભુના પરિવારની લીલી વાડી કરી. દિવ્ય ગુણાતીત સમાજ સ્થપાયો એટલે જ પપ્પાજી કહેતા કે '૧૦૦૦ જન્મેય ન પ્રગટે એવા સોનાબા છે.' એ દિવ્ય વ્હાલા સોનાબાનો આપણે ૧૧૬મો પ્રાગટ્યપર્વ ઉજવી રહ્યાં છીએ ત્યારે આપણે પણ જેને જે માંગવું હોય તે અને ન માંગી શકીએ તો અહીં ગુણાતીત સ્વરૂપો બિરાજમાન છે તેઓ આપણને આશિષ આપશે જ. જે બાને હંમેશા રહેતું કે મારે તો પ્રત્યક્ષ ભગવાનની ઓળખાણ જ જોઈએ છે. તેવી અમ સૌને જન્મોજન્મ પ્રત્યક્ષની ઓળખાણ થાય તેવી પ્રાર્થના સાથે વ્રતધારી બહેનો, ગુણાતીત પ્રકાશના ભાઈઓ અને સમગ્ર ગુણાતીત સમાજ વતી ગુરુહરિ પપ્પાજી તથા પ.પૂ.સોનાબાને તેમજ પ્રત્યક્ષ સ્વરૂપોને પુષ્પભાવ અર્પણ થયા.



સાથે આજના આ પ્રસંગે ગુણાતીત સમાજના કેન્દ્રોમાંથી માહાત્મ્યભાવનો પ્રવાહ ભીંજવવા પધાર્યો હતો તેથી આજે તો આપણા ભાગ્ય ખૂલ્યાં કે પવઈ તીર્થ, દિલ્હી તીર્થ, શિકાગો તીર્થ, બ્રહ્મજ્યોતિ તીર્થ અને પરમ પ્રકાશ તીર્થ આ સર્વે તીર્થોને ગુણાતીત જ્યોત તીર્થમાં માણી પરમ દિવ્યતામાં સભર થયાં એ માહાત્મ્યને માણીએ અને આશીર્વાદમાં ભીંજાઈએ.

પૂ.ડૉ.વીણાબેન : બાને પોતાના સોફામાં બેસીને બધાં સ્વરૂપોને આપણા બધા વતી સુખ, શાંતિ, આનંદથી સાધના કરીએ તે માટે આજીજી કરતા જોયા છે.



ભગવાન જ્યારે પૃથ્વી પર પ્રગટે ત્યારે પોતાનો સાજ લઈને જ પધારે છે. શાસ્ત્રીજીમહારાજ વડતાલથી નીકળ્યા ત્યારે સોનાબા જન્મ્યા. બાને શાસ્ત્રીજીમહારાજની અનન્ય નિષ્ઠા હતી. શાસ્ત્રીજીમહારાજને ભીડ પડે ત્યારે બાને કહેવું ન પડે. તેમનાથી બની આવતી બધી સેવા કરતાં. યોગીજીમહારાજના સાધુ કરવાના કાર્યમાં બાએ સાથ આપ્યો. બધા યોગેશ્વરોને સાચવ્યા. કાકાજી-પપ્પાજી સાથે એક થઈને આ બહેનોના કાર્યમાં સાથ આપ્યો. બહેનોની રખેવાળી ને જતન પ્રાર્થનાથી કર્યા કર્યું. શાસ્ત્રીજીમહારાજ કે બાપાએ કાંઈ કથાવાર્તા નથી કરી કે આમ વર્તજો. પણ ગુણાતીતની આરાધિતા. અંતરમાં તો પોતાના આરાધ્ય સ્વરૂપ અખંડ રહ્યા હોય તે પ્રેરણા કર્યા જ કરે. પોતાના હૈયામાં ધારેલી મૂર્તિને સંભારીને આખો દિવસ સ્મૃતિ કર્યા કરતા. બસ એક ચૈતન્ય ભગવાનના માર્ગે ચાલે તો એને તન, મન, ધનમાં કોઈ તકલીફ ના પડે તેવી પ્રાર્થના કર્યા જ કરતાં. આપણે પપ્પાજી-બાનું જતન પામેલા છીએ. બાને તો કોઈ વાતે ક્યાંયે મૂલવાય નહીં. એમની સંબંધનિષ્ઠા ને સ્વરૂપનિષ્ઠા જબરજસ્ત. જીવોને ધોખા-વાંધા હોય તોય ખમ્યા જ છે. બા કહેતા કે કોઈએ આપણું કાંઈ પણ કર્યું હોય તે ન ભૂલવું. એનું ઋણ ચૂકવી દેવું ને બાના જીવનમાં તેવું નિહાળ્યું છે.

હે બા ! પપ્પાજીને અખંડ હૈયામાં રાખી આખા સમાજમાં તમને ગમે તેવી સેવા કરીએ તમારી સામે જે આવે તેને તમે સુખી કરી શકતા ને એવી સેવા અમે પણ કરી શકીએ એ જ પ્રાર્થના.

પૂ.નેહલબેન દવે : ૩૦મી જૂન ૧૯૮૨ની આ વાત છે. એક હરિભક્ત હર્ષદભાઈ દેસાઈ સાથે યશવંતભાઈ દવે માધવચરણ સ્વામીના દર્શન કરવા ગયેલા. બાની તબિયત સારી ન હોવાથી બા બોરસદ હતા. તો પ્રથમ તેઓ બાને મળવા ગયા. ને તેઓએ



વાત કરી કે, 'બા અમે બોચાસણ તમારા માધવને મળવા જઈએ છીએ.' બાએ એપલ મગાવ્યા ને બે એપલ આપ્યા ને કહ્યું કે, 'લ્યો, આ મારા માધિયાને આપજો.' બીજા બે એપલ અને મોગરાનો હાર આપ્યો

ને કહ્યું કે 'મહંતસ્વામીને આપજો ને હાર પહેરાવજો અને મારા જય સ્વામિનારાયણ કહેજો.' બાની કેવી નિષ્કામ ભક્તિ તેનું દર્શન આ પ્રસંગમાં થાય છે.

જોગીબાપાની અભિપ્રાયની ભક્તિમાં જે જે ભળ્યા તે બધાની ભક્તિ કર્યા જ કરી. આ બધી સ્મૃતિઓ સાંભળતા બા યાદ આવી જાય. આવા બાનું જતન આપણે પામ્યા છીએ. ગુરુહરિ પપ્પાજી ને સૌ સ્વરૂપોની ખૂબ પ્રસન્નતા મળે તેવું જીવીએ એ જ પ્રાર્થના.

પૂ.મીનાબેન ગોએન્કા : અમારા ઘરે જ્યોતિબેન, બા આવતાં. સોનાબાની ભાષા સમજાય નહીં. બાએ સામે ચાલીને કંઠી પહેરાવી. મને કહે કે 'તું ભગવાન ભજીશ ?' હું ના પાડું તો કહે કે 'અમારે એક મારવાડી જોઈએ ને !' એમ બાના સંકલ્પે ભગવાન ભજવા આવી ગઈ. મને ધર્મજમાં જોબ મળી. બાએ ધર્મજનો



મહિમા ગાયો. મને આનંદ થવા લાગ્યો. હું બોરસદ રહેતી. ત્યાંથી આવું ત્યારે બા કહેતાં કે નાસ્તાનો ડબ્બો મારી રૂમમાં મૂકી જજે. એ રીતે બાની સાથે સંબંધ વધવા લાગ્યો. એક દિવસ બા કહે કે ધર્મજની બાજુમાં વીરસદ છે. તે મારું ગામ છે. એક દા'ડો તને જોવા લઈ જઈશ. આમ મને સ્મૃતિમાં રાખતા. બા હિન્દી બહુ સરસ બોલતા. મેં એકવાર પૂછ્યું. 'તમને આટલું સરસ હિન્દી કેવી રીતે આવડે છે?' તો બા કહે, 'હું હરિયાણા ભિવાનીમાં રહેતી હતી.'

કલેક્ટરો આવે તેને બાને મળવું જ હોય. બા કલાક સુધી હિન્દીમાં વચનામૃત સમજાવતા. તેઓને બા પાસેથી ઊઠવાનું મન જ ના થાય. એક વખત બાએ મને બોલાવી ને કહે, 'ધર્મજ જતાં બોચાસણ રસ્તામાં આવે છે, બસમાં બારીમાંથી શિખર દેખાય છે ને તે જોઈને બે હાથ જોડી માથુ નમાવીને પ્રાર્થના કરજે કે હે શાસ્ત્રીજીમહારાજ, હે જોગીમહારાજ મારા સોનાબાના જય સ્વામિનારાયણ સ્વીકારજો.' આમ ભગવાન પાસે પ્રાર્થના કરતા શીખવાડ્યું. સોનાબાની છત્રછાયામાં રહ્યા તો ક્યારે અંતરમાંથી મા-બાપ ખરી ગયા તે ખબર જ ન પડી. સાધુ થવાના પંથે ચાલ્યા છીએ તો સાચા સાધુ થઈને શોભાડીએ એ જ પ્રાર્થના.

ત્યારદબાદ પૂ.કલ્પુબેન રચિત 'પ્રાથુ હું વહાલી માને ઘડી ઘડી...' એ ભજન ગવાયા બાદ પવઈ મંડળ, દિલ્હી મંડળ, શિકાગો મંડળ તથા સ્વરૂપોના તથા કાકાજીના દશ્ય શ્રાવ્ય આશિષ માણ્યા.

પ.પૂ.માધુરીબેન : યોગીજીમહારાજનો સંકલ્પ કે બહેનો ભગવાન ભજે તો શું ખોટું ? કાકાજી, પપ્પાજીએ આ આશિષ ઝીલ્યા. બા તેમાં ભળ્યા. બાએ ખૂબ સહન કર્યું. બાએ પહેલ કરી. પહેલા પોતાની બે દીકરીઓ જ્યોતિબેન, તારાબેનને ભગવાન ભજવા માટે શૂરવીરતાથી આપી. પછી દીદી, દેવીબેન આવ્યા.



ચારે બહેનોએ શોભાડ્યું. નાના હતા ત્યારે અમે દેવીબેન ભટ્ટ સાથે જ્યોતમાં આવતા હતા. બાની રૂમમાં જતાં. જ્યોતમાં બહેનો પોતાની ટૂકડીમાં જાય ત્યારે બાને પગે લાગીને જાય. ૨૦૦-૩૦૦ બહેનો હતા પણ બાને બધાની ખબર હોય. કોઈ ના જઈ શક્યું તો તેમનું ધ્યાન હોય જ કે આજે આ છોડી નથી આવી. બીજા દિવસે બા પૂછી લેતા કે કેમ કાલે નહોતી આવી ? આમ બા બધાનું ધ્યાન રાખતાં. તેવું જ મહેમાનોનું પણ ધ્યાન રાખતા. બા શાસ્ત્રીજીમહારાજની રાધા કહેવાતા. બાએ શાસ્ત્રીજીમહારાજની ખૂબ સેવા કરી છે. એવી જ સેવા જોગીબાપાની કરી છે. બાને થાક શું તે ખબર જ ન હતી. સૌમાં બાનું છૂપુ ભજન હતું. બાએ સૌ માટે સુખે સુખે આગળ જાય તેવી પ્રાર્થના કરી છે.

પ.પૂ.ભરતભાઈ : બાનું કુટુંબ એટલે અક્ષરધામનું કુટુંબ. સોનાબાનો શાસ્ત્રીમહારાજ સાથેનો સંબંધ અદ્ભુત હતો. તે વખતે ફોન, મોબાઈલ હતા નહીં. સ્વપ્નમાં આવીને શાસ્ત્રીજીમહારાજ કહી જતાં કે અમે કાલે આટલા મુક્તો આવવાના છીએ. ને અવશ્ય



શાસ્ત્રીમહારાજ પધાર્યા જ હોય. આવો સંબંધ બાનો

હતો. કેવી શાસ્ત્રીજીમહારાજમાં શ્રદ્ધા ! દેહનાં સગાં સાથે આત્મીયતા હોય તેવી આત્મીયતા હરિભક્તો સાથે બાની હતી. દરેક સાધકના જીવનમાં બાનું સ્થાન હતું. હું જ્યારે જ્યારે વિદ્યાનગર આવું ત્યારે મને પૂછે કે 'તારું નામ શું ?' હું કહેતો કે 'ભરત.' કાકાજી સ્વધામ ગયા પછી મને કહે કે 'હવે હું તારું નામ નહીં પૂછું.' આમ સ્મૃતિ આપી ભર્યા રાખતા. સોનાબાના દિવ્યભાવને કોટિ કોટિ નમન. સોનાબાએ શાસ્ત્રીજીમહારાજ, જોગીમહારાજ, કાકાજી, પપ્પાજીનું સેવન કર્યું. સાહેબજીમાં બધા યુવકોને જોડ્યા. બાએ સૌનું ખૂબ જતન કર્યું છે. તો બધા સુખ, શાંતિ, આનંદથી આગળ વધી રહ્યાં છે.

**પ.પૂ.દિનકરભાઈ :** પવિત્ર શ્રાવણ મહિનામાં



સોનાબા પ્રગટ્યા. અક્ષરપુરુષોત્તમની ઉપાસના અર્થે શાસ્ત્રીમહારાજ વડતાલની સંસ્થામાંથી નીકળ્યા એ જ સાલમાં આ કાર્યને આગળ વધારવા મુક્ત સ્વરૂપે સોનાબા પ્રગટ્યા. શાસ્ત્રીજીમહારાજે સોનાબાને બહેનોને કંઠી પહેરાવવાની, વર્તમાન ધરાવવાની વિશિષ્ટ સેવા આપેલી. શાસ્ત્રીજીમહારાજ ગયા પછી સોનાબાએ તે બંધ કર્યું. યોગીજી મહારાજે ફરીથી આ આજ્ઞા આપી જે સેવા સોનાબાએ છેક સુધી કરી.

૧૯૬૯માં હું અમેરિકાથી લગ્ન કરવા આવ્યો હતો. સુધાના ગુરુ સોનાબા. તેમનાં દર્શન કરવાં આવ્યાં. સોનાબા ને પપ્પાજીના આશીર્વાદ મળ્યા. ૧૯૭૪માં દીકરો એક વર્ષનો થયો ત્યારે અમે ઈંડિયા આવેલા. આબુ અંબાજી ગયા. નડિયાદ પાસે એક્સીડન્ટ થયો. મને હોસ્પિટલમાં દાખલ કર્યો. ત્યાં સોનાબા ને બેન આશીર્વાદ આપવા આવ્યા હતા. સુધાને કહ્યું કે 'પ્રત્યક્ષ મળ્યા પછી આ બધું ના કરવું.' આ વાત મને પણ ગમી ગયેલી.

૧૯૮૦માં સુધા ધામમાં ગયા તે પછી મેં પણ સાધુની રીતે જીવવાનું શરૂ કર્યું. બહેનોને નહીં અડવાનું. એવો નિયમ લીધેલો. ૧૯૮૪માં ઈન્ડિયા આવ્યો ત્યારે કાકાજી સાથે વિદ્યાનગર આવ્યો. હું પપ્પાજી પાસે બેઠેલો. કાકાજી ને બા થોડેક દૂર હતાં. કાકાજીએ મને બોલાવ્યો ને મને કહ્યું કે, 'આજથી સોનાબા તમારા બા ને તેમને પગે લાગીને આશીર્વાદ લ્યો.' ને કાકાજીની આ આજ્ઞા મેં સ્વીકારી લીધી. કાકાજી રાજી થઈ ગયા. બાના આશીર્વાદ મળી ગયા.

સાહેબદાદા માટે પણ સોનાબા ને એટલો જ ભાવ. સાહેબદાદાના પ્રવચનમાં મેં સાંભળેલું કે યોગીબાપાએ સાહેબદાદાને એકવાર કહેલું કે 'આપણે સાધુ થવાનું છે.' સાહેબદાદાને વિચાર આવેલો કે સાધુ થવામાં મને વિક્ષેપ કે અડચણ રૂપે કોણ આવશે ? બંધન રૂપે કોણ આવશે જે મને સાધુ ના થવા દે ? તો કમળાબાનો પ્રેમ એટલો બધો છે કે જો એ મને ના પાડશે તો સાધુ થવાનું બહુ અઘરું પડશે.' સાહેબદાદાએ યોગીબાપાને પ્રાર્થના કરી તો કમળાબા કરતાં સો ગણો પ્રેમ સોનાબાએ આપ્યો. સોનાબાનો પ્રેમ સનંદભાઈ, અશ્વિનભાઈ, પૂનમભાઈ વગેરે ઘણા ભાઈઓએ માણ્યો છે.

બહેનોનો સમાજ ઊભો થયો તેમાં સોનાબાએ ખૂબ સાથ આપ્યો છે. તેવા સોનાબાના ગુણ આપણા સૌમાં આવે તેવી પ્રાર્થના.

**પ.પૂ.વશીભાઈ :** કાકાજી પપ્પાજીએ બહેનોનું કામ કર્યું. તેમાં નીંવ કી ઈંટ બા



બન્યા. પાયામાં પૂરાયાં એવાં બાનો આજે પ્રાગટ્યદિન છે. બા એટલે એક જીવતી જાગતી સંસ્થા. જંગમ સ્વરૂપ, બ્રહ્મસ્વરૂપ સંત બની જીવન જીવ્યાં.

શરૂઆત પોતાના ઘરથી જ કરી. પહેલી હરોળના કાંતિકાકા, જ્યોતિબેન, તારાબેનને તૈયાર કર્યા. બીજી હરોળમાં જ્ઞાનસ્વરૂપ સ્વામી, પહેલા ૫૧ સાધુ થયા તેમાં અક્ષરવિહારીને જ્ઞાનસ્વરૂપ, પછી માધવસ્વામી, ઘનશ્યામભાઈનું ઘડતર કર્યું. ધર્મિષ્ઠાબેન, સાધનાબેન, ભાવનાબેનને યોગીની સેનામાં, પપ્પાજીની સેનામાં ભળી જવાનું

કહ્યું. દુનિયાની મહાનમાં મહાન, અઘરામાં અઘરી ઘટના સાધુ થવાની. તે સોનાબાએ પોતાના કુટુંબથી શરૂઆત કરી તેના પ્રેરણામૂર્તિ બન્યાં.

તેથી આગળ બૃહદસમાજમાં શાસ્ત્રીજીમહારાજની સંસ્થામાં તે સંતોની પણ સેવા કરી. બા વિરસદ રહેતા. પ્રમુખસ્વામીજી બોચાસણ ભણવા રહેલા. તો બા રોજ તેમના માટે નાસ્તો લઈ જાય. આમ શ્રી પ્રમુખસ્વામીજી પણ બાનું જતન પામ્યા છે.

તેવું જ ગુણાતીત સમાજ. દરેક મંડળમાં ચૈતન્ય મંદિર ઘડવાના પપ્પાજીના કાર્યમાં બાએ સાથ આપ્યો. સ્વતંત્ર કાર્ય કરતા શીખવાડ્યું. તેવી જ રીતે ભાઈઓનું પણ જતન કર્યું છે. નવા નવા સાધકો જેને માનો પ્રેમ જોઈએ તે બાએ પૂરો પાડ્યો છે. બા ખાલી એકાદ શબ્દ કહે, ધબ્બો મારે તેમાં આખી સાધના જાણે સિદ્ધ થઈ જતી. સમગ્ર સત્સંગની મા, ચૈતન્ય જનની બાને જેટલું યાદ કરીએ, ભક્તિ અદા કરીએ તેટલું ઓછું છે. તેમને ભક્તો વહાલા હતાં. આખા સત્સંગ સમાજને યાદ કરે. બાને ખાલી યાદ કરીએ તો પણ કામ થઈ જાય. હે બા ! આખાય ગુણાતીત સમાજને ખૂબ બળ આપજો. આ સ્વરૂપો થકી તમે આશીર્વાદ આપજો ને બધા સુખિયા થાય તે જ પ્રાર્થના.

**પ.પૂ.આનંદીદીદી :** સોનાબા એટલે સૌની બા.



અને સોનાબા એટલે સોનું. જેની દરેક જગ્યાએ કિંમત છે. કોઈપણ ઋતુનો તેના પર પ્રભાવ નથી પડતો. બાનું જીવન સુવર્ણ જેવું જ છે. બાની વાત આવતા ગુરુજીનું હૈયું ભરાઈ આવે. આખો ગુણાતીત સમાજ બા, પપ્પા, કાંતિકાકા, કાકાજીનો છે. આજે ગુણાતીત સમાજ લીલોછમ છે તે આ સ્વરૂપોના પ્રતાપે છે.

બાનો નિર્મળ પ્રેમ ગુરુજી પણ પામ્યા છે. બાના દિવ્ય પ્રેમથી આજે ફક્ત વિદ્યાનગર જ નહીં, પણ બધાં જ સંતો, યુવકો બહેનોના જીવનમાં બાએ કામ કર્યું છે. ને બધા બાના ઋણી છે. એક વખત ગુરુજી વિદ્યાનગર પપ્પાજીનાં દર્શન કરીને બહાર નીકળ્યા. બા મંદિરના દરવાજા પાસે ખુરશીમાં ગુરુજીનાં દર્શન માટે લગભગ અડધો કલાક બેઠાં હતાં. ગુરુજીએ આ જોયું ને તેમની આંખમાં પાણી આવી ગયા.

૧૯૮૮મા મેં ભાગવતી દીક્ષા બા અને સ્વરૂપોના હાથે હરિધામમાં લીધી હતી તે મારું સૌભાગ્ય છે. શાસ્ત્રીજીમહારાજનો ગુરુ તરીકે બાએ સ્વીકાર કર્યો અને યથાર્થ સેવી લીધા. આજે બાનું જીવન દરેક સાધક માટે આદર્શરૂપ છે કે ગુરુ સાથે કેવું જોડાણ હોવું જોઈએ. બહેનોના ભગવાન ભજવાના માર્ગની પોતાની બે દીકરીઓથી શરૂઆત કરી. ગુણાતીત સમાજનું સર્જન કરવામાં બા એકદમ યાહોમ થઈ ગયા. ખૂબ સહન કરવાનું આવ્યું પણ તેમની દઢ સ્વરૂપનિષ્ઠાના લીધે તેમને કોઈ પ્રસંગ હલાવી ન શક્યો.

એક વખત બા દિલ્હી આવ્યા હતા. સાથે પપ્પાજી, જ્યોતિબેન હતા. શાસ્ત્રીનગરમાં કોઈ ફેક્ટરીમાં પધરામણીએ જવાનું હતું. મારું પૂર્વાશ્રમનું ઘર ત્યાં જ હતું તેથી હું પરિચિત હતી. તેથી હું સાથે ગઈ. મેં કહ્યું કે, 'અહીંયા મારું પૂર્વાશ્રમનું ઘર છે.' જ્યોતિબેન કહે, 'ચાલો, જઈએ.' મેં કહ્યું, 'ના. તમારું અપમાન કરશે.' તો કહે, 'કશું નહીં. મારશે તો નહીં ને.' આશ્ચર્યની વાત તો એ કે અમે ગયા તો મારા ફાધરે પોતે ફ્રુટ સમારીને તૈયાર કરીને આપ્યું. આ બધો પપ્પાજી, બા, જ્યોતિબેનનો પ્રતાપ હતો. બાકી તે આવું કરી જ ન શકે.

૧૯૯૩માં કાકાજીના અમૃતપર્વ નિમિત્તે પવઈ ગઈ હતી. હું બાને પગે લાગી તેમના ખોળામાં માથું મૂક્યું. એ મૂર્તિ મારી રૂમમાં રાખી છે તેનાં દર્શન રોજ કરું છું.

અધ્યાત્મ માર્ગમાં ઉતાર-ચઢાવ તો આવે જ છે. જો ગુણાતીત સ્વરૂપના જીવનનું મનન ચિંતન કરીશું તો આપણી પૂર્ણાહુતિ આ જ જન્મે કરાવી દેશે. હે બા ! તમે પ્રત્યક્ષ સ્વરૂપનું માહાત્મ્ય સમજી પ્રાપ્તિનો આનંદ રાખ્યો છે તો ગુણાતીત સમાજના અમે બધાં જ બહેનો તમારી શોભા વધારીએ તેવું બળ આપજો.

**પૂ.શાહભાઈ :** નાનપણથી સોનાબાના ખોળામાં મોટા થયા. ઘણાં પ્રસંગોમાં બાની હૂંફ મળી છે.



૧૯૯૦માં નવા પ્રભુકૃપાનું બાંધકામ ચાલુ હતું. ત્યારે બાએ જણાવ્યું કે જે કોઈ આમાં સેવા કરશે તે સુખિયા થઈ જશે.

અમારી પાસે થોડીક બચત હતી તે બાને આપી. બા ખૂબ રાજી થયા. અમે નીકળ્યા પછી અમારા કવરની ભેટ પોતે પપ્પાજીને ધરી. બીજે દિવસે અમે પ્રભુકૃપાની સેવામાં આવ્યા ત્યારે પપ્પાજી દરવાજે બેઠેલા. અમને જોઈને કહે કે મારું પ્રભુકૃપાનું મંદિર પૂરું થયું... એમ થાય કે આટલી નાની સેવા કરી તો બાએ પ્રભુ સુધી પહોંચાડી ને સુખી કર્યા... બા, તમે ખૂબ કાળજી લીધી છે તો તમે રાજી થાવ એવું અમારું જીવન બને એજ પ્રાર્થના.

પ.પૂ.શાંતિભાઈ : ભગવાનનું જે સ્વરૂપ, ભગવાનને જે ધારે, ૨૪ કલાક ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરવા જીવે, સંબંધમાં આવનારને ભગવાન આપે તેવા સ્વરૂપનું દર્શન એટલે બા. બાને હંમેશા સ્ત્રી-પુરુષના ભાવથી પર અનુભવ્યા છે. સ્ત્રીના દેહમાં બ્રહ્મસ્વરૂપની સ્થિતિનાં દર્શન કર્યા છે. શાસ્ત્રીજીમહારાજની સાથે સોનાબાના કુટુંબીજનો જોડાયેલા હતા. બાએ શાસ્ત્રીજીમહારાજને પિતા તરીકે જોયા. બાપ એટલે લૌકિક બાપ નહીં, આત્માનો પિતા. યોગીજીમહારાજમાં શાસ્ત્રીજીમહારાજ જેવા જ ભાવથી દર્શન કર્યું. એ જ દર્શન કાકાજી, પપ્પાજી, પ્રમુખસ્વામીજી, મહંતસ્વામીજી, સાહેબજીમાં કર્યું. સાહેબ તો ઘણીવાર કહે કે સોનાબાએ મારો દીકરા તરીકે સ્વીકાર કર્યો ને દેહની મા ખસી ગઈ ને બા બેસી ગયા.



બાએ સંબંધવાળા બધાની સેવા જ કરી છે. સ્ત્રીઓ માટે એમનું જીવન આદર્શ હતું. કોઈનો દોષ દેખાય જ નહીં, દિવ્ય જ મનાય. આશીર્વાદ તો એટલા આપે, પ્રેમ એટલો છલકાવે કે તે જીવ યોગીજીમહારાજને સમર્પિત થાય, સાહેબના ચરણે સમર્પિત થાય. શરૂઆતમાં ૩૦ યુવકોને બાના આશીર્વાદ, પ્રેમ ખૂબ મળ્યા છે. બા બધાને ભેગા કરે, વાતો કરે, ફેક્ટરીએ જાય, અહીં આવે તો પ્રસાદનો મોટો ડબ્બો લઈને આવે. બાએ અમને સાહેબનો મહિમા દ્રઢ કરાવ્યો છે.

આવી પવિત્ર મા. એ કોઈના માથે હાથ મૂકે ને એના હૈયામાં ભગવાન બેસી જાય તેવી મા.

હે બા ! તમારી કૃપાથી શાસ્ત્રીજીમહારાજ, યોગીજીમહારાજનો મહિમા સમજાવ્યો. સાહેબજીના સ્વરૂપનું દર્શન કરાવ્યું. ને શીખવ્યું કે અંદર એક રહો, ભજન કરો તો સમાધાન મળશે. કોઈના દોષ ના જોવા. ભેંસના શીંગડા ભેંસને ભારે, બહુ થાય તો એના ધણીને ભારે. બા સમગ્ર જીવન એવું જીવ્યા. સૌને પ્રેમ આપતા'તા. એમનો આખો પરિવાર એવો. ગુણાતીત સમાજની શરૂઆત બાના ઘરથી થઈ. બાને વંદન છે. એમણે કૃપા કરીને અનુપમ મિશનને કેટલું બધું આપ્યું છે ! બાના સમગ્ર કુટુંબે પોતાનું સમગ્ર સત્સંગને આપ્યું છે. એવા સોનાબાને કોટિ કોટિ વંદન, પ્રણામ.

આશીર્દાન પ.પૂ.દેવીબેન : સોનાબા ! નામ જ કેટલું સરસ ! બધાંને થાય કે મારા બા છે. આવા શાસ્ત્રીજીમહારાજ, જોગીમહારાજ, પપ્પાજી, બા મળ્યા ! ખૂબ નસીબદાર! બાએ દરેકના જીવનમાં અદ્ભુત કાર્ય કર્યું. આપણે અનુભવ્યું છે. કાંઈબી હોય તે બા પાસે જાય એટલે શાંતિ શાંતિ લઈને આવે.



પપ્પાજી કહેતા ૧૦૦ પુરુષોને મારીને બા બનાવ્યા છે. ખૂબ શૂરવીર. શરૂઆતમાં કેટલાં પ્રસંગો બનતાં... મોટા મોટા કમિટીના મેમ્બર આવ્યા હોય પણ બા કાંઈ નીચું જોખે નહીં. બધાને સમજાવી દે... પપ્પાજી કહેતા ૨૪ કલાક મારી સ્મૃતિ કરતાં હોય તો તે સોનાબા. એ બા કેવું ચિંતવન કરતા હશે !

હે સોનાબા ! તમે અખંડ પ્રત્યક્ષ સ્વરૂપમાં જ રહ્યા છો તેમ અમને પણ એવી શક્તિ આપો. ઈંદ્રિયો અંતઃકરણ, ચિત્ત બધું જ પ્રત્યક્ષ સ્વરૂપમાં જ રહે.

ને પપ્પાજીના સંકલ્પ પ્રમાણે પરમ ભાગવત સંત થઈ જઈએ તેવા બળ, બુદ્ધિ ને પ્રેરણા અર્પો એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.બા :** કેવળ કૃપાથી જ આ બધું થયું છે અને હજી જે બાકી છે તે એમની કૃપાથી જ નીકળી જવાનું છે. યોગીજીમહારાજ કહેતા'તા સમૈયો હોય ત્યારે કે આજ સુધીનું જે બધું હોય એ માફ. જેલો



દૂધથી ધોઈ નાખી. એમ આજે પપ્પાજીએ કહ્યું. આજ સુધીનું બધું માફ. આજથી નવો જન્મ થઈ ગયો. બધાને મહિમાએયુક્ત જોઈએ. સામે આવનાર મુક્તમાં મહારાજ જોઈએ. જે કોઈ સ્વરૂપના સંબંધવાળા હોય, મારા બાપના સંબંધવાળા છે ને ! એમ આપણે એક બાપના છીએ એવું માનીને વર્તવું. તો પપ્પાજી રાજી થશે. આપણા સૌના ઘર ને દેહ મંદિર બની જાય, કોઈના દોષ દેખાય નહીં. એવી દ્રષ્ટિ મળી જાય એ જ પ્રાર્થના ને આશીર્વાદ.

**આર્શીદાન પ.પૂ.કાકાજી :** સોનાબા એ ટોટલ થીંકીંગ પ્રોસેસ. પ્રકૃતિનું સમૂળું રૂપાંતર જ્યોતિબેન-તારાબેનથી શરૂ થયું. કાંતિ જેવો એકનો એક દીકરો આપી દીધો તો ઘણા દીકરાની મા બન્યા છે. બહુ અઘરું છે. એવા ગુણાતીત સમાજની મા પપ્પાજીએ સ્થાપી. એની પ્રતિષ્ઠા કરી. મને જરા



ઈચ્છા થયેલી કે હું નર્યો પ્રેમનો સાગર, એમાં મારી જગ્યાએ આ બાને કાં મૂકી મારા વડીલે. પણ હવે અમારે એક જાતની એકતા તો હતી જ. મારી જગ્યાએ બાને મૂકી દીધા. અમારો સનંદ એનું રૉકેટ તૂટે ત્યાં બાનો નીતરતો પ્રેમ કામ કરે. બા ન હોત તો અમે આ કાર્ય કરી શકત નહીં. લુખ્ખા રહેત. અમારી જ્ઞાનની સમાધિ સહરાના રણ જેવી શુષ્ક રહેત. બા એમના પ્રેમના ચૈતન્ય પ્રવાહની અંદર સૌને ઝબકોળી સૌને ડીવાઈન બનાવી દે. તેમાં આપણે ભેગા મળીને કામ કરીએ. ચૈતન્યપ્રવાહો હળીમળીને સંયુક્તભાવે, એકાત્મભાવે બધા જ કામ કરીએ એવી ગુરુચરણે પ્રાર્થના.

**આશીર્દાન પપ્પાજી મહારાજ :** ૧૦ વર્ષની ઉંમરે બાએ શાસ્ત્રીજીમહારાજને ભગવાન માન્યા તે માન્યા. બા પ્રેમાળ છે, ભોટ નથી. બુદ્ધિશાળી, સમજુ, કૃતનિશ્ચયી છે. બા



કહે શાસ્ત્રીજીમહારાજ એટલે શાસ્ત્રીજીમહારાજ. એવી ટક્કર ઝીલી. એકધારા વળગી રહ્યા. શાસ્ત્રીજીમહારાજે જબરજસ્ત ભીડામાં બાને લીધા. સમજ ન પડે, શાસ્ત્રમાં ન આવે તેવા મનુષ્યચરિત્ર દિવ્ય માન્યા. એ ને એના સંબંધવાળા દિવ્ય. યોગીજીમહારાજમાં પણ એવી ને એવી નિર્દોષબુદ્ધિ રાખી. શાસ્ત્રીજીમહારાજ જેવો ને જેવો જ સર્વોપરીભાવ યોગીજીમહારાજમાં બેસે તે અનાદિ મુક્ત વગર ના થાય. અલ્પ સંબંધવાળાની સેવા કરી. કોઈના પ્રકૃતિ, સ્વભાવ મન પર ન લીધા. તેવું ને તેવું કાકાજીમાં. બધું સમજે. સમજણેયુક્ત પ્રીતિ. એકધારી સંબંધવાળામાં નિર્દોષબુદ્ધિ રાખી સેવા કરી. કશું મન પર ન લીધું. બા ગુણાતીત ભાવમાં રહેતા થઈ ગયા. ભગવાન ને ભક્તના ગુણ ગાયા કર્યા ને સેવા કર્યા કરી. તો બા ખાટી ગયા. અક્ષરધામની સમાધિમાં રહી બા ગુણાતીત સમાજ માટે માળા ફેરવી રહ્યા છે. ૨૪ કલાક બા ભજન કર્યા કરે છે. તેમના રૂંવાડે રૂંવાડે ભગવાન છે. એ સંકલ્પ કરે રાખે છે. તે આપણે ઝીલીએ. પોતાના જીવનું કરી લઈએ. ગુણાતીત સ્વરૂપ સાથે આત્મબુદ્ધિ ને પ્રીતિ છે. યથાર્થ સેવીએ તો એના જેવા ગુણ આવી જાય. નિર્દોષબુદ્ધિએયુક્ત સેવા કરી એમને સેવી લઈએ. સેવવામાં ગ.મ.૨૮ વચનામૃત. આટલું સમજીને કર્યા કરીએ. અંતરદ્રષ્ટિ ને જાગ્રતતા રાખીએ. બધાએ એ જ કર્યું છે. આપણે એ જ કરીએ. અખંડ માહાત્મ્યમાં રહેતા થઈ જઈએ. એવી હાં હાં ગડથલ કરવાનું બળ મળે એ જ પ્રાર્થના ને આશીર્વાદ.

## તા.૯.૮.૨૦૨૧ મહાપૂજા સ્મૃતિદિન...



શ્રી અક્ષરપુરુષોત્તમાય નમોનમ :
પ્રત્યક્ષ ગુરુહરિ પપ્પાજી મહારાજાય નમોનમ
પ્રત્યક્ષ ધામ, ધામી, મુક્તોને નમોનમઃ

શ્રીજી મહારાજના અંતર્ધાન થયા પછી ભક્તોના વિરહને દિવ્યશાંતિ આપવા ગઢડામાં શ્રી ગોપાળાનંદ સ્વામીએ મહાપૂજા શરૂ કરી. ત્યાર પછી જૂનાગઢમાં શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ ગોંડલ અક્ષરદેરીમાં બ્ર.સ્વ. શાસ્ત્રીજી મહારાજે અને મુંબઈ દાદર મંદિરમાં બ્ર.સ્વ. યોગીજી મહારાજે પૂ.ભગવતરાયભાઈ દવે પાસે શરૂ કરાવી. ને તારદેવમાં પપ્પાજીએ હંસાદીદી પાસે શરૂ કરાવી. જેને નિષ્કામ મહાપૂજાનું બિરૂદ મળ્યું. તે દિવસથી રોજ મહાપૂજા થાય છે. તેમાં શરૂઆતમાં શાસ્ત્રોક્ત વિધિથી ૫૦૦ પરમહંસોના આવાહ્નથી થતી હતી. જે મહાપૂજા તારદેવમાં પ્રત્યક્ષ ધામ, ધામી, મુક્તોના આવાહ્નથી શરૂ થઈ. જેમાં સંબંધવાળા મુક્તોના નામ બોલાય છે. મહાપૂજામાં શ્રદ્ધા રાખી મહાપૂજા કરાવનાર સૌ હરિભક્તોને અભિનંદન.

મહાપૂજાને પપ્પાજીએ મોટામાં મોટી સેવા કહી છે. જે આજે તો સ્વરૂપો, સંતો, બહેનો, યુવકો કરે છે. તેમ ઠેર ઠેર ચૈતન્ય માધ્યમો અને હરિભક્તો પણ મહાપૂજા કરવાના નિયમો લે છે. ઘરમાં વિધિસર ન થાય તો સેવા કરતાં કરતાં, વાહન ચલાવતા, ચલાવતા પણ મહાપૂજા કરે છે. જેના ફળસ્વરૂપે આપણે સૌ પ્રગતિપંથે દોડી રહ્યા છીએ. 'સદા સર્વદા સર્વનું સર્વ રીતે મંગલ થાઓ' તે વાઈબ્રેશન આપણી આજુબાજુ ફરી રહ્યા છે. એને માણીને સંકલ્પ કર્યા છે કે અમે પરમ ભાગવત સંત બનવા ને એકાંતિક ધર્મ સિદ્ધ કરવા તરફ દઢતા રાખી જીવન જીવીએ. ને સૌ સ્વરૂપોની પ્રસન્નતા પામીએ.

આવા સંકલ્પ સાથે સ્વરૂપોના પૂજન કર્યા. આજની મહાપૂજામાં ૧૫ યજમાનો બિરાજમાન થયા. પૂ.કલ્પુબેન દવેએ મહાપૂજાનો આરંભ કર્યો. જેમાં આવાહ્ન, સંકલ્પ, થાળ, આરતી, મુક્તોની નામાવલિ બોલી પ્રભુચરણે પ્રાર્થનાઓ ધરી. ત્યારબાદ સ્વરૂપોના આશિષ લીધા. તેનો સાર માણીએ.

**આશીર્દાન પ.પૂ.દેવીબેન :** તારદેવમાં પ.પૂ.દીદી પાસે પપ્પાજીએ મહાપૂજા શરૂ કરાવેલી. પપ્પાજીએ આપણને ભગવાનમાં રહેવાનું કેટલું સરસ આપી દીધું!



દીદીએ પપ્પાજીને કહ્યું કે, 'આ બધા પરમહંસોના નામ...? આમાં કંઈ સુખ નથી આવતું. આમાં તમે ક્યાં છો ?' પપ્પાજી કહે, 'શંખમાં હું છું ને ઘંટડીમાં તું.' પછી તો દીદીનો આનંદ સમાય નહીં. દીદી જે કરે તે બધું પરફેક્ટ કરે. ફૂલ એટલા ઓછા હોય પણ પાંખડી એટલી સરસ ગોઠવે કે આપણે ખુશ થઈ જઈએ. આમ દીદી ખૂબ રસીકતાથી, ભાવથી મહાપૂજામાં ખોવાઈ જતાં. એ આ મહાપૂજા.

આખા સમાજની નામાવલિ બનાવી છે. તે દરેક સદ્‌ગુરુસ્વરૂપો વાંચે ને પ્રાર્થના કરી બળ પમાડે છે.

બધા ભક્તો અક્ષરમુક્ત થઈને જીવે છે. ધર્માદો કાઢે છે. તો તેમના યોગક્ષેમની જવાબદારી મહાપૂજા દ્વારા આપણે બજાવી રહ્યા છીએ. એકબીજાના સુખે સુખી, દુઃખે દુઃખી થઈને અરસપરસ રહીએ છીએ. આખા સમાજ માટે રોજ માયાબેન, પ્રસન્નાબેન મહાપૂજા કરે છે. અહોહો ! આજે વાર્ષિક મહાપૂજાનો કાર્યક્રમ કેટલો સરસ થયો ! સુખ, શાંતિ, આનંદથી બધા ભગવાનમાં રહે તેવી સામર્થી મહાપૂજા કરીને બક્ષી. તો આપણે સંપ, સુહૃદભાવ, એકતા રાખીને જીવીએ છીએ ને જીવવાનું છે. બસ. આનંદ કર્યા કરીએ. આપણને પપ્પાજીની મૂર્તિમાં રહેવાનું ખૂબ બળ મળ્યા જ કરે તેવી તેમના ચરણે પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.જસુબેન :** આપણે સૌ પુરુષોત્તમનારાયણના છીએ. આપણા એક એકના જીવમાં પપ્પાજીએ સ્થાન લીધું છે. રજમાત્ર ખાલી નથી કે જ્યાં નારાયણ, પપ્પાજી ના હોય. જીવ, પ્રાણીમાત્રમાં છે. આપણે ખરેખર ખૂબ ભાગ્યશાળી છીએ. બસ આપણે તો એટલો જ આનંદ કર્યા કરવાનો કે પપ્પાજી મળ્યા ! સર્વોપરી પ્રાપ્તિ થઈ ગઈ ! તેવા કેફમાં રહેવું. આપણને આ પપ્પાજી અને મોટેરાં સ્વરૂપોનો સંબંધ થયો એ જ પૂર્ણાહુતિ. એટલે આનંદ કર્યા કરવો છે. બાકીનું કામ પ્રભુને કરવા દઈએ. આટલું જ કરવું છે. આનંદ કર્યા કરવો છે. આ મહાપૂજાથી બળ મળતાં બધા જ ચૈતન્ય મંદિર મનાઈ જશે. આચારસંહિતા પ્રમાણે સાચું જીવન જીવવાનું પપ્પાજી સૌને બળ આપે તેવી પ્રાર્થના.



**આશીર્દાન પ.પૂ.દીદી :** આજે ખૂબ સરસ મહાપૂજા થઈ. બહુ આનંદ આવ્યો. આટલા બધા કલાક સરળતાથી ભગવાનમાં રહેવા મળ્યું.

૮.૮.૬૪ના મહાપૂજા શરૂ કરી ત્યારે શ્રાવણ સુદ પડવો હતો. આજે પણ શ્રાવણ સુદ પડવો છે. એ જ તિથિ. ચાલો, પપ્પાજીને રાજી કરવા છે. તે માટે બધામાં ભગવાન જોઈશું, હઠ, માન, ઈર્ષા મૂકીશું તો રાજી થશે. આજની મહાપૂજા જોઈ મને તારદેવની સ્મૃતિઓ તાજી થઈ ગઈ.



યાદ રાખવું કે આપણે ભગવાનના છીએ. એકાંતિક ધર્મ સિદ્ધ કરવા આવ્યા છીએ તો તે સિદ્ધ કરવાના હેતુથી મહાપૂજા શરૂ કરાવેલી. પહેલા બીજી સિદ્ધિઓ માટે, આલોકના સંકલ્પો માટે બધા મહાપૂજા કરાવતા. પપ્પાજીની જેમના જેમના પર દૃષ્ટિ હતી તેને એકાંતિક બનાવવા જ. તેથી તેમની નામાવલિ તૈયાર કરાવેલી. ને તેમના નામ મહાપૂજામાં બોલાવતા ને બળ પમાડતા. આમ ઉત્સવની જેમ મહાપૂજાનો પ્રારંભ તારદેવમાં થયેલો.

નિષ્કામ મહાપૂજા. એકાંતિક ધર્મ સિદ્ધ કરવાનું આપણું નિશાન છે. તે ચૂકવું નહીં. મારે શું બનાવાનું છે તે હંમેશા વિચારવું ને વર્તવા પ્રયત્ન કરવો. આચારસંહિતામાં દેહના ધર્મ ને આત્મારૂપ થઈને કેવી રીતે જીવાય તેના ધર્મ આપેલા છે. તે નજર સમક્ષ રાખીએ. આપણે કોઈ જેવા તેવા નથી. પૂર્વના છીએ. નિશાનનું લક્ષ ના હોય તેથી માન-અપમાનમાં લેવાઈ જવાય. તેનાથી આપણે પર થઈ જવું છે. પર થઈશું તો ભગવાનને જે સુખ આપવું છે તે લઈ શકાશે. માટે જાગ્રત રહી ધ્યેય સિદ્ધ કરવું જ છે.

કર્તાપણાનો આનંદ આપણને ધ્યેય ભૂલાવી દે છે. પણ પપ્પાજીની કૃપા છે કે તે ધ્યેય યાદ કરાવે છે.

નિશાન ચૂક માફ, નહીં નિશાન નહીં માફ.

માટે ધ્યેય તરફ દૃષ્ટિ રાખીએ. ધ્યેયલક્ષી જીવવા માટે બળ મળે તે માટે પપ્પાજીએ મહાપૂજા શરૂ કરાવેલી.

અત્યારે માયાબેન મહાપૂજાની મોટી સેવા કરી રહ્યાં છે. દેહભાવથી પર જવાનું બળ આપે છે. પપ્પાજી રોજ જ બધા સદ્‌ગુરુઓના નામ લઈને બપોરે મહાપૂજા કરતા'તા. તો પપ્પાજીના વચન પ્રમાણે જીવીએ. બળ મેળવવા મુક્તોના નામ બોલી મહાપૂજા કરીએ. તેના પરિણામે આપણા પ્રકૃતિ-સ્વભાવ દિવ્ય થઈ જશે.



મોટેરાં જેવા ગુણ પ્રાપ્ત કરવા છે. તેના માટે આચારસંહિતા પાળીએ. ગુરુને અંતરયામી માનીને જીવીએ. આપણા સ્વભાવ, પ્રકૃતિનું રૂપાંતર કરે, માન, સ્વાદ, સ્નેહ, લોભ, કામ ખોદે ત્યારે ગુણ લેવાય તે માટે મહાપૂજા શરૂ કરી. દેશ-પરદેશમાં જેટલા મુક્તો છે તેમના નામ લઈને ગુરુઓ મહાપૂજા કરે છે. ને બળને



**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** ૮.૮.૧૯૬૪ની સાલમાં તારદેવમાં નિષ્કામભાવની




મહાપૂજા શરૂ થયેલી. નોકરી જોઈએ. બીમારી દૂર કરવા, ધંધા, વિવાહ વગેરે દરેક કંઈક કંઈક માટે માનતા માની મહાપૂજા કરાવતા. આવી આલોકની માંગણીઓ માટે અત્યાર સુધી આવી આવી મહાપૂજા ચાલી. અત્યારે આપણે શું માગવું તેવું ઉગ્યું. સંતોએ ધીમેધીમે ઉગાડ્યું. ભગવદીની ગોદ વગર સૂઝ ના પડે. તે સૂઝ આપણને આવા મોટેરાં બહેનોએ પાડી. માટે એકાંતિકનો પ્રસંગ કરી લેવો. જેથી યથાર્થ સ્વરૂપનિષ્ઠા થઈ જાય. આપણે અખંડ વૃત્તિ ભગવાનમાં રાખવી છે. તેમ કરવાથી પરિણામ શું આવશે ? તો ગોલોક વૈકુંઠ, શ્વેતદ્વિપ, બદ્રિકાશ્રમ, બધા જ લોક દેખાઈ જશે. વચ. ગ. છે.૨ પરોક્ષને વિશે પ્રતીતિ છે તેવી પ્રત્યક્ષને વિશે થઈ જશે. આપણે પમાડે છે. મહાપૂજા ખરેખર ખૂબ ચમત્કારિક છે. આ બધા પ્રત્યક્ષ સ્વરૂપો ભગવાનને ધારીને, મન લગાડીને મહાપૂજા કરે છે કે ભગવાન આ સંબંધવાળા સૌને નિર્દોષબુદ્ધિ દઢ કરાવો. આચારસંહિતા પાળવાનું ઊગે. ભગવદીનો પ્રસંગ કરવાનું ઊગે તે માટે મહાપૂજા કરીએ છીએ. જે પ્રત્યક્ષ સ્વરૂપો સાંભળે છે. સૌ સુખેથી સાધના પૂરી કરે તેવું બળ મળે તેવી પ્રાર્થના ગુરુઓ કર્યા જ કરે છે. તો સુખે સુખે આનંદે આખોય ગુણાતીત સમાજ ભગવાનમાં રહેતો થઈ જાય ને મોટેરાં જેવું સુખ આનંદ ભર્યા માર્ગે ભોગવતો થઈ જાય એ જ પ્રાર્થના.





★ તા.૭.૮.૨૦૨૧ના રોજ ગુણાતીત પ્રકાશના વ્રતધારી ભાઈઓએ વાર્ષિક મહાપૂજા સ્મૃતિદિન નિમિત્તે પરમ પ્રકાશમાં મહાપૂજા કરી પોતાના પ્રાર્થનાભાવો પ્રભુ ચરણે ધર્યા.

## તા.૨૬.૭.૨૦૨૧ : ગુણાતીત સમાજના જ્યોતિર્ધર પરમ પૂજ્ય હરિપ્રસાદસ્વામીજીનો બ્રહ્માંડ પ્રવેશ...



દીક્ષા અર્પી અહો ગુણાતીત સમી જેને ગુરુ જોગીએ;
કાકા ને વળી આપ દિવ્ય હ્રદયનું અદ્વૈત અનોખુ જ છે;
ભેદે સાક્ષી અનંતના સ્વરૂપ આ શાસ્ત્રીમહારાજનું;
એવા સ્વામી હરિપ્રસાદ ચરણે વંદન સદા હું કરું.

દરેક યુગપુરુષો કોઈ વિશિષ્ટ યુગકાર્ય સાથે જ પૃથ્વી પર પધારતા હોય છે. 'પુત્રના લક્ષણ પારણામાંથી' એ ન્યાયે પ.પૂ.સ્વામીજીની (પ.પૂ. પ્રભુદાસભાઈ) પ્રતિભા નાનપણથી જ અત્યંત તેજસ્વી હતી. ખૂબ જ ધર્મપરાયણ અને સંત સેવા પ્રધાન જીવન જીવનારા માતા-પિતાને ત્યાં ઘણાં સાધુ, સંતો અને મહંતો આવતા ને રહેતા. પ્રભુદાસ એ બધાના વર્તન, સ્વભાવ અને નિત્યક્રમ ઝીણવટથી નિહાળતા. પણ એમની મેધાવી બુદ્ધિપ્રતિભાને કોઈનાય વ્યક્તિત્વથી સાચુ સમાધાન મળ્યું ન હતું. પોતાની માત્ર નવ, દશ વર્ષની ખૂબ જ નાની વયે ભારતવર્ષના એક પ્રસિધ્ધ મંડલેશ્વર સ્વામી મહેશ્વરાનંદજીને એમણે પ્રશ્ન પૂછેલો કે, 'ગુરુજી! ગીતાજીના સ્થિતપ્રજ્ઞસ્ય કા ભાષા' એ શ્લોકનો અર્થ મને સમજાવશો ?' એ સ્વામીજી તો આ નાનકડા બાળકના અદ્‌ભુત પ્રશ્નથી દિંગ થઈ ગયેલા. દશ વર્ષની વયના બાળકો તો અબુધ હોય અને રમતગમતમાં વ્યસ્ત હોય. છતાં એ ઉંમરે આવો ગહન પ્રશ્ન નિધડકપણે પૂછનારના વિલક્ષણ વ્યક્તિત્વની સહજ જ કલ્પના આવી શકે !

સમય જતાં ૧૯૫૪માં વિદ્યાર્થી અવસ્થામાં અભ્યાસને માટે પોતાના બનેવીને ત્યાં આણંદ રહેવા જવાનું થયું. 'A leader is always born, he is not made.' એ પ્રસિધ્ધ કહેવત પ્રમાણે મિત્રમંડળમાં અને સગાં સંબંધીઓમાં એ ખૂબ જ જુદા તરી આવતા. અભ્યાસમાં અત્યંત સંલગ્નતા. ધ્યેય તરફની સચોટ એકાગ્રતા, સાથી મિત્રોમાં ખૂબ રસબસતા અને સુહૃદભાવ. સ્વધર્મ પરાયણ મહાપવિત્ર ને શૂરવીરતા સંપન્ન ચારિત્ર્ય, સ્વતંત્ર ને કુશાગ્ર બુદ્ધિ પ્રેરિત સ્પષ્ટ નિર્ણયશક્તિ અને દરિયાવ દિલની વિશાળતા એ તો તે સમયથી જ એમના વ્યક્તિત્ત્વના ઉજ્જ્વળ પાસા હતાં. જાણે કે કોઈ સુંદર પુષ્પ સર્વ કળાએ ખીલી ન રહ્યું હોય ! વિનમ્રતા અને ગુરુભક્તિ એમને ખૂબ જ ગમતા અને એવા દિવ્ય ગુણો બ્રહ્મસ્વરૂપ યોગીબાપામાં પ્રથમ દર્શને જ નિહાળવાથી એમનું હૈયું ત્યાં ઓગળી ગયું. બાપાના હેતના ધોધમાં એમનું હૈયું તરબોળ બન્યું. બાપાની મીઠાશભરી વાત્સલ્યસભર મૂર્તિ હૈયામાં સદાને માટે કંડારાઈ ગઈ. સાથે સાથે સ્વામીજીએ શ્રી યોગીજીમહારાજને પૂછી લીધું કે, 'મારે દિવ્ય જીવન જીવવું છે. નમાલું નહીં. છાતી કાઢીને જગતમાં જીવવું છે. તો એ તમે આપશો ?' બાપા કહે, 'જાવ શાસ્ત્રીજીમહારાજ કરી દેશે.' એમ કહી બાપાએ ધબ્બો માર્યો ને પ્રથમ દર્શને આત્મામાં પ્રકાશ થઈ ગયો. પરિણામે અત્યંત અલ્પ સમયમાં જ 'બાપાને રાજી કરી જ લેવા છે ને તેમના ગમતામાં જ જીવન જીવવું

છે' એવો દૃઢ ઠરાવ કર્યો. ઈ.સ.૧૯૫૫માં બાપાએ સામેથી જ સુંદર આશીર્વાદ આપ્યા કે, 'વિનમ્રતા ને ભક્તિભાવ હું બક્ષિસ આપીશ. તમારે મારી આજ્ઞામાં રહેવાનું.'

ઈ.સ.૧૯૫૭માં યોગીબાપાએ એમને ત્રણ આજ્ઞાઓ આપી. ૧. નીચે સૂઈ જવું. ૨. ઠંડે પાણીએ નાહવું. ૩. ભેગું કરીને જમવું. આ આજ્ઞાઓ આમ તો સામાન્ય જ હતી પણ ગુરુની અલ્પ આજ્ઞાનેય અતિ મહત્ત કરીને માનવી એ લક્ષણ બહુ ઓછા પાત્રોમાં દેખાય. બાપાની આજ્ઞાના પાલનમાં રંચમાત્ર મચક ન મૂકી. નાની મોટી બધી આજ્ઞાઓ સારધાર પાળી. આનું નામ સ્વરૂપ સાથેની સાચી પ્રીતિ કે સાચો સંબંધ!



બાપાએ એમને સૂચન કરેલું કે 'તમારા થકી ખૂબ કામ લેવું છે. માટે તમે શૂરવીર થજો.' તેજીને તો ટકોરો જ બસ હોય ને ! બાપાના શબ્દોના આકારે જીવની વૃત્તિ બંધાઈ જાય ને વચન એ જ જીવન બની જાય એવો એમનો સ્વભાવ હતો.

નાના મોટા અનેક પ્રસંગોમાં બાપાએ એમને પસાર કરી, સામેથી જ એક અંગત માનસપુત્ર તરીકેનો સંબંધ દૃઢ કર્યો. બાપાની ટપાલની, વિચરણ, વ્યવસ્થાની, હરિભક્તોની સેવા સરભરાની, યુવકો ને સંતોને સાચવવાની, ધર્માદાના હિસાબ રાખવાની ને મંદિરોના અંગત વ્યવહારની એવી તમામ નાની મોટી સેવાઓ બાપાએ એમને જ સોંપી. કોઈપણ કામ એમને સોંપ્યા પછી બાપા નિશ્ચિંત બની જતા.

સુહૃદભાવ જીવનું જીવન છે એ સૂત્રને એમણે જીવનમંત્ર તરીકે સ્વીકારેલું એટલે સર્વત્ર સુહૃદભાવ જાળવવા અને વધારવા પહેલેથી જ એમણે સતત પરિશ્રમ કર્યો છે. ભૂલથી પંચવર્તમાનનો લોપ કરનાર એક પાર્ષદ માટે ગોંડલ મંદિરમાં ખૂબ તંગ વાતાવરણ સર્જાયું ત્યારે તેમણે ખૂબ કડક હાથે કામ લઈને સમગ્ર પ્રકરણનો માત્ર પાંચ-દશ મિનિટમાં જ દાબી દીધું. જેના ફળસ્વરૂપે તે દિવસે જ સાંજે બાપાએ ઉમળકાથી ભેટીને આઠ-દશ ધબ્બા મારી દીધા ને કહ્યું કે, 'સુહૃદભાવ વધારવો એ ખરી સેવા છે. તમે મારી ખૂબ સેવા કરી. સુહૃદભાવ ને નિર્દોષબુદ્ધિ વધારે જાવ.' આમ જીવને જાળવવાની ને સત્સંગની ગોવાળી કરવાની કળા બાપાએ એમને સામેથી જ શીખવાડી. સ્વામીજી સેવક ભાવને જીવનું જીવન બનાવી અનેકની પ્રેરણામૂર્તિ બન્યા.

ભાવિના ગર્ભમાં સાકાર થનારી પોતાની કોઈ મહાન કલ્યાણ યોજનાના ઐતિહાસિક પ્રારંભ સ્વરૂપે ઈ.સ.૧૯૬૫ની શરદપૂર્ણિમાના મહામંગલકારીદિને યોગીબાપાએ પોતાના અતિ પ્રિય સ્થાન અક્ષરદેરીમાં એમને ભાગવતી દીક્ષા આપી. એ પ્રસંગે અંતરના ઉમળકે બાપા બોલી ઉઠ્યા કે, 'જેમ શ્રીજી મહારાજે ડભાણમાં મોટો યજ્ઞ કરી ગુણાતીતાનંદસ્વામીને દીક્ષા આપી હતી તેમ તમને દીક્ષા આપવામાં આવે છે.

દીક્ષા લીધા પછી પ.પૂ.મહંતસ્વામી પાસે દાદર અક્ષરભુવનમાં રહેવાનું થયું પણ બાપા તો એમને નિરંતર સંભારતા ને પત્રો પણ લખતાં. તા.૩.૯.૧૯૬૫ના યોગીબાપા પત્રમાં લખે છે કે...

'પ્રભુદાસ સાધુ થશે તો આખા બ્રહ્માંડ ડોલશે ને બીજા ૫૧ યુવકો દોડીને દીક્ષા લેવા આવશે...'

૧૯૬૬ પછીના સંતોના કસોટીકાળમાં પ.પૂ. સ્વામીજીને યોગીબાપાથી સતત દૂર રહેવું પડ્યું. તો વળી યોગીજીમહારાજ ૧૯૭૧માં સ્વધામ પધાર્યા. પછી વિદ્યાનગરમાં એક મીટિંગ થઈ તેમાં પપ્પાજી–કાકાજીએ નિર્ણય કર્યો કે, 'જે જે સ્વરૂપમાં જોડાયા હોય તેને સેવીને પ્રભુમાર્ગે આગળ વધે. બીજા સ્વરૂપો તેને સાથ આપે' પપ્પાજી–કાકાજીની કેવી વિશાળ દ્રષ્ટિ! સૌને પોતાના યુગકાર્ય માટે પૂરી સ્વતંત્રતા બક્ષી. તો આજે ગુણાતીત સમાજના દરેક કેન્દ્રોમાં એવા નિષ્ઠાવાન, ચારિત્ર્યવાન, ભક્તિપ્રધાન સમાજનું સર્જન થયું. સ્વામીજીએ પોતાના આશ્રિતોમાં પોતાની આગવી કળાથી, તાકાતથી ને પ્રતિભાથી ધૂન, ભજન ને કથાવાર્તા કરી, કરાવી, ને સેવા, ગુણગાન ને મહિમામાં જ ઓતપ્રોત રાખી તમામ સંતોનું જાળવીને અદ્‌ભુત જતન કરીને, આધ્યાત્મિક પ્રગતિના માર્ગે આગળ લઈને બાપા સાથેનો સંબંધ દઢ કરાવવામાં જે અથાગ પરિશ્રમ કર્યો છે તે વિમુખનારાયણના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. સ્થૂળ દષ્ટિએ બાપાથી દૂર રહેલા બધા સંતોના હૈયામાં સાંનિધ્યની અનુભૂતિ કરાવવી ને હરહંમેશ નવચેતન પ્રદાન કરવું એ તો જેણે નખશિખ ગુરુહરિને ધાર્યા હોય કે સમ્યક સેવીને જીવ્યા હોય તે પુરુષ જ તેવું અજોડ કાર્ય કરી શકે.



સ્વામીજી એક અજાતશત્રુ અને અત્યંત સર્વદેશીય સંતશિરોમણી છે. કોઈપણ વ્યક્તિ એક જ વખત સ્વામીજીના દર્શન કરે કે એમની કથાવાર્તા સાંભળે પછી એ વ્યક્તિ સ્વામીજીના દર્શનની ને સમાગમની લાલચ રોકી જ ન શકે. વ્યક્તિ પોતાની જાતનું, માનીનતાનું, સમજણનું, સત્તાનું, પૈસાનું કે વિદ્વતાનું વગેરેનું બધું ભાન ભૂલી સ્વામીજીની પ્રભુતામાં આસક્ત થઈ જાય.

બ્રહ્મસ્વરૂપ યોગીબાપાની સારધાર અનુવૃત્તિ, અભિપ્રાય અને પ્રણાલી પ્રમાણે સ્વામીજીએ ખૂબ જ વિશાળ દષ્ટિથી ઉદારતા રાખી એક મહાન ચૈતન્યશિલ્પી તરીકેનું અમૂલ્ય કાર્ય સિદ્ધ કરી બતાવ્યું છે. જે કોઈ સંબંધમાં આવે તેનું જીવન કેવળ પ્રભુમય બનાવવાનું ધ્યેય રાખી, બાપાની કરુણા દષ્ટિથી તેઓ જુદી જુદી કક્ષાઓના અનેક મુમુક્ષુઓના સાક્ષી ભેદી કુટુંબેસહિત સૌને ભગવદાભિમુખ કર્યા છે. યોગમાં આવનાર કે દર્શન કરનાર આબાલવૃધ્ધ, નરનારી સૌને મનાઈ જાય કે 'આ સ્વામી મારા છે.' વિષમ દેશકાળમાંય તેઓએ કુટુંબે સહિત સૌનાય કેફ, કાંટો ને મસ્તી નિરંતર વૃધ્ધિને પમાડ્યા છે. એ ચૈતન્યો ઉપરની તેમની એ વિશિષ્ટ પકડ. એ તેમની ગુણાતીત પ્રતિભાના અસાધારણ ઐશ્વર્યનું બહુ સચોટ દર્શન કરાવી જાય છે.

સ્વામીજી એક શ્રેષ્ઠ સર્વદેશીય સેવકની અદાથી જ વર્ત્યા છે. બહારના સમાજમાં કે ગુણાતીત સમાજમાં, જ્યાં જાય ત્યાં નાના કે મોટા સૌની સાથે સહજ જ રસબસ થઈ જાય એવો એમનો વિશિષ્ટ સ્વભાવ છે. સ્વામીજી દિલથી માને છે કે સર્વદેશીયતા એ પ્રભુને પામવા માટેનું સર્વોપરી સાધન છે. સ્વામીજી

ઘણી વખત સચોટપણે કહેતા કે 'જ્યાં ભેદ દૃષ્ટિ કે તારતમ્યતા હોય ત્યાં ભગવાનની દિવ્ય શક્તિ સંભવી શકે જ નહીં. ને જે સમાજમાં સર્વદેશીયતા ન હોય તે સમાજમાં કદાપી સેવકભાવની દૃઢતા થતી નથી. અને સેવકભાવ વગર પ્રભુ સાથેનો સંબંધ પણ શક્ય નથી.

સ્વામીજીનું કોઈ પ્રવચન કે કથાવાર્તા એવા નહીં હોય કે જેમાં એમણે શાસ્ત્રીજીમહારાજ કે યોગીબાપાને અંતરથી કોટિ કોટિ ધન્યવાદ ન આપ્યા હોય. મંદિરમાં અખંડ ધૂનના પ્રસંગે કે નાના ઠાકોરજીના પાટોત્સવ પ્રસંગે, ગોંડલના સ્મૃતિમંદિરે કે હરિધામના જ્ઞાનયજ્ઞ દેરીએ પોતે તદન રાંકભાવે ઓગળી જઈને એવા તો ગદ્‌ગદ્ થઈ દંડવત્ પ્રાર્થના કરે કે એ નિહાળી ગમે તેવી જડ પ્રકૃતિવાળી વ્યક્તિમાં પણ રાંકભાવ કે ભક્તિભાવ ઉદય થાય જ. એરોડ્રોમ ને રેલ્વે સ્ટેશન જેવા જાહેર સ્થળોએ પણ ઠાકોરજીના ચરણે દંડવત કરવાનું કદાપી ભૂલ્યા નથી. સમયે સમયે ઠાકોરજીની આરતી, પ્રસાદ, થાળ, શયન, હિંડોળા, અન્નકૂટ વગેરે નવધા ભક્તિના ક્રિયાયોગોની ખૂબ ચીવટ રખાવે ને સાચા સ્વામીસેવકભાવની સતત સૂઝ આપતા.



પ.પૂ.કાકાજી અને પ.પૂ.પપ્પાજી પાસે પણ તેઓ ખૂબ જ ભક્તિભાવથી વર્ત્યા છે. સાચા સેવકભાવે અદ્‌ભુત મર્યાદા રાખે છે. અને રખાવે છે. કાકાજી કે પપ્પાજી બિરાજ્યા હોય ત્યાં પોતે ભૂલકું બનીને બિરાજતા. કાકાજી કે પપ્પાજીએ નક્કી કરેલા તમામ કાર્યક્રમોમાં સ્વામીજીએ પોતાના કાર્યક્રમો રદ કરીને પણ કોઈપણ ભોગે સમય સાચવવાનો હંમેશા આગ્રહ સેવ્યો છે.

સ્વામીજી જગતના તેજસ્વી પાત્રોના, સંસ્થાના સંતો, હરિભક્તોના ને ગુણાતીત સમાજના નાના મોટા તમામ મુક્તોના ખૂબ જ ખુલ્લા દિલે ને મુક્ત કંઠે ગુણગાન ગાતા આવ્યા છે. સંબંધમાં આવનાર કોઈપણ વ્યક્તિ પછી ભલે તે ગમે તેવી હોય છતાં તેના ઉમદા ગુણોનું તલસ્પર્શી ને ઝીણવટપૂર્વકનું દર્શન કરવાની ને કરાવવાની સ્વામીજીની કુશાગ્રબુદ્ધિ બહુ જ અદ્‌ભુત રહી છે. એમ એમના નિકટના સહવાસથી જરૂર જણાઈ આવે. તેઓ કહેતા કે માણાવદરથી માંડીને મુંબઈ સુધી ને કન્યાકુમારીથી માંડીને દિલ્હી સુધીના સમગ્ર ગુણાતીત સમાજના નાના મોટા સૌ મુક્તોને સંભારું છું ને મારું હૈયું આનંદવિભોર બની જાય છે ને મને એમ થાય છે કે ક્યારે હું બધાની સેવા કરી લઉં અને રાજી કરી લઉં. તમે બધા પણ રોજ આવા મુક્તોના ગુણોને દિલથી સંભારો ને વિચારો તો ક્યારે નિર્દોષ, હલકાફુલ ને પરિપૂર્ણ બની જશો તેની તમનેય ખબર નહીં પડે. વિના સાધને બ્રહ્મરૂપ થવાનો આ શ્રેષ્ઠ ને સરળ માર્ગ છે. આમ 'જેનું જેટલું સારું એટલું મારું' એ ઉમદા ભાવના સ્વામીજીના સહવાસમાં રહેવાથી સ્પષ્ટપણે અનુભવાઈ છે. આવું જીવન તો સૌને સહજ જ પ્રેરણાદાયી નીવડે જ ને !

સાચા અર્થમાં તો આપણા પર એમની અપ્રતિમ કરુણા જ છે. બાકી એ તો ચિદ્‌ઘનમૂર્તિ છે. ગુણ અવગુણથી પરના પુરુષ છે. એમની પળેપળ, અનુપમ મહિમાપૂર્ણ સહજાવસ્થાની પરાકાષ્ટા જ છે.

દરેક હરિભક્ત સાથેના અંગત સંબંધનો ઈતિહાસ ને સત્સંગના સામુહિક ઉઠાવનો વ્યાપ નિહાળતા જરૂર એમ લાગે છે કે સ્વામીજીનું જીવન સાચા અર્થમાં ખૂબ જ ડાયનેમિક ને મલ્ટીડાયમેનશનલ છે. સૌની કક્ષાએ

જઈ એક સરખા ભાવથી ઓતપ્રોત થઈને ખોવાઈ જવું ને જીવદશામાં અટવાતો જીવ કદાચ ઉપેક્ષા કરે કે સાથ ન આપે છતાં સામેથી જ ગરજુ બનીને એના કલ્યાણના અપૂર્વ જતન માટે અવિરત પરિશ્રમ કે ઉદ્યમ ચાલુ જ રાખવો એ ગુણ કાંઈ કેળવ્યો કેળવાતો નથી. એ તો સ્વામીજીની જન્મજાત દિવ્ય પ્રકૃતિ છે. અગર કહો કે યોગીબાપાના આશિષની મધૂર ફળશ્રુતિ છે.

સ્વામીજી કરોડપતિના બંગલામાં કે ગરીબની ઝૂંપડીમાં એકસરખી સમતાથી વિચર્યા છે. ભક્તોના દિલને પિછાણી, દેહનો અનાદર કરી ચંદનની માફક ઘસી નાખ્યું છે. સાથે રહેનાર કે આવું જોનારને જરૂર લાગે ને હૈયામાં ગુણ આવી જ જાય કે ખરેખર ગરીબ, ગરજુ ને ગુલામ બનીને તો આપણે વર્તવાનું છે. એને બદલે સ્વામીજી વર્તી રહ્યા છે. ખપવાળા કે ખપ વગરના વ્યવસ્થિત કે હાલાપોલા, પામર કે વિષયી, મુક્ત કે મુમુક્ષુ, ગબડગંડ કે બુદ્ધિશાળી, અસલી કે નકલી. એમ સર્વ કક્ષાના અનેક જીવોને એકસરખુ પોષણ આપી આગળ લેવા રૂપી અદ્‌ભુત ઔદાર્ય કે સૌજન્ય એ એમની આગવી વિશેષતા છે. સંતની સર્વોચ્ચકક્ષા જ એ છે કે ગમે તેવો જીવ એની પાસે આવે એની કક્ષાએ પોતે જઈ એની રીતે વર્તી એને આગળ લઈ લે. તેમાં જરૂર જણાય તો લૌકિક ભૂમિકામાંય વર્તે કે અલૌકિક ભૂમિકામાં પણ એવા ચૈતન્યને આનંદ પમાડી, બળ પમાડી પ્રભુ સાથેનો સંબંધ દૃઢ કરાવે ને ક્રમશઃ સંપૂર્ણ આધ્યાત્મિક ભૂમિકામાં લઈ જઈ એને પ્રભુનો પનોતો પુત્ર પણ બનાવે ને એટલા જ માટે પપ્પાજી ઘણી વખત કહે છે કે 'અતિ મોટા પુરુષ જે કરે તે દિવ્ય. એમણે દિવ્ય કરવું જોઈએ એમ નહીં. તથા એ જે બોલે તે શાસ્ત્ર અને તે જે આજ્ઞા આપે તે સાધના એવા સ્વરૂપની પ્રાપ્તિ તે જ પરમપદ'.



વચ. ગ.મ. ૨૮માં કહ્યા પ્રમાણે ભક્તના ભક્ત થઈ રહેવું કે દાસના દાસ થઈને જીવવું એ જ ભગવાનનું કે ભગવતસ્વરૂપ સંતનું વિશિષ્ટ પ્રકારનું જીવન છે. સ્વામીજીએ સૌ ભક્તોને પોતાના દેહ કરતા અત્યંત અધિક વહાલા માન્યા છે. ભક્તોને જ પોતાના પ્રાણ માન્યા છે. કલ્પનામાંય ન આવે એવી ભીડાભક્તિ સહર્ષ સ્વીકારી, અવિરત વિચરણ કરી પોતાનું જીવન એક વિશાળ ભક્ત સમુદાયનું સહિયારું જીવન બનાવી દીધું. સ્વામીજીના આવા અવિરત દાખડાના ફળસ્વરૂપે એક અદ્‌ભુત સુહૃદયી સમાજ તૈયાર થયો. એક શૂરવીર છતાં સરળ, સુહૃદ, સર્વદેશીય અને સેવકભાવે ઉઠાવ લેનાર સમાજનું દર્શન થઈ રહ્યું છે. સમાજ એજ મોટા પુરુષનું સાચું દર્શન કે પ્રતિબિંબ છે, વિશેષતા છે.

સ્વામીજી સંતોના તો આગવા છે. સંતમંડળમાં ભિન્ન ભિન્ન રુચિ, અંગ પ્રકૃતિયુક્ત તથા પાકટ વયથી માંડીને માસુમ વયના સંતો પણ છે. છતાં સ્વામીજીએ સૌનું એવું તો જીવથી જાળવીને જતન કર્યું છે ને ટાણે ટાણે એવી તો સુંદર સંભાળ લીધી છે કે સ્વામીજી માટે ચૈતન્યજનની શબ્દ પણ વામણો લાગે. આપણને સ્વામીજીની કાર્યપધ્ધતિ, ત્વરિત નિર્ણયશક્તિ, બેનમૂન ગતિશક્તિ, અસ્ખલિત વિચરણ, સચોટ ભવિષ્યકથન, વિચક્ષણ દીર્ઘદષ્ટિ ને કડક નયન દૃષ્ટિમાં શાસ્ત્રીમહારાજની પ્રતિભાનું સુરેખ દર્શન થાય છે. જ્યારે સંતોને જાળવવાની રીતિનીતિ, પ્રેમસભર વાત્સલ્યના મહાસાગર જેવી મીઠી ગોદ ને કરુણાસભર હુફાળું સાંનિધ્ય નિહાળી એ જ સ્વામીજીમાં યોગીબાપાની તાદશ્ય સ્મૃતિ થઈ આવે છે.

સાધુતા જીવનની, મંદિરના આયોજનની ને આંતરબાહ્ય વ્યવસ્થાની કે સત્સંગના વિકાસની જેટલી જેટલી પ્રવૃત્તિ કે ક્રિયાયોગો છે તે તમામમાં એટલે કે દરેક ક્ષેત્રમાં સ્વામીજીનું એકીસાથે પ્રાવિણ્ય ને સાર્વભૌમત્વ કે પ્રભુત્વ નિહાળવા મળ્યું. એટલે જ સ્વામીજી શું શું છે ને શું નથી એ કહેવું કે નિર્ણય કરવો એ એક મહાન કોયડો છે. ચોક્કસ કહી શકાય કે વ્યવહાર અને આધ્યાત્મિક જ્ઞાન બંનેમાં પાવરધા થવું હોય તો સ્વામીજીનું જીવન અને કાર્યપધ્ધતિ કે રીતરસમ બહુ ખુલ્લા દિલે નિહાળીને સમજવા જોઈએ.



આજે સ્વામીજીના સંકલ્પે સ્ત્રી, ધનના ત્યાગી તેમ જ આત્મીય સુહૃદયી મરણિયા ને નિર્દોષબુદ્ધિવાળા સંતો, સહિષ્ણુ યુવકો, દેહનો અનાદર, ભીડાભક્તિને વ્યવહારકુશળતાની સાથોસાથ દઢતાપૂર્વક ગુણાતીત સાધુની અસલી રીતિનીતિ, સ્થિતિ તરફ ઝડપી છતાં સચોટ ગતિ કરી રહ્યા છે તે ખરેખર તો સ્વામીજીની જ શોભા છે.

એવી જ રીતે સ્વામીજી એક બહુ મોટા ગૃહસ્થ મુક્તોના સમાજના પણ પ્રાણાધાર પુરુષ છે. તેઓ આજે સ્વામીજીમાં મહાપ્રભુનું કે યોગીબાપાનું પ્રાગટ્ય અનુભવી ધન, ધામ, કુટુંબ પરિવાર બધું ન્યોછાવર કરી કેવળ સ્વામીજીના ભરોસે સંત સેવાપરાયણ જીવન જીવી રહ્યા છે. ને સંતો સાથે પણ રસબસતાની રુચિ પ્રબળ બનાવી રહ્યા છે. એ સ્વામીજીની ગૃહસ્થ સમાજ સાથેની આગવી સંલગ્નતાની સચોટ સાબિતી છે.

તો આજે હળાહળ કળિયુગમાં વિપરીત પરિસ્થિતિમાં વિષય, વ્યસન ને વહેમ રહિતનો પવિત્ર પ્રભુને જ અર્થે જીવન જીવનારો મરણિયો યુવક સમાજ ધરતી પર ક્યાંથી હોય ? છતાં સ્વામીજીના વર્ષોના એકધારા પરિશ્રમથી આવો સુંદર સમાજ આજે સાકાર બન્યો છે. યોગીબાપા કહેતા કે 'યુવકો મારું હૃદય છે' સ્વામીજી કહે છે કે, 'યુવકો મારું સર્વસ્વ છે.' એમ દિલથી માની, વાત્સલ્યસભર ભાવનાથી અસંખ્ય યુવાનોના જીવનમાં સંપૂર્ણપણે રસરૂપ બની સૌને પોતાની રીતે ને પ્રભુના કાયદે જીવાડ્યા. યોગમાં આવનાર તમામ યુવકો અને વિદ્યાર્થીઓ આળસ, પ્રમાદ રહિત થઈ અભ્યાસ, સન્નિષ્ઠ, પ્રવૃત્તિશીલ, શૂરવીર, મર્યાદાયુક્ત, સુહૃદભાવસભર, ઉત્સાહી ને નિષ્કપટ જીવન જીવી, અનુભવી સંતો સાથે દોસ્તી બાંધી, એકાંતિકધર્મ સિધ્ધ કરી ધન્ય જીવન જીવે તેવી સ્વામીજીની મંગલમય ભાવના તે સાકાર થઈ. કેટલાય યુવકોને તો દૂર રહેવા છતાં દર્શન સમાગમનો અપ્રમાણિક સંકલ્પ ઉદ્‌ભવ્યો જ નથી. ને ખૂબ જ શિસ્તપૂર્વક, આનંદસભર હૈયે સંતોના સૂચન પ્રમાણે સુંદર સેવા ઉઠાવી લીધી. એવા કેટલાય યુવકો સ્વામીજીની આંખના ઈશારે સંપૂર્ણ કુરબાની આપવા કે દીક્ષા લેવા તત્પર બન્યા. ને પોતાની પ્રકૃતિ સ્વભાવના રૂપાંતર માટે સ્વામીજીના બળે ને ભજનના સહારે ઝઝુમે છે એ જ સ્વામીજીના યુવકો સાથેના પ્રેમ સંબંધની સાચી પ્રતીતિ છે. ને એ રીતે સ્વામીજીની જ પ્રતિભાનું એક અનોખું દર્શન છે.

વચ.ગ.મ.૧૩ પ્રમાણે બ્રહ્મસ્વરૂપ સંતની દૃષ્ટિમાં તેઓ જ્યાં જુએ ત્યાં સર્વત્ર એક રામજી સિવાય બીજું કાંઈ ભાસતું જ નથી. યોગીબાપાના અંતરના આશિષના ફળસ્વરૂપે પહેલેથી જ સ્વામીજીને આવી પરમ વિતરાગી અવસ્થા સહજ જ છે. એ બાબતમાં યોગીબાપાને પણ છેક પૂર્વાશ્રમથી સ્વામીજીનો અપરંપાર ભરોસો હતો જ.

પહેલેથી જ સાંખ્ય સમ્રાટ સ્વામીજીને આ

જગતમાં સ્ત્રી જેવું કોઈ તત્ત્વ દૃષ્ટિમાં જ ન હતું. સ્વામીજીની આવી પરમ નિર્દોષ અવસ્થાનો દૃઢ અનુભવ કરી ૧૯૭૧ પછી કેટલાય બહેનોએ સ્વામીજીની દિવ્ય કરુણાને અતિશય વિશ્વાસના આધારે એમના આશરે રહી ભગવાન ભજવાનો સંકલ્પ કર્યો. સ્વામીજી બહેનોના સમાજને આ માર્ગે કેવી રીતે પુષ્ટિ આપી શકે? છતાં તેઓ પોતાની દિવ્ય ને પારમેશ્વરી તાકાતથી એ બહેનોને સ્વધર્મનિષ્ઠ, પવિત્ર ને મંગલમય જીવન જીવાડી રહ્યા છે. ૧૯૮૪માં સૌ પ્રથમ ગુરુહરિ પપ્પાજીના સાંનિધ્યે ગુણાતીત જ્યોતમાં આ ભગવાન ભજનારા બહેનોને પ.પૂ.બા, પ.પૂ.બેને દીક્ષા આપી હતી.



તો વળી, સ્વામીજીના અપરંપાર વાત્સલ્યધોધમાં સ્નાન કરી કેટલાય બાળકો પણ ધન્ય બન્યાં છે.

આમ સ્વામીજીની પ્રેરણાથી બાળકો, યુવકો, ગૃહસ્થો, બહેનો ને સંતોનો એક સુંદર અને દિવ્ય સમાજ દિવસે દિવસે પ્રફુલ્લિત ને પ્રભુમય બની વિકસી રહ્યો છે. આજે એવા ભક્તોનો સમાજ ભક્તોના અર્થે જ જીવી રહ્યો છે. જેમ અતિ મોટા પુરુષની ક્રિયા ને સ્વભાવ સૌને ગમે એ જ રીતે અંદરોઅંદર ભક્તોના આકારે વર્તી ભક્તોના ક્રિયા ને સ્વભાવ ગમાડવાની રુચિવાળા સમાજનું નવસર્જન થયું છે.

વર્ષો પહેલા બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીમહારાજે સોખડાની પાવનકારી ધરતી પર શિખરબધ્ધ મંદિર બનાવવાનો સંકલ્પ કર્યો હતો. ઈ.સ. ૧૯૭૮ પછી સ્વામીજીએ એ સંકલ્પને કાર્યાન્વિત કર્યો ને માત્ર બે જ વર્ષના અત્યંત ટૂંકા ગાળામાં ખૂબ જ ભવ્ય રીતે મૂર્તિમાન કર્યો. સંપ્રદાયના અજોડ એવા આલિશાન મંદિરમાં આરસની ભવ્ય અને કલાત્મક દેરીમાં, પ્રાણાધાર પુરુષો ગુરુહરિ શાસ્ત્રીમહારાજ અને યોગીમહારાજની પૂરા કદની આરસની મૂર્તિઓ સર્વ પ્રથમ પધરાવી. અંતરના અદ્‌ભુત ઉમંગે ગુરુભક્તિ અદા કરી એક અત્યંત મહત્ત્વનું ને ચિરંજીવ કાર્ય કર્યું છે. આમ સ્વામીજીનું અનેકવિધ પાસાઓવાળું જીવન એ એક આધ્યાત્મિક ગાથા છે.

આવા ગુણાતીત સ્વરૂપ સ્વામીજીને -

★ મહારાજે નક્કી કરેલ સ્ત્રીપુરુષ મર્યાદાને આધીન રહી વિષય, વ્યસન ને વહેમ વગરનું મંગલમય જીવન જીવવા કટિબધ્ધ થઈએ તે ખૂબ ગમે છે.

★ હૈયાની વરાળ હોઠે કાઢ્યા સિવાય મૂકભાવે ગમ ખાઈને મોટાપુરુષનું શોભડવા મરણિયા થઈને કટિબધ્ધ થઈએ અને વ્યવહારિક કક્ષાએ શિક્ષાપત્રી તથા સંત પ્રધાન જીવન જીવવાની રુચિ રાખીએ તે ખૂબ ગમે છે.

★ વચ. ગ. મ. ૭, ૨૮, ૪૧, ૩૭, ૬૩ના રહસ્યો પ્રમાણે આળસ, પ્રમાદ, ગાફલાઈ ને બાળકપણું છોડી સેવામાર્ગમાં ખોવાઈ જઈએ તે ખૂબ ગમે છે.

★ પોતાની જાતનો, દોષનો, પ્રકૃત્તિનો, સ્વભાવનો કાંઈપણ વિચાર કર્યા વગર કે તેમાં બેસી રહ્યા વગર ને ઉદાસીનતામાં ગયા વગર 'મારી વફાદારી કેટલી વધી' કે 'મારી રાજી કરવાની ભાવના કેટલી પ્રબળ બની' એટલું જ વિચાર્યા કરીએ એ ખૂબ ગમે છે.

★ કોઈપણ જાતની ભેદદૃષ્ટિ, તારતમ્યતા, ભાવફેર, ખેંચાખેંચ, જ્ઞાન કે વ્યવહારમાં પડ્યા વગર ભગવદી સંતો, મુક્તો સાથે સાચી મૈત્રી બાંધી, સત્સંગ કરાવવા ને સમજાવવા કરતા સેવકભાવે જ સત્સંગ કરવાનું ને સમજવાનું તાન રાખીએ તે ખૂબ ગમે છે.

★ પોતાના બળ, આવડત કે બુધ્ધિનું જાણપણું ભૂલી જઈ કેવળ સ્વરૂપના જ બળે જીવન જીવવાની

કરામતથી સત્સંગ કરીએ તે ખૂબ ગમે છે.

★ સરળતા ને સર્વદેશીયતાને જીવનના અનિવાર્ય તત્ત્વો તરીકે સ્વીકારી પ્રેમ, આવેગ કે અતિરેક છોડી, કોઈનીય મહોબત કે સારપમાં ખેંચાયા વગર કેવળ ગમતામાં વર્તવારૂપી પ્રીતિ વધારીએ તે ખૂબ ગમે છે.



★ વચ.ગ.મ.૧૩ અને ગ.મ.૧૪ પ્રમાણે ગુરુહરિની સમ્યક ઓળખાણની તાલાવેલી રાખી નિખાલસ, નિષ્કપટ ને અંતરાયરહિતનો સંબંધ કેળવી, કેવળ એવા સંબંધે જ જીવતા રહીએ તથા મોટા પુરુષના ક્રિયા, સ્વભાવ, વચન ને મુક્તો ગમાડી પોતાના જીવનમાં ને સમગ્ર સત્સંગમાં કોઈપણ ભોગે સુહૃદભાવનું વાતાવરણ જમાવવાની સુરુચિ સેવીએ તે ખૂબ ગમે છે. સ્વામીજી! તમને ને ગુરુહરિ પપ્પાજીને જે ગમે છે તેવું અમારું જીવન સહજ બને તેવી કૃપા કરજો.

સ્વામીજી તમે ખૂબ ગહન, છૂપા, બુદ્ધિ ને વિચારથી પરના સત્પુરુષ. તમે અમ કાજે ખૂબ દાખડો કર્યો છે તેને સાર્થક કરવાનું બળ આપજો. દાસના દાસ બનીને વર્તવાનું બળ આપજો.

હે સ્વામીજી ! ગુણાતીત સમાજના સ્થાપક ગુરુહરિ કાકાજી મહારાજ, ગુરુહરિ પપ્પાજી મહારાજ ને પ.પૂ. સોનાબાને સોંપાયેલા યુગકાર્યમાં તમે સાથ આપ્યો ને સાથોસાથ રહી આ યુગકાર્યના ભાગીદાર બન્યા છો. ને જીવનના છેલ્લા શ્વાસ સુધી અખૂટ પરિશ્રમ કરી, વિશાળ આત્મીય સમાજનું સર્જન કર્યું. આમ પૃથ્વી પર અક્ષરધામ સર્જી તા.૨૬.૭.૨૦૨૧, અષાઢ વદ ત્રીજે રાત્રે ૧૧ વાગ્યે સ્વેચ્છાએ બ્રહ્મલીન થયા. એ સમાચાર મળ્યા ત્યારે ગુણાતીત જ્યોત કેન્દ્રમાં સૌ સુન મારી ગયાં! પ.પૂ.દીદીએ મોટેરાં સ્વરૂપોને આજ્ઞા કરી ને પૂ.શોભનાબેન, પૂ.હંસાબેન ગુણાતીત, પૂ.ડૉ.વિણાબેન, પૂ.ડૉ.નીલમબેન ને બહેનો હરિધામ પધાર્યા.

હજુ તો ૨૫મી જુલાઈએ એક બાજુ શ્રીહરિનો હિંડોળો બંધાયો, ઝૂલ્યો ને સુહૃદધૂનનો આર્તસૂર ચાલુ થયો. સૌ બહેનો એકાકાર થઈ સ્વામિનારાયણ મહાપ્રભુને કાલાવાલા કરી રહ્યા હતા. આજના હિંડોળા દિવ્ય પ્રેમના સમર્પણની સ્મૃતિ કરાવે તેવા પતંગિયા અને પુષ્પ તથા દીપની કલાના હતા. એ સ્મૃતિમાં શ્રીહરિએ આ હિંડોળાને કેવો ઠેલો માર્યો કે ક્યાંય નજર ન પહોંચે તેટલો ઊંચે ચિદાકાશમાં સ્થિર થઈ ગયો. ને હૈયાનો હિંડોળો સ્થિરતાથી ઊભો રહી, પ્રભુને જોઈ રહ્યો અને ગુણાતીત જ્યોત મુખ્ય મંદિરનો ફરકતો ગુણાતીત ધ્વજ અર્ધકાઠીએ લાવી પ્રાર્થનાના દોરે સૌને હલાવી રહ્યો. જે ધ્વજ સમક્ષ આવનારા અક્ષરમુક્તો મૌન હતા,



તો કોઈ આત્મીય ઠપકો દઈ રહ્યા હતા કે સ્વામીજી ! આટલી ઉતાવળ કેમ કરી ? આ વર્ષ કેમ પસંદ કર્યું ! આ દિવસે આ લીલાઉત્સવ તમને ગમી ગયો ? અને અંતરમાં સ્વામીજીના કેટલાય પરાવચનો પરાભક્તિના શ્રમની લહેર વહી રહી સાથે ધૂન, ભજનમાં જોડાયા. સૌ આશ્રિત ભક્તોના હૈયાની વેદનાઓ, મુખના ભાવો અને સમર્પિત થઈ જવાની વ્યાકુળતા પણ અનુભવાતી હતી. અક્ષરાતીતની લીલાને બંધ-ખુલ્લી અશ્રુભીની આંખે નિહાળી રહી અને એ ભાવોમાં સ્વરૂપોના ને બહેનોના હૈયા ડૂબી રહ્યા હતા.

## પરમ પૂજ્ય હરિપ્રસાદ સ્વામીજીના બ્રહ્માંડ પ્રવેશ નિમિત્તે ભાવાંજલિ સભા અને પારાયણ...



પ.પૂ.દીદીએ તા.૨૭મી સાંજના પ્રાર્થનાસભા કરાવી. સૌ મોટેરાં સ્વરૂપોના સાંનિધ્યે ગુણાતીત જ્યોતના સાધક બહેનો અને વિદ્યાનગરના મહિલા મંડળના મુક્તો શ્રદ્ધાસુમન ધરવા પપ્પાજી હોલમાં પધાર્યા.

સભા સંચાલિકા પૂ.બકુબેને સ્વામીજીની ૮૮ વર્ષની જીવનયાત્રાનો સાધુજીવનના ૫૬ વર્ષના સત્સંગ કાળમાં (૧૯૬૫ થી ૨૦૨૧) આધ્યાત્મિક ગુણોનું દર્શન કરાવ્યું છે તેનું સવિસ્તાર વર્ણન કર્યું. અને ૧૯૭૧માં સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમનારાયણનું સ્વરૂપ બ્ર.સ્વ.યોગીજીમહારાજ સ્વધામ પધાર્યા ત્યાર પછી, અપાર પરિશ્રમે જે ભક્તિ કરી તેના આ સુવર્ણ વર્ષમાં આ ચિરવિદાય લીધી ને લાખો ભક્તજનોએ અનહદ સુહૃદભાવવાળા આત્મીય પ્રભુના ચરણાર્વિંદ અશ્રુથી પખાળ્યા એ ભાવવાહી દર્શન કરાવ્યું. સાથે સાથે ગુણાતીત જ્યોતના બહેનો માટે કેવો સુહૃદભાવ રાખ્યો છે કેવું માહાત્મ્ય વહાવ્યું છે એ ઉપકાર ને પ્રસન્નતાની કૃપા વહાવી છે તે સ્મૃતિ કરાવી. સૌના શોકમગ્ન હૈયાને ધ્યેય પર પહોંચવાના ભાવમાં બળ પ્રેર્યું. ને એ ભાવ પુષ્પહાર રૂપે અર્પણ થયાં.

ત્યારબાદ બહેનોએ કીર્તનપુષ્પ ધરતા વચનમૂર્તિના સંભારણા કરાવ્યા કે, સ્વામીજીએ આપણને દાસના દાસ થવાનો આદેશ આપ્યો છે. ને આદર્શ ભજનની સ્મૃતિ આપી છે તો તે પ.પૂ.દીદી રચિત ભજન 'કોઈ માને બંસી... અંતરથી અંતર ટળે નિરંતર...' ભજનમાં સૌ નિમગ્ન થયા. ત્યાર બાદ પ્રાર્થના શબ્દપુષ્પ અર્પણ કરતાં પ.પૂ.દીદી, પ.પૂ.દેવીબેન, પ.પૂ.શોભનાબેને સ્વામીજીના કાર્યને બિરદાવ્યું અને માહાત્મ્યભર્યા સ્મૃતિભાવની અંજલિ અર્પી સૌને શાતા પમાડી, તેનો સાર માણીએ.




**પ્રાર્થનાભાવ, આશિષ પ.પૂ.દીદીઃ** સ્વામીજીના



સમાચાર મળ્યા. અંદરમાં મનાતું નથી કે ખરેખર આ બન્યું છે ! આપણા બધાના જીવનમાં આ દિવસ તો એક વખત આવવાનો જ છે. પણ સ્વામીજી માટે બહુ વહેલો આવી ગયો. સ્વામીજી તમે બહુ ઉતાવળ કરી. થોડા વખતથી સ્વામીજીની તબિયત વધારે નાજુક રહેતી હતી. સારવાર ચાલુ જ હતી. આપણે પ્રાર્થના, ભજન કરતા હતા કે સ્વામીજી ! તમારે જવાનો સમય થયો નથી... પણ સ્વામીજીને મહારાજે સોંપેલું કાર્ય પૂરું થયેલું લાગ્યું હશે તો પોતે જ લીલા સંકેલી લીધી. સ્વામીજી આ ગમ્યું તો નથી જ. સૌને ખૂબ બળ આપજો. અમારા સૌના તમને કોટિ કોટિ વંદન છે. અંતરમાં બહુ દુઃખ લાગ્યું છે. હવે તો સ્વીકારવું જ રહ્યું. ખરેખર સત્પુરુષો આવતા જતાં નથી. સ્વામીજી વચનથી આપણી સાથે છે જે ને સદાય રહેવાના છે. શબ્દોથી માહાત્મ્ય ગવાય તે સ્વામીજી માટે ઓછું પડે તેમ છે. તેમનું કાર્ય જ તેમનું માહાત્મ્ય બોલી રહ્યું છે.

સ્વામીજીના ઉપકાર આપણી પર ઘણાં છે. હરિપ્રસાદસ્વામીજી જ્યારે પ્રભુદાસ નામે યુવક હતા ત્યારે બ્ર.સ્વ.યોગીજીમહારાજના પર્સનલ સેક્રેટરી હતા. ટપાલ લખતા. તે વખતે તારદેવ સાધનામંદિરમાં ગુરુહરિ પપ્પાજીની આજ્ઞા થઈ કે તમે તમારા જે હોય તેને દિવાળી ઉત્સવે કાર્ડ લખો ને અમને જે હાથ આવ્યું તે કાગળ-પેન લઈ અક્ષરદેરી જેવું સુશોભિત કાર્ડ બનાવ્યું તેમાં પ્રાર્થના લખી ને કવર તૈયાર કર્યું. જે પ.પૂ.તારાબેન પોસ્ટ કરી આવ્યા. ને ગોંડલ પહોંચી ગયું. ટપાલની સેવા કરનાર સેવક શ્રી પ્રભુદાસ બધી ટપાલો જોતા. મુંબઈનું કવર જોયું. ને દાદર મંદિરનું કવર હશે એમ જાણી પ્રથમ એમણે ખોલ્યું... ને એ કાર્ડની પ્રાર્થના યોગીજીમહારાજને ધરી આશિષ લખવા આપ્યા. જે આશીર્વાદ હતા. 'મહારાજ એકાંતિક ધર્મ સિદ્ધ કરાવશે.' ને સાથે ગુણાતીતાનંદસ્વામીએ અનાદિ મુક્ત જાગાસ્વામીને આદર્શ વચનામૃત આપેલા તે ગ.પ્ર.૨૩, ગ.મ.30, ૪૫ ને અમદાવાદ બીજું, ત્રીજું આમ પાંચ વચનામૃતનું અનુસંધાન આપ્યું. જે આપણા




સૌ માટે અનહદ અપાર અમૂલ્ય આશિષપ્રસાદ મળ્યો. તેનો યશ સ્વામીજીને જાય છે. સ્વામીજીએ આપણા માટે આ બહુ મોટું કાર્ય કરાવ્યું. ખરેખર નામથી ને કાર્યથી તેઓ પ્રભુના દાસરૂપે પ્રભુદાસ હતા. એ ઉપકાર કદી નહીં ભૂલાય.

બીજું કાર્ય – ૨૦૦૬માં ગુરુહરિ પપ્પાજી સ્વધામ પધાર્યા ત્યારે સમગ્ર બોજો આત્મીયતાથી હળવો કર્યો ને સર્વ ક્રિયામાં દાસત્વભાવે ભળ્યા ને 'પ્રાર્થનાસભા ૧૧મી જૂને કરીશું.' તેવી જાણ કરી પ્રભુ પપ્પાજીને



પ્રત્યક્ષ કરી દીધાં. માહાત્મ્યસહ આશિષ આપીને બળ આપી દીધું.

૨૦૧૨માં પપ્પાજી તીર્થના શાશ્વતધામે ગુરુહરિ પપ્પાજીની મૂર્તિ પધરાવી જેનું મુક્તાર્પણ સ્વામીજીના



હસ્તે જ કરાવવાની ભાવના હતી. એ પણ ૧લી જૂને ને સાંજના સમયે. તે સ્વામીજીને વિચરણના કારણે પ્રતિકૂળ હતું. છતાંય મૌન રહી, નાની એવી બીમારી ગ્રહણ કરી, વિચરણનો સમય બદલાવતા આ દિવસે સ્વયં પધાર્યા ને મૂર્તિ પ્રતિષ્ઠાવિધિ સ્વહસ્તે કરી. બહેનોને રાજી કર્યા. તેમની આ પરાભક્તિ ક્યારેય નહીં ભૂલાય.

૨૦૧૬માં શતાબ્દી પર્વે બંધુબેલડીએ રેતીમાં વહાણ ચલાવી આ ગુણાતીત સમાજ સ્થાપ્યો છે તે સ્મૃતિમાં નૌકારથમાં એ મૂર્તિઓનું સ્વાગત ગોઠવેલું. ત્યારે સ્વામીજી નૌકારથના દર્શન કરી શકે તેવી શુભ ભાવનાથી પ.પૂ.દીદીએ સેવક દ્વારા સ્વામીજીને પ્રાર્થના કરી કે, આપ મંચ પર આપના આસને પ્રથમ બિરાજો. ત્યારે હાથ જોડી સ્વામીજીએ કહ્યું, 'પહેલા અમે ન હોઈ શકીએ...' પણ ગુરુહરિ પપ્પાજીના સંબંધે પપ્પાજીના દાસ એવા આપણે ને આપણા સૂચનને સ્વીકારીને દાસના દાસની ભાવનાથી તેઓ આગળ ગયા ને બિરાજ્યા. ને જે ભાવના હતી કે નૌકારથના દર્શન કરતાં સ્વામીજી પ્રસન્ન થકા આશિષ અર્પે તે ભાવ પૂર્ણ કર્યો. એ ભક્તિ કદીય નહીં ભૂલાય.

**પ્રાર્થનાભાવ, આશિષ પ.પૂ.દેવીબેન :** આ વખતની હરિધામની પત્રિકામાં ગુરુપૂર્ણિમાનો સ્વામીજીનો લેખ ખૂબ સરસ છે એવું આપણે જીવીએ તો લાગશે જ નહીં કે તેઓ નથી. આ ઘા બહુ મોટો લાગ્યો છે પણ જીવવા પ્રયત્ન કરીશું તો સ્વામીજી આપણી પાસે છે ને રહેશે જ. હજુ પણ આપણી



પાસે સમય છે તો ટાઈમ શું કામ બગાડવો છે ? સ્વાધ્યાય ને સ્વામિનારાયણ મંત્ર ભજન, ભક્તિ કર્યા કરીએ.

આપણા માટે સ્વામીજીએ ખેંચાય એટલું ખેંચ્યું. દેહ દેહનું કામ કરે જ. હવે આપણી ફરજ છે. એમણે ભીડો વેઠ્યો એ સાર્થક કરીએ. કોઈનું જોવાનું નહીં. ખટપટ ઘસારો નહીં. રોજ ૧ કલાક આવો એક નિયમ લ્યો કે મારે આવું જીવવું છે. પછી જુઓ કેવું થાય છે! પછી બીજો એક કલાક. એમ પ્રયત્ન કરીએ.

**પ્રાર્થનાભાવ પૂ.શોભનાબેન :** ભક્તિઆશ્રમના સર્વ સંત બહેનોના ચૈતન્યોમાં ભક્તિનો રંગ હતો તે દર્દ, પરિશ્રમનું ઋણ દેવાનો ભાવ તા.૨૭મીએ પ્રત્યક્ષ જોયો. સ્વામીજીના કાર્યનું દર્શન થયું કે સ્વામીજીના વચનનું મૂલ્ય સમજી બહેનો, સંતો,



સહિષ્ણુસેવકો, અંબરીષના મુક્તસમાજે મરણિયો

જંગ ખેલી સ્વામીજીને ધારી લીધા છે ! એવા આપણે આ પ્રત્યક્ષ સ્વરૂપોના વચન ઝીલી તેઓને ચકચૂર રાજી કરી લઈએ.

ત્યારબાદ આવા સંકલ્પ સાથે ધૂન કરી અને મંત્રપુષ્પાંજલિ દ્વારા તેમના ચરણે ભાવ ધર્યો.

તા.૨૯.૭.૨૧થી પારાયણ શરૂ કર્યું. રોજ સાંજે સ્વરૂપોના સાંનિધ્યે પ્રથમ ભક્તિપૂજન, હાર અને ગુણાતીત જ્યોત પત્રિકામાં પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીના માહાત્મ્યના લેખ લખાયેલા તેનું વાંચન, પૂજન કરી માહાત્મ્યગાન થયા. સાથે સાથે સ્વામીજીએ આપેલ સંદેશ – ભૂલકું બનો, દાસના દાસ બનો. સંપ, સુહૃદભાવ ને એકતાથી વર્તો એ સ્મૃતિમાં રહે તેવા કીર્તનગાન અને ધૂનનો ભાવ ધર્યો. પારાયણની સભામાં સ્વામીજીની ગરિમાનું સ્વરૂપોએ દર્શન કરાવ્યું તેનો ગુટકો માણીએ.

★ આશ્ચર્યની વાત છે કે બ્ર.સ્વ.યોગીજીમહારાજ પ્રત્યક્ષ હતા છતાં કાકાજી, પપ્પાજી, બા સાથે કેવી ગુણાતીત પ્રીતિ હશે કે પ્રભુની મરજી જાણી એક વચને યાહોમ થયા ! ને આ ત્રિપુટીના જોગમાં દાસત્વભાવે રહી સૌ સંતો નીકળ્યા. જેઓ આજે જંગમમંદિર બની અનંતનું ઘડતર કરી રહ્યાં છે.

★ ગુરુહરિ પપ્પાજી હંમેશા કહેતા કે, કર્તાહર્તા જોગીમહારાજ છે. તેમને ધારી લ્યો. ૧૯૬૬થી ૧૯૭૧ સુધી તેવું અંતર્દષ્ટિભર્યું જીવન જીવી ૧૯૭૧માં યોગીબાપા સ્વધામ પધાર્યા પછી સ્વામીજીએ વિચરણ શરૂ કરી અક્ષરની યાત્રા માંડી.

★ બાપા સ્વધામ પધાર્યા પછી 'અનુપમ' મકાનમાં ગુણાતીત સમાજના સર્વ સ્વરૂપોની મિટિંગ થઈ કે હવે કોને યોગીસ્વરૂપ માનવા ? ત્યારે ગુરુહરિ પપ્પાજી–કાકાજીએ સંપ, સુહૃદભાવ, એકતાના સૂત્રે કહ્યું કે જેને જે સ્વરૂપનો આશરો છે, હેત છે તેની જ નિષ્ઠા રાખી ભજ્યા કરે. આવી વિશાળતાથી સૌને સ્વરૂપનું પદ આપી સૌને ધ્યેયસિદ્ધિનો સ્પષ્ટ, સરળ માર્ગ ચીંધ્યો.

★ સ્વામીજીએ સ્ત્રી–ધનના ત્યાગી સંતો બનાવ્યા, સહિષ્ણુ મુક્તો, વ્રતધારી બહેનો તૈયાર કર્યાં. પંચવર્તમાનેયુક્ત જીવતા યુવકો બનાવ્યા. બાપા કહેતા 'યુવકો મારું હૃદય છે' તો સ્વામીજીએ એ જ દિવ્યભાવે કહ્યું, 'યુવકો મારું સર્વસ્વ છે.' એવા આત્મીયસમાજનું ઘડતર કર્યું.

★ જ્યારે સ્વામીજીએ ભાગવતી દીક્ષા લીધી ત્યારે બાપાએ ભવ્ય રીતે બેન્ડવાજા સાથે શરદપૂનમના દિવસે દીક્ષા આપેલી. ત્યારે બાપા બોલ્યા હતા કે, 'સત્સંગનું આ બીજું એન્જીન છે.' પહેલું શ્રી મહંતસ્વામીજી અને બીજું શ્રી હરિપ્રસાદસ્વામીજી. આ કેવી અગમનિગમની વાણી ! જેનું સાકાર દર્શન આપણે સૌ માણી રહ્યા છે.

★ એમના હૃદયમાં જોગી સિવાય બીજું કાંઈ જ નહોતું. દાસત્વભક્તિની પરાકાષ્ટાએ ભગવાન ધારક બની ગયા. ને સૌમાં સંબંધ એ જ પૂર્ણાહુતિ મનાવી ભાગ્યવાન બનાવ્યા છે તો અમારી યાત્રા પણ સાચા જંગમમંદિર બની રહેવાની બને.

★ સ્વામીજી પાસે આધ્યાત્મિકતાને પમાડી દેવાની ધગશ વગર કોઈ વાત નહીં. વિશેષ પ્રેમ ને જ્ઞાનથી, દૃષ્ટિ અને સંકલ્પથી વર્તાવે એ વાત નોખી છે. આટલા બધા ચૈતન્યોમાં આવી આધ્યાત્મિકતા ઉગાડવી એ આ યુગમાં શક્ય નથી. એમણે જેને તૈયાર કર્યા છે તેના ગુણો અદ્‌ભુત છે તો સ્વામી કેવા હશે !

★ અત્યારે જે જાહોજલાલી દેખાય છે તે પૂર્વમાં ભીડો ને ભીડો જ સહ્યો છે. અખંડ શ્રીજી ધાર્યા તો ઉપશમ પામ્યા ને યોગી ધાર્યા તો દાસત્વ પામી ગયા.

ધ્વનિમુદ્રિત પરાવાણી દ્વારા સ્વામીજીએ ગુરુહરિ પપ્પાજીના મહિમાનું દર્શન કરાવ્યું કે, 'અત્યાર સુધીના આધ્યાત્મિક ઈતિહાસમાં વાત નથી બની એ એવી ગુણાતીત પ્રીતિના ભાવમાં રહેતા બહેનો ગુણાતીત જ્યોતમાં ભગવાન મળ્યાનો આનંદ કરી રહ્યા છે. તો આપણું હલનચલન વચ.ગ.મ.૫૦, છે.૫ જે કલ્પનાતીત છે તેવું બને એ કરવાનું છે ને તે થઈ રહ્યું છે.

★ આ બહેનોના આધ્યાત્મિક યુગકાર્યમાં ગુણાતીત

જ્ઞાન સ્ત્રીતત્ત્વમાં કરી રહ્યું છે એ કાર્ય પપ્પાજીએ કર્યું છે. તે આનંદમય દર્શન થયા કરે છે ને અમને વિશ્વાસ છે કે તમે કરશો જ.

★ તા.૩૦મીએ ધૂનથી સભાનો પ્રારંભ થયો. આજની સ્મૃતિમાં એમના જીવનસંદેશના સંપ, સુહૃદભાવ ને એકતાની લગન લગાડી દે તેવા ભજનો ગવાયા અને સભાસંચાલિકા બકુબેને કહ્યું કે પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવ વર્ષ ચાલે છે તો થોડી સ્મૃતિસૌરભ માણી લઈએ એમ કહેતાં સ્વામીજીની સ્મૃતિઓ કરાવી.

તેમાંની એક સ્મૃતિ ૨૦૧૧માં સ્વામીજી લીલાવતી હૉસ્પિટલમાં હતા. કમ્મરના ઑપરેશનને કારણે બહુ બેસવાનું ન હતું. સાંજનો સમય હતો. આરતીનું ટાણું જોઈ કહે, ચાલો આરતી કરી લઈએ. સેવકો કહે આપ સૂતા સૂતા દર્શન કરો અમે કરીએ છીએ. તે સાંભળ્યું પણ જરીકવારમાં બેઠા થઈને આરતી કરી. તેમણે અખંડ યોગીમહારાજને રાજી કરવાની યોગીના આશ્રિતોને રાજી કરવા છે તેવી ગુરુભક્તિથી શિષ્યપદ શોભાડ્યું. ને દાસત્વભક્તિના પાઠ તારદેવ સાધનામંદિરમાં જોયા તેનું સતત મનન કરી સર્વ આશ્રિતોને એ દાસત્વને પામવા સતત મહિમારત કર્યાં.

ત્યારબાદ પારાયણ શરૂ કર્યું એ પ્રાર્થનાભાવ સંભારીએ –

★ સ્વામીજીએ યોગીજીમહારાજમાં સત્ય પારખ્યું કે આ જ મારા ભગવાન છે તે પછી કાંઈ બાકી ન રહે તેવા આનંદમાં, મહિમામાં ડૂબી ગયા. ને મળ્યા એનો પરિતોષ માણી રહ્યા.

★ તેમની સંપ, સુહૃદભાવ, એકતાની યાત્રા કેટલી સફળ થઈ હશે કે આજે વિશ્વના ધર્મઉપદેશકો, રાજકરણીઓ, સાધુ-સંતો, સાધકો સૌ દર્શને પધારી પ્રાર્થના ધરી રહ્યા છે. એમાં પ્રભુદાસ તરીકેની કસણી વેઠી, હરિપ્રસાદસ્વામીરૂપે અથાગ શ્રમ કર્યો. ત્યારે આ આત્મીય સમાજનું દર્શન કરીએ છીએ. તે ઓરીજીનલ ગુણાતીત સમાજની ઓળખાણ છે.

★ શ્રી શાસ્ત્રીજીમહારાજ, શ્રી યોગીજીમહારાજે સ્થાવર જંગમમંદિર રચ્યા. તેમાં સ્વામીજી જંગમમંદિર બન્યા. તેવા સાધુ સાથે ૩૯ સંતો તેમની નિશ્રામાં નીકળ્યા ને પાર પડ્યા. એ કેવા ભગવાન ધારક હશે !

★ તા.૨૭મીએ જ્યારે સવારના ભક્તિઆશ્રમમાં ગયા ત્યારે ત્યાં સ્વામીજીની પરાવાણી સંભળાવી હતી. એમાં સ્વામીજી કહે –

★ આ જન્મ આત્મારૂપે જીવવા માટે છે.

★ દાસાનુદાસ થવું છે. તેવું વારંવાર એ જ વાતનું પ્રતિપાદન કરતા હતા. બહેનો બધા સેવામાં પરોવાયેલા. સૌના મુખ પર દુઃખ હતું પણ આક્રંદ નહોતું એ પ્રાપ્તિનું દર્શન કર્યું.

★ યોગીમહારાજ કહેતા અમે તો વાસણ ઘસ્યા, દાસભાવે વર્ત્યા એમાં સુખિયા છીએ. ગુરુહરિ પપ્પાજી કહેતા અમે જ્ઞાનાચાર્ય નહીં દાસાચાર્ય છીએ. સ્વામીજી કહેતા દાસના દાસ થવું છે. ને આવા વર્તનથી જ દૈવત વધે છે.

★ સેવવાના એકને ને સેવા દરેકની કરવાની એ વાત તેમણે કરી ને આપણા લોહીમાં ઉતારી દીધી.

★ સંપ, સુહૃદભાવ, એકતામાં કોઈ ભેદર્દષ્ટિ ના રહે. કોઈનોય આકાર ન દેખાય એક ભૂલકું, સેવક, દાસ બની રહીએ.

★ સત્પુરુષનો જોગ થયા પછી જે કરવાનું તે સ્વામીજી પ્રભુદાસરૂપે હતા ત્યારથી એવું જીવ્યા. હલનચલનમાં પણ યોગીમહારાજ પ્રત્યેની નિષ્ઠા દેખાતી હતી.

★ એકવાર બાપા કહે, 'ગુરુ ! ચાલમાં પણ અહમ્ દેખાય.' આ કેવો સંબંધ ! કેવું શાસન ! આ કેવો પ્રસંગ કે જે સાધકોને દૃષ્ટાંત બોધ મળે તેવું તેમણે ગ્રહણ કર્યું. બાપાના વચને ખુવાર થઈ ગયા. ઘણીવાર ઘણાના અપમાન સહન કર્યાં છે. માર ખાધો છે પણ એની ફરિયાદ કરી નથી ને સેવા મૂકી નથી. તેના અનેક દૃષ્ટાંતો આપણે સાંભળ્યા છે.

★ સત્પુરુષના વચને વિધિ કરી તો પ્રાપ્તિને પામ્યા છે.

★ આવા સત્પુરુષો ગુણાતીત સમાજને મળ્યા તો આપણને તો નફો ને નફો જ છે.

સંતો આપણા ઈન્દ્રિયો, અંતઃકરણને ગુણાતીતની કવાયત શીખવી સત્પુરુષને રાજી કરવાનું શીખવે છે.


તો સૌ ભાવાત્મક એકતામાં જીવીએ. તેવા બળ, બુદ્ધિ ને પ્રેરણા મળે તેવી પ્રાર્થના ધરી.

પછી છેલ્લે સ્મૃતિસૌરભમાં ગોંડલ સમૈયા ઉત્સવે સ્વામીજી ગરમ ચાની કીટલી ને ગાંઠિયાનો ટોપલો લઈ રૂમે રૂમે નાસ્તો પીરસતા તે સ્મૃતિ કરાવી.

દીક્ષા લેતા પહેલાં ગોંડલમાં સોનાબાના ઉતારે પગે લાગવા આવ્યા. સૌએ પૂજન કર્યું ગોળધાણા જમાડ્યા. પછી મુંડન કરાવેલું તો સોનાબાને કહેવડાવ્યું કે, 'મારી માવડી માથામાં બળે છે.' તેથી બાએ રાળ મંગાવી તેલ બનાવડાવી મોકલ્યું કે 'આ લગાડજો પછી નહીં બળે.' આમ અક્ષરધામથી પધારેલા બા વિષે કેવો આત્મીયભાવ ! તેવા બાનો સ્વામીજી ખૂબ મહિમા સમજતા ને આ સાધુતા ઓપી ઉઠી.

★ સ્વામીજીએ જીવનમાં કાકાજી, પપ્પાજી, બાનું માહાત્મ્ય જીવનપર્યંત રાખ્યું. જોગીમહારાજનું વચન પાળ્યું. અવારનવાર દિવાળી પર્વના આગળપાછળના દિવસોમાં પ્રભુકૃપામાં આવે જ. દંડવત પ્રણામ કરે જ. એ એમની વિશેષતા હતી કે હું દાસનો દાસ છું. તમારી પાસે તમારી ચરણરજ થઈને રહું. તેવી ભાવના સદાય રાખતાં. સત્પુરુષ ક્યારેય અધૂરું કાર્ય કરીને જતાં નથી. એમ સ્વામીજીએ પૂર્ણ જ કર્યું છે ને કરવા જેવું કાર્ય કર્યું છે. વધુ કે ઓછું નહીં. આપણને માયા ન છૂટે પણ એમના વચનની માયા લગાડી આપણું અધૂરું રહેવા દેવું નથી. પૂરું કરવું જ છે.

આશીર્દાન પ.પૂ.હરિપ્રસાદ સ્વામીજી : આજે પપ્પાજી જે રીતે વર્તી રહ્યા છે, આ ઉંમરે ફીઝીકલી સરસ છે એ દર્શન મેં ૭ થી ૧૦ મિનિટ નીરવ આનંદથી માણ્યા. મીઠું મધૂરું દર્શન કર્યું. એ આપણને અધૂરા છોડીને જવા માગતા નથી. ૨૪ કલાક બ્રહ્મનો આનંદ. આવું તો ક્યાંય મળે જ નહીં. અક્ષરબ્રહ્મના દેહ વગર આવી ફેશનેશ ન હોય. કાકા, પપ્પાએ બાપાનું અદ્‌ભુત સેવન કર્યું. ક્યારેય ઓશિયાળા નથી કર્યા. આપણને કાંઈ સમજ ન પડે તો કંઈ નહીં પણ ક્યારેય તેમને ઓશિયાળા ન કરીએ તેવી પ્રાર્થના.





આજ વાતોની સ્મૃતિમાં કરી લેવાનું તાન લગાડતા તા.૩૧ જુલાઈ અને તા. ૧લી ઑગષ્ટના ઓનલાઈન દર્શન કર્યા. તા.૩૧ જુલાઈએ ગુણાતીત જયોતમાંથી સવારે ગુણાતીત પ્રકાશના વ્રતધારી ભાઈઓ, અને બપોરે પૂ.હંસાબેન ગુણાતીત, પૂ.માયાબેન, પૂ.તરુબેન વગેરે ગુરુ સ્વરૂપો અને સાધક બહેનો હરિધામ સ્વામીજીના દર્શને ગયેલા. પ.પૂ.સ્વામીજીને પુષ્પહાર, પુષ્પગુચ્છ તેમજ આરતી અને પ્રાર્થના દ્વારા અંજલિભાવ અર્પણ કર્યા.

ભક્તિભાવનું અલૌકિક, અદ્‌ભુત આસન, સર્વ પ્રકારની સુવિધાસભર પ્રશાંત વાતાવરણ નિત્ય દિવસના ભજન, ધૂન, આરતી સાથેનું નવીન દર્શન, સર્વ મુક્તોના ભાવસભર દર્શન કરી સાક્ષાત અક્ષરધામની યાત્રા કરતા હોય તેવી દિવ્યતાનો અનુભવ કર્યો.

હે મહારાજ ! હે સ્વામી ! હે હરિપ્રસાદસ્વામીજી આપનું આ દર્શન આપનું કાર્ય અમને અમારા ધ્યેય પર સતત દોડતા રાખે એ જ શ્રદ્ધાસુમન અર્પી યાચના ધરીએ છીએ.

**★ તા.૧લી ઑગષ્ટ, ૨૦૨૧ના પ.પૂ.હરિપ્રસાદસ્વામીજીની અંત્યેષ્ટિવિધિમાં ગુણાતીત જ્યોતમાંથી પ.પૂ.હંસાદીદી, પ.પૂ.દેવીબેન, પ.પૂ.જસુબેન તથા બહેનો તેમજ ગુણાતીત પ્રકાશના વ્રતધારી ભાઈઓ હરિધામ પધારેલા. પ.પૂ.હંસાદીદીએ ભાવાંજલિ પ્રાર્થનાપત્ર લખેલો તેનું વાંચન થયું.**

**સ્વામીશ્રીજી**

**જય ગુરુહરિ પપ્પાજી મહારાજ**


**તા.૧.૮.૨૦૨૧**

**હે સદાય પ્રગટ, પ્રત્યક્ષ હરિપ્રસાદ સ્વામીજી મહારાજ ! આપને સૌ ભક્તોના અશ્રુઝરંતા નયને ને પ્રત્યેક શ્વાસે ધબકતી આપની સ્મૃતિભર્યા હૃદયે ભાવનીતરતા જય સ્વામિનારાયણ.**

**હે હરિપ્રસાદ સ્વામીજી મહારાજ ! આપ અનંત ચૈતન્યોથી ભરેલા ગુણાતીત સમાજના પ્રાણાધાર બની, સૌને ભક્તિરસના રસિયા બનાવીને, તમારો વારસો આપીને, અક્ષરપંથે ચાલ્યા તો આ ગુણાતીત જ્યોતનાં બહેનોએ અંતરની આર્તતાથી બનાવેલો હાર ગુણાતીત પ્રકાશના ભાઈઓ અર્પણ કરે છે તે ગ્રહણ કરો ને ધૂમ્રસેરનું સુખ અમને આપી આપથી સભર કરજો હં.**

**એ જ ગુણાતીત જ્યોતનાં બહેનોના જય સ્વામિનારાયણ.**

ત્યારબાદ ગુણાતીત સમાજના ધ્વજના રંગોનો હાર ગુણાતીત જ્યોત વતી અંજલિરૂપે ગુણાતીત પ્રકાશના વ્રતધારી ભાઈઓએ અર્પણ કર્યો. પ.પૂ.હંસાદીદી, પ.પૂ.દેવીબેન,પ.પૂ.જસુબેન તથા બહેનોએ આરતી અને







પુષ્પાંજલિમાં મનોમન પ્રાર્થનાભાવ ધરેલો કે, અમે બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ભક્તિ કરવા આપના શરણે આવ્યા છીએ તેમાં જે કાંઈ ચૂક થઈ હોય કે થતી હોય તે માફ કરજો. ને સાચા રાહ પર વિઘ્ન વગર આગળ ચાલવાનું બળ આપવા પ્રત્યક્ષ રહેજો.




એવી કાકલૂદી કરતાં કરતાં ભારે હૃદયે સ્વામીજીના પંચભૂતના પાર્થિવ દેહને અષ્ટ પ્રકારના કાષ્ટની શૈયા પર બિરાજમાન કરી, શાસ્ત્રોક્ત વિધિથી સ્વામિનારાયણ ધૂન સાથે, આર્તહૃદયે, અશ્રુભીંની આંખે દેહને વૈશ્વાનલ અર્પ્યો. સૌના હૈયા ને મન શૂન્ય બની ગયાં. સ્વામીજીના વચનો પ્રમાણે જીવવાના નિરધાર સાથે સૌ પોતપોતાના સ્થાનકે પધાર્યા.

## તા.૨.૮.૨૦૨૧ : કીર્તન આરાધના

**આ માસની કીર્તન આરાધનામાં પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીને ગમતા કીર્તનો માણ્યા.**

દાસત્વભક્તિના સુહૃદસમ્રાટ, આત્મીય સમાજના સ્થાપક પ.પૂ.હરિપ્રસાદ સ્વામીજીની ૮૮મા વર્ષની જીવનયાત્રામાં ૫૬ વર્ષના સાધુ જીવનમાં તેમના યુગકાર્યના આ સુવર્ણવર્ષમાં આ વસુંધરા પર વચનસુધારૂપે પ્રત્યક્ષ રહેવા તેઓએ આપણને ભજનોની સ્મૃતિનો આદેશ અર્પ્યો છે. જેમાં ગુણાતીત જ્યોતના સ્વરૂપોએ સાધનામાં સ્વાનુભવે જે કીર્તનો રચ્યાં છે તેમનો અપાર મહિમા સમજી એ સબીજ જ્ઞાનને સ્વામીજીએ વારંવાર બિરદાવ્યું છે ને સાધક-



ભક્તવૃંદ પાસે તેનું મનન-ચિંતન ને ગૂંજન કરાવ્યું છે. માહાત્મ્યના પાયા પાતાળે નાખ્યા. એ ભક્તિને અનુસરવા, મનતંત્રને એ સ્મૃતિમાં જોડી રાખવા એ આદર્શ કીર્તનો દ્વારા પ્રાર્થનાભાવ ધર્યા.

સાથે સાથે પૂર્વાશ્રમમાં પ્રભુદાસરૂપે સ્વામીજીએ કરાવેલી પ.પૂ.બા, પ.પૂ.બેનની સ્મૃતિઓ તથા અવારનવાર ગુરુહરિ પપ્પાજી-કાકાજીના મહિમામાં ગરકાવ કર્યા છે તેવા સ્મૃતિપ્રસંગોને તેમજ પપ્પાજી-સ્વામીજીની સ્મૃતિઓના મૂર્તિદર્શન પણ માણ્યા.

ત્યાર બાદ ગુરુહરિ પપ્પાજી અને પ.પૂ.દીદીના આશિષ માણ્યા તેનું મનન કરી આત્માનું સુખ માણીએ.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :**



સ્વામીજીને યોગીજીમહારાજે જ્યારે દીક્ષા આપી તે વખતે કહ્યું તું કે પ્રમુખસ્વામીજીમહારાજ અને સ્વામીજી બેય આખી દુનિયાને સત્સંગ કરાવશે. મહારાજ ને ગુણાતીતનો સંકલ્પ હતો કે, પાંદડે પાંદડે સત્સંગ ફેલાય એ કરાવવા માટે પ્રમુખ સ્વામીમહારાજ અને સ્વામીજી બેય તનતોડ પ્રયત્ન કરી રહ્યાં છે. જે આપણે દેશ-પરદેશ બધે જોઈએ છીએ. સ્વામીજી ગુણાતીત સત્પુરુષ છે. સંબંધે કલ્યાણ કરવા માટે સ્વામીજી રાત-દિવસ જોયા વગર વિચરણ કર્યા કરે છે. ધન્યવાદ છે સ્વામીજીને કે અનંતને સંબંધ આપીને અક્ષરધામ બક્ષિશમાં આપે છે. સ્વામીજીનો ગુણ લે છે, સ્વામીજીની આજ્ઞામાં વર્તે છે એ બધાંને મહારાજ અક્ષરધામ બક્ષિશ આપે. સ્વામીજી

જ્યાં જાય ત્યાં પવિત્ર તીર્થભૂમિ બનાવે છે. મહારાજ વખતે તો નહોતું જોયું પણ અત્યારે હરિપ્રસાદસ્વામીજી જે કાર્ય કરી રહ્યાં છે તેમાં મહારાજની ઝલક દેખાય છે. તો જે જે સંબંધમાં આવ્યા તે બધા તન, મન, ધન અને આત્માથી અક્ષરધામનું સુખ ભોગવે એવી પ્રાર્થના ને આશીર્વાદ.

આશીર્દાન પ.પૂ.દીદી : વર્ષો પહેલાનું પપ્પાજીનું પ્રવચન. કેટલું સરસ છે ! પપ્પાજીએ સ્વામીજીમાં મહારાજની ઝલક જોઈ એમ આપણે પપ્પાજીમાં મહારાજનું કાર્ય જોયું છે કે સ્ત્રીઓને એકાંતિક બનાવી. આજના ભજનો પણ બહેનોએ બહુ જ સરસ રીતે ગાયાં. આજની કીર્તન આરાધના બહુ સુખ આપી ગઈ, આનંદ આપી ગઈ. આજે ભજન સાંભળતા સાંભળતા ટી.વી.માં સ્વામીજીના પપ્પાજી સાથેના દર્શન થતાં હતાં. શું ભવ્ય દર્શન હતાં ! ભજન સાંભળીએ કે દર્શન કરીએ ? એવું થતું હતું. બહુ જ સભર સભર કરી દીધાં.



ગઈકાલે હરિધામ ગયા હતા. ખરેખર બહુ દુઃખદ પ્રસંગ કહેવાય. સ્વામીજીએ દાસત્વભાવ કાયમ રાખ્યો. જન્મ્યાં ત્યારથી નામ જ પ્રભુદાસ મળ્યું છે. દીક્ષા લીધી, સાધુ થયા તો હરિપ્રસાદ નામ મળ્યું. એ હરિનો પ્રસાદ છે. પ્રસાદ તો સૌ માટે હોય, પણ તે પ્રાસાદ છે. પ્રાસાદ એટલે ધામ. હરિનું ધામ હતું. ને એ આપણે જોયું. ક્યારેય કોઈ સત્પુરુષ અધૂરું કાર્ય રાખીને જતાં જ નથી. એમને અક્ષરધામમાંથી મહારાજે મોકલ્યા હોય ત્યારે ચાર્ટ દોરીને જ મોકલ્યા હોય છે કે જાવ આટલું કામ કરીને આવજો. એટલે એમને જેટલું કામ સોંપ્યું હતું એ મહારાજના દાસ થઈને એ કાર્ય કરી પાછા મહારાજ પાસે પહોંચી ગયા...

હે પપ્પાજી મહારાજ ! તમે જે આ કાર્ય અમને સોંપ્યું છે – બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની સેવા કરવાનો અધિકાર તમે અમને આપ્યો એમાં જે અધૂરી પાત્રતા છે એ પાત્રતા પૂર્ણ કરાવવાની કૃપા કરજો એ જ આપના ચરણોમાં પ્રાર્થના તે જ અમ સૌના, ગુણાતીત સમાજના ભાવ નીતરતાં જય સ્વામિનારાયણ.

## તા.૩.૮.૨૦૨૧ : પારાયણની પૂર્ણાહુતિની સભા અને મહાપૂજા...

સભાસંચાલિકા પૂ.સ્મૃતિબેન દવેએ રૂપરેખા કહેતા માહાત્મ્યથી સભર કર્યા. પ.પૂ.હરિપ્રસાદ સ્વામીજીમહારાજના સ્વધામગમને હૃદયના, ઈંદ્રિયો, અંતઃકરણના સર્વ પ્રાકૃતિકભાવોને, તેમના સંકલ્પ, જતન પરિશ્રમના દાખડાને સાકાર કરવા, દિવ્ય મૂર્તિમાં, દિવ્ય વચનમાં લયલીન રાખવા, ગુણાતીત ભાવોમાં ડૂબી જવા તેમના માહાત્મ્યના લેખનું પારાયણ થયું.

★ પુષ્પાર્પણ બાદ ગુણાતીત જ્યોતની પત્રિકામાંથી પ.પૂ.હરિપ્રસાદ સ્વામીજીની પરાવાણીની સ્મૃતિનો લેખ સાધકો માટે પ્રેરણારૂપ હતો તેનું વાંચન કર્યું. આ સાથે પારાયણની પૂર્ણાહુતિ કરી.

સુહૃદભાવની આહલેક જગાવતા આદર્શ ગુણાતીત સ્વરૂપ પૂર્વાશ્રમ નામે પ્રભુદાસ ! અને ભાગવતભાવે હરિપ્રસાદ સ્વામીજી જેમણે હરિનો પ્રસાદ આપી સ્વયં હરિનો પ્રસાદ બની આપણને સૌને તેમના ગણ્યા એ સ્વામીજીએ...

★ શ્રીજીમહારાજની સ્મૃતિ કરાવતા તેમના વચન સાકાર કર્યા તે છે, 'દાસના દાસ બની જે વર્તે સત્સંગમાં તેની ભક્તિના રંગમાં અમે રાચીશું...' ને શ્રીજીમહારાજને વશ કર્યા.

★ ગુણાતીતાનંદસ્વામીજીની સ્મૃતિ કરાવતાં બ્ર.સ્વ. યોગીજીમહારાજે સ્વામીજીને શરદપૂનમે બેન્ડવાજા સહિત દિવ્ય અક્ષરધામના વાતાવરણમાં અક્ષરદેરી ગોંડલમાં દીક્ષા આપી ગુણાતીતભાવ પમાડવાનું સ્વામીજીને એંજિન બનાવ્યું ને સ્વામીજીએ અનેક ડબ્બાઓ ભરી સંબંધે સૌના કલ્યાણ કર્યા ને અક્ષરપુરુષોત્તમને વશ કર્યા.

★ બ્ર.સ્વ.યજ્ઞપુરુષદાસ – શ્રી શાસ્ત્રીજીમહારાજ



જેવી શૂરવીરતા આધ્યાત્મિક સમતાએ અનેકને અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના હૈયામાં સ્થાપી સેવાધર્મના રાહે ચલાવતાં સંત સમાજ, આત્મીય સમાજ, સહિષ્ણુ સમાજ ને વ્રતધારી બહેનો માટે ભક્તિઆશ્રમની સ્થાપના કરી. તેમના શ્લોકમાં લખાયું છે કે –'ભેદે સાક્ષી અનંતના સ્વરૂપ આ શાસ્ત્રીમહારાજનું...' ને ગુણાતીત સ્વરૂપોને વશ કર્યા.

★ બ્ર.સ્વ.શ્રી જ્ઞાનજીવનદાસ – શ્રી યોગીજીમહારાજે પ્રસન્ન થકા આશિષ અર્પી કહ્યું કે, 'સત્સંગનું બીજું એન્જિન છે...' પ્રભુદાસના ચૈતન્યને પીછાણી સંસારને દિવ્યતા અર્પી, સંન્યાસી બનાવી અનેક યુવકોને પ્રાણ બનાવ્યા. જેમણે 'યુવકો મારું હૃદય છે' એમાંનું યોગી હૃદય એટલે સ્વામીજી ને એમણે 'યુવકો મારું સર્વસ્વ છે.' કહી અક્ષરાધીશ પ્રભુને વશ કર્યા.

★ બ્ર.સ્વ.કાકાશ્રીમહારાજનું સેવન કરી નિર્દોષબુદ્ધિના રાજમાર્ગે ડગ ભરી, બ્ર.સ્વ.યોગીજીમહારાજના કાર્યમાં, અભિપ્રાયની ભક્તિમાં ભળી, યોગી–ડિવાઈન સોસાયટીનું સર્જન કરી, તેના પ્રણેતા બન્યા ને શ્લોકમાં ગવાયું – 'કાકા ને વળી આપ દિવ્ય દ્વયનું અદ્વૈત અનોખું જ છે...' એ અદ્વૈત ઐક્યતાએ યોગીજીના તિલાટકુંવર કાકાશ્રીને વશ કર્યા.

★ બ્ર.સ્વ.ગુરુહરિ પપ્પાજી મહારાજનું સેવન કરી, માહાત્મ્યને પીછાણી અક્ષરધામના તખતમાં જે આત્મીયતા, સ્વધર્મ ને ભક્તિનો સુમેળ તારદેવના સાધનામંદિરમાં નિહાળ્યો એ ક્રાંતિકારીકાર્યમાં, અક્ષરપુરુષોત્તમની સંસ્થાને કોટિ વંદન કરતાં, જીવનપ્રાણ યોગીજીનો વિરહ સહ્યો ને ગુરુહરિ પપ્પાજીમહારાજના વચને સંપ, સુહૃદભાવ, એકતાનો બ્રહ્મસમાજનો ગુણાતીત ધ્વજ લહેરાવી, પપ્પાજીમહારાજના વચને આચારસંહિતા પુસ્તકને સર્વમાન્ય ગણી. બહેનોને સાધુ બહેનો થકી દીક્ષા અપાવી, ત્યાગી સંતોને બનાવવાનો પ્રથમ પ્રારંભ ગુરુહરિ પપ્પાજીમહારાજના ગુણાતીત જ્યોતના મંદિરમાં કરાવી દાસત્વભક્તિ અદા કરી. આ શ્રી યોગીસંકલ્પ સ્વરૂપ ગુરુહરિ પપ્પાજીની અપાર પ્રસન્નતા લઈ પપ્પાજીને વશ કર્યા.

એવા ગુણાતીત સમાજના પ્રાણાધાર પ.પૂ. હરિપ્રસાદસ્વામીજીએ 'સરસ એક સહજાનંદ', 'સહૃદયી' જેવા અનેક શાસ્ત્રો સ્વહસ્તે લખ્યા. અનેક લેખ લખ્યા આશ્રિતોએ એને કીર્તનોમાં વણ્યા અને છેલ્લી કક્ષાની પ્રાપ્તિ માટે 'દાસના દાસ' સૂત્ર આપી જાગ્રત કર્યા ! તો આ જતનને જીવન બનાવીએ તેવી પ્રાર્થનાથી પારાયણની પૂર્ણાહુતિ કરી મહાપૂજાનો આરંભ કર્યો.

**મહાપૂજા પ્રારંભ :** આજે યજમાનરૂપે સર્વ ત્યાગી બહેનો વતી જૂના જોગી સ્વરૂપ ગણાય તેવા પ.પૂ. મણીબા જેમને સ્વામીજીએ પૂર્વાશ્રમના યોગમાં દિવ્ય બેન બનાવેલા તેમણે સ્થાન લીધું. સર્વ સ્વરૂપો વતી પ.પૂ.નિલમબેન, પ.પૂ.સવિતાબેન બોરડીટીંબા





અને સર્વ ગુણાતીત સમાજ વતી સોખડા રહેવાસી પૂ.દયાભાભી અને પૂ.ચંપાભાભી જેમણે સંસારી થયા પછી આત્મારૂપે જીવી સમગ્ર જીવન ગુણાતીત સ્વરૂપોના ચરણે ધર્યું છે. તેવા સ્વરૂપો બિરાજ્યા. પૂ.કલ્પુબેન દવેએ સમગ્ર મહાપૂજાની વિધિ સુંદર રીતે કરી. પ.પૂ.હંસાદીદીએ સ્વસૂરમાં પૂ.નિલમબેને લખેલા પ્રાર્થનાભાવ ને સંકલ્પભાવનું વાંચન કર્યું.

હે સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન

હે પૂર્ણ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીજી

હે પૂર્ણ અક્ષરપુરુષોત્તમનું સાકાર સ્વરૂપ દિવ્ય શાસ્ત્રીજી મહારાજ

હે સનાતન સાધુતાનું સ્વરૂપ પ.પૂ.યોગીજી મહારાજ આ ચારેય સ્વરૂપોને ધારનાર

હે ગુરુહરિ પ્રગટ સાકાર સાક્ષાત્ પૂર્ણ બ્રહ્મનું સ્વરૂપ પ.પૂ.પપ્પાજી

હે પ્રગટ પૂર્ણ સચેતન સાક્ષીભાવે વિચરતું સ્વરૂપ પ.પૂ.કાકાશ્રી

હે અનંત અવિનાશી પરમ પ્રીતનો મહાસાગર પ.પૂ.સોનાબા

હે અનાદિથી આત્મીયતા વહાવી પરમદાસત્વને ધારી પરાભક્તિનો પરમ ધોધ વહાવનાર સાક્ષાત્ પ.પૂ.હરિપ્રસાદ સ્વામીજી !

આજે પ્રગટ પ્રત્યક્ષ ધામ, ધામી મુક્તોની મહાપૂજા કરી આપના સૌના અનંત ઋણને ચૂકવવાનો રજ ભર પ્રયત્ન કરીએ છીએ. આજે આપના દિવ્ય વિગ્રહ વિભૂતિ પ.પૂ.હરિપ્રસાદ સ્વામીજીના અક્ષરધામગમન નિમિત્તે તેમના પરમ અલૌકિક યુગકાર્યના અદ્ભુત આંતરિક અનુભવની ધન્યતામાં રહીને આપના અને સૌના પ્રગટ સ્વરૂપોને શ્રી ચરણે અશ્રુભરી હૃદયાંજલિ ધરીએ છીએ ! દૃઢ સંકલ્પથી કર્તવ્યની અંજલિ અર્પીએ છીએ.

- ભૂલકુંની યાત્રામાં ક્યાંયે ચૂક થાય નહીં.
- આત્મીય તો સૌ કોઈ છે જ મારે બનવું છે જ. તો પળેપળે તેવો બુદ્ધિયોગ આપશો.
- ભક્તિ બુદ્ધિથી આપને પળેપળે પ્રત્યક્ષ સાકાર અંતર્યામી માનીને સંકલ્પ, ભાવ ને ક્રિયા થાય.
- પ્રત્યેક ગુણાતીત પુરુષોમાંથી નિતરતી કરુણા અને પરાભક્તિથી ભીંજાઈને સંપ, સુહૃદભાવ, એકતાના માર્ગે સહજ સરળભાવે નિરંતર દોડતાં જ રહેવાય.
- આપની અપ્રતિમ સાધુતાને જ્ઞાન ગરીબાઈના જે દર્શન કર્યા છે. તેનું મનન, ચિંતન, સાક્ષાત્કાર કરીને તે ગુણ પ્રગટાવીએ.
- દાસના યે દાસ બનવામાં જે અહમ્, બુદ્ધિ અને હૃદય ભાવનાઓ આડી આવતી હોય તેને આપનાં બળે આપના આશરે આપની મૂર્તિના સ્મરણથી ટાળીએ.

– અમ સૌમાં સંબંધયોગની નિષ્કામ દૃષ્ટિ આવે અને જે સેવા કરીએ તેમાં ખપ, ગરજ અને મહિમા પળેપળ વહેતો રહે.

– આપનાં સર્વે સંબંધવાળામાં પ્રેમ, પ્રાર્થનાથી ખોવાઈ જઈએ અને અપેક્ષા – ઉપેક્ષાથી પર થઈને નિરપેક્ષભાવે વર્તી લઈએ.

– આપના એકપક્ષીય સંકલ્પ, ભજનના શ્રમને કારણે ગુણાતીત સમાજ – આત્મીય સમાજ જે પૃથ્વી પર અસ્તિત્વમાં આવ્યો છે તે સર્વમાં આપને નિહાળી આપની પ્રસન્નતા માટે જ નમી ખમીને આપને ગમી જઈએ. તેવી જાગ્રતતા અને જાણપણું ઉગાડજો.

– આપના સર્વે આધ્યાત્મિક મનોરથ અમારા રોમરોમમાં સાકાર બને. અને આપના સ્વરહિત યંત્ર બનીને દાસત્વભર્યું સહજ વર્તન કરીએ.

આજે ખૂબ પ્રાર્થના કરી છે. તે કદીયે ભૂલીએ નહીં. આપની ‘પ્રસન્ન’ નજર અમારા સૌનાં જીવનનું ધ્યેય બની રહે.

આપ અમારાં વિચાર, વાણી, વર્તનમાં પ્રગટ પ્રત્યક્ષ થાઓ તેવી અમ સૌની જીવનભાવના બની રહો !

એજ ગુણાતીત જ્યોતનાં સર્વે સ્વરૂપો, ભક્તો, સાધકો વતી પ્રાર્થના, કાકલુદીભરી યાચના.

આપ સૌ આજે મહાપૂજામાં પધાર્યા છો જ તો નિરંતર અમારાં હૃદયમંદિરમાં બિરાજમાન રહેશોજી..

ત્યાર બાદ અનિર્દેશની નામાવલિ બોલી, સંકલ્પ સિદ્ધિ માટે ધૂન કરી થાળ, આરતી, મંત્રપુષ્પાંજલિ બાદ વિસર્જન વિધિ કરી મહાપૂજાનું સમાપન કરી, યોગી ડિવાઈન સોસાયટીના સંતોએ રચના કરેલ પ્રાર્થનાભજન ‘હે કરૂણાનિધિ સ્વામી...’ ગાયું.

ત્યાર બાદ સ્મૃતિઓની સૌરભ માણતા આશીર્વાદનો પ્રસાદ માણ્યો. તે માણીએ.

પ.પૂ.મણીબા : સ્વામીજી જ્યારે યુવક હતા ત્યારે મારે ઘેર આવતા ને તેમણે મને મોટી બેન બનાવેલી. યુવકો માટે અવારનવાર નાસ્તા બનાવી રાખતી. તે આવે ત્યારે લઈ જતા ને ખાલી થાય ત્યારે કહેતા કે, ‘મોટી બેન, નાસ્તાના ડબ્બા ખાલી થયા છે.’ એટલે હું પાછી નાસ્તા કરી દેતી. આમ મને યુવકો, સંતોને



જમાડવાની સેવા મળી છે. યોગીબાપા આપણા ઘરે ઘણીવાર પધાર્યા છે. મધુભાઈ (મણીબેનના પતિ) સાથે કંઈ બને તો એમાં મારું ઉપરાણું લે કે મોટીબેનને કાંઈ નહીં કહેવાનું. જ્યારે મધુભાઈ સાધુ થવા ગયા ત્યારે પ્રભુદાસભાઈએ મારું બધું કામ કર્યુ છે. પછી જ્યારે એમને પોતાને સાધુ થવાનું થયું ત્યારે એમને ઘરેથી કોઈ રજા નો’તા આપતા તે મેં કહ્યું, ‘સાધુ થવા દો. હા પાડશો ને સાધુ થશે તો બધાં એને માનશે ને તેનું પુણ્ય તમને મળશે.’ ને બધાએ સાધુ થવા રજા આપી. આમ આ બધી સેવાના ફળસ્વરૂપે અત્યારે કોઈ ચિંતા નથી. ભગવાને સુખિયા કરી દીધાં છે.

આશીર્દાન પ.પૂ.દીદી : યોગીબાપાની આજ્ઞાથી પપ્પાજી–કાકાજીએ બહેનોને ભગવાન ભજાવવાનું કાર્ય હાથ લીધું. એમાં યોગીબાપાએ કાકાશ્રીને સાક્ષાત્કાર કરાવી પપ્પાજીને આફ્રિકાથી બોલાવી લીધાં ને બહેનોના કાર્યની સોંપણી કરી. તે બેમાંથી ૫૧



થયા ને ૫૧માંથી વધતા રહ્યા. ને ૧૯૬૬માં બાપાએ સ્વતંત્ર કાર્ય કરવાની છૂટ આપી ને આપણું આ સ્થાન બની ગયું.

પપ્પાજીને કેવો પરવાનો આપ્યો ને પપ્પાજીની જીગર તો જુઓ ! ચોથા જ દિવસે બહેનોને ભગવા વસ્ત્રો આપી દીધાં. વિમુખ પ્રકરણ વખતે હરિપ્રસાદ સ્વામીજી યોગીમહારાજને મળવા ગયા પણ ના મળી શકાયું. પાછા આવ્યા ત્યારે તેમના માટે મંદિરના દરવાજા બંધ થઈ ગયેલા. ને આમ બહેનોને કારણે આપણી સાથે છૂટા થયેલા. જો એ દરવાજા બંધ ના થયા

હોત તો સ્વામીજીએ જે કાર્ય અત્યારે કર્યું તે ન થાત. એને માટે પણ સાનુકૂળતા જોઈએ. એવી સાનુકૂળતા બાપાએ કરી આપી એ બાપાના કર્તાહર્તાપણાના દર્શન થાય છે. કાકાજી-પપ્પાજીથી આખો ગુણાતીત સમાજ રચાઈ ગયો. મહારાજના વચન છે.૨૬ ના સાધુ બહેનો થકી બહેનો સાધુ બને.. પણ એવી બહેનો સાધુ બનવી જોઈએ ને ! એ કાર્ય પપ્પાજીએ કર્યું.

સ્વામીજી સાધુ સ્વરૂપ હતા તો ઘણું વિચરણ કરી શક્યા. સ્વામીજી પોતાના મટચા તો અનેકના થયા. પોતાના શરણમાં આવેલાને પાત્રતા આપી શક્યા. એમ આપણે આપણું મૂકવું પડે. તો સામા જીવને તેવી પાત્રતા આપી શકાય. સંબંધમાં આવનારના પ્રકૃતિ સ્વભાવ બદલી શકાય. આપણે મહિમા સમજવો છે. પ્રાર્થના, સંકલ્પથી સૌનું જતન કરીએ તેવા થવું છે.

સ્વામીજીએ આપણું બહુ કાર્ય કર્યું છે. ૧૯૬૩માં દિવાળી કાર્ડમાં યોગીબાપાના આશીર્વાદ લખાવી આપી કાળજીથી પોષ્ટ કર્યું. એ રૂડાં આશિષ મળ્યા ને સિદ્ધ થતાં જોઈ રહ્યાં છીએ. એ સ્વામીજીની સેવાભક્તિ ક્યારેય નહીં ભૂલાય.

૧૯૬૪માં અમે પત્ર લખ્યા વગર ગોંડલ ગયેલા. બાપાએ અગાઉથી પ્રભુદાસભાઈને કહેલું કે ૫૦ ભક્તો આવે છે તો રસ-પુરીની રસોઈ જમાડવી છે. રસ કાઢો. પ્રભુદાસભાઈને થાય કે કોઈનો કાગળ આવ્યો નથી ને ! ત્યાં તો દોઢ-બે વાગ્યે અમે પહોંચ્યા. તો પ્રભુદાસભાઈ કહે, 'ડોસો જબરો અંતર્યામી છે.' આમ બાપાએ અંતર્યામીપણે રસોઈ બનાવડાવેલી. તે સ્મૃતિ.

૨૦૦૬માં પપ્પાજી સ્વધામ પધાર્યા ત્યારે સ્વામીજી પધાર્યા ને જતાં જતાં કહ્યું કે ૧૧મી જૂને પ્રાર્થનાસભા રાખીશું. આમ પપ્પાજીના દીકરા બનીને આખા આ પ્રસંગનું બધું ઉપાડી લીધું.

૨૦૧૨માં શાશ્વતધામનું ઓપનીંગ મારે સ્વામીજીના હસ્તે જ કરાવવું હતું તો તેમ થયું. આ બધું ભૂલાય તેમ નથી.

૨૦૧૮માં જ્યોતિબેનને મુંબઈ લીલાવતી હોસ્પિટલમાં લઈ ગયા ત્યારે સ્વામીજી પણ આ જ હોસ્પિટલમાં હતા. જ્યોતિબેનના સમાચાર જાણી સ્વામીજીની આંખમાંથી અશ્રુ વહી ગયા. એ કેવી આંતરિક આત્મીયતા !

★ ૧૯૯૬માં ભક્તિઉત્સવે હૈયામાં ભાવ હતો કે ૧૪ લોકની સ્મૃતિમાં ૧૪ ઘોડાનો રથ બનાવીને પપ્પાજીને બિરાજમાન કરીએ. એટલે પપ્પાજીને કહ્યું તો પપ્પાજી તરત કહે કે 'સ્વામીજીને ?' તો મેં કહ્યું, 'એમને માટે ગાડીઓ શણગારીશું.' તો રાજી થયા. ને સૌને એકસરખા હાર અર્પણ કર્યા. એ માહાત્મ્ય પપ્પાજીને ગમતું. તો એ સમન્વય થયો એમાં એ રાજી થયા તો સુખ આવે છે.

★ આજે આ પ્રાર્થનાસભા ને મહાપૂજા કરી તે પ્રભુ સુધી પહોંચાડવા આ સેવા કરી છે. આજે સાહેબજીએ નિર્ણય આપ્યો તેમાં પણ પૂ.વિઠ્ઠલફુઆ ને પૂ.અશોકભાઈએ પણ કેવું કહ્યું ! કે અમારે તો જે વારસદાર નીમો તેની સેવા જ કરવી છે. આ સેવાનો કેવો મહિમા હશે ! આપણે જે કંઈ કરીએ છીએ તે આપણા માટે જ કરીએ છીએ.

★ સાહેબજીએ કેવા આશિષ આપ્યા કે આ પાંચની કમિટિ પાંચ ગણુ કાર્ય કરશે. તો આનંદ થયો. ભગવાનનું સુખ વગર પ્રયત્ને આવ્યા કરે તે મોટો છે. ને એને ભગવાન સૂઝ પાડશે ને એ સ્વીકાર્ય થશે. એમાં કોઈ નાનો મોટો નથી. આપણે અખંડ ભગવાનમાં રહેવું છે. ક્યારેય કોઈનોય અભાવ લેવો નથી. સ્વધર્મ ચૂકવો નહીં. આપણા માટે આચારસંહિતા જબરજસ્ત શાસ્ત્ર છે. તે પ્રમાણે જીવીએ ને આ અક્ષરધામમાં અક્ષરધામનું જ પ્રારબ્ધ ઊભું કરવું છે. છતીંદેહે પપ્પાજીને ને સૌ સ્વરૂપોને પહોંચે તેવી સેવા કરવી છે. સુખ લેવું છે. બસ, આપણે એકાંતિક ધર્મ સિદ્ધ કરવો જ છે. તે માટે પપ્પાજી, સ્વામીજી ખૂબ બળ આપે એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.હરિપ્રસાદ સ્વામીજી :** પપ્પાજીનું મૌન એ જ આપણો વિકાસ છે. તેમને સંભાર્યા કરવા છે. આપણી નિર્દોષબુદ્ધિ એ આપણો વિકાસ છે. યોગીજીમહારાજે શરદપૂનમે ગોંડલમાં



બહેનો માટે વચન આપ્યા કે, 'બહેનો ભગવાન ભજે તો શું ખોટું? ને તમે એના નિમિત્ત છો.' એ મેં સાંભળેલું. બાકી બહેનોનું કાર્ય કરવું એ આગમાં હાથ નાખવા જેવી પ્રવૃત્તિ છે. પણ આ કાર્ય ગુણાતીત પુરુષ વગર જોગી કોઈને સોંપે નહીં. આ કાર્યમાં બાપાએ બંને ભાઈઓને નિમિત્ત બનાવ્યા.

બંને ભાઈઓને બાપાની મીઠી દૃષ્ટિમાં જોયા છે. કાકાશ્રીને ને પપ્પાજીને અમે કપોળવાડીમાં જોયા છે. મારું ટપાલ લઈને ઉપર ચઢવાનું થયું ત્યાં નોંધાયું કે બાપાની એકધારી નજર તેઓ તરફ હતી. મને ખૂબ આનંદ થયો'તો. તેમ પપ્પાજીની નજર આપણી તરફ છે. ગુણાતીત જ્ઞાનનું નવનીત– 'પોતાનું કરી લેવું' તે તરફ પપ્પાજીની નજર હતી તેવી આપણને રખાવવા માંગે છે. તો તેવી નજર રાખવાની જાગ્રતતા આપણે રાખવી છે. આપણે એકધારી રુચિ રાખવી. કૃપા વગર સુહૃદભાવમાં એન્ટ્રી નથી. અક્ષરબ્રહ્મ રૂપે નારાયણને જોતા થવું છે. એક થવું છે. અનંત કલ્યાણકારી ગુણનું જાણપણું સુહૃદભાવ વગર શક્ય નથી. પપ્પાજી, કાકાજીની રુચિ પ્રમાણે વર્તવાનો દૃઢ ઠરાવ કરીએ. આ જીવનમાં નહીં હોય તો પોતાની રીત અંગ નડશે.

બાપાની આ લીલી વાડીમાં બહેનો નિમિત્ત બન્યા. પપ્પાજીને સુહૃદભાવની અપેક્ષા છે. આ સ્વરૂપોમાં હું જોયા કરતો. તેઓ સંપૂર્ણ સ્વરૂપ છે. મને પપ્પાજીની નિર્દંભતા ખૂબ ગમતી. તેમની ભાવના પોતાનું કરી લેવા તરફ રહેતી ને રખાવતા. તેમના જીવનમાં કોઈ મહોબત, સારપ ના મળે. એ હું તારદેવમાં નિહાળતો હતો. બસ, જોગી તું રાજી થા. એ પપ્પાજીનું અંતિમ લક્ષ હતું. જોગી જોકર લઈને મંડ્યા. ધામ, ધામી, મુક્તો જ સત્ય છે. તેવા પ્રભાવથી જીવતા તે મને ગમતું.

તો અમારું સંકલ્પથી ધ્યાન રાખજો. દૃષ્ટિથી સેવજો. તમારા ગમતામાં રહેવાની અમારી ફરજ છે. આજે તમારી પાસે માંગવાનો દિવસ છે તો જોગીનો આખો સમાજ તમારા સથવારે એક થઈને જીવીએ એ જ પ્રાર્થના.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજીમહારાજ :** ખૂબ આનંદની વાત છે કે જ્યારે જ્યારે કોઈ પ્રસંગનું ઉદ્‌ઘાટન હોય, વ્રત, દીક્ષા જેવું હોય ત્યારે અચૂક સ્વામીજી પધાર્યા જ હોય. આ વખતે પણ તેઓ અચાનક પધાર્યા.



સ્વામીનો ઉદ્દેશ હતો તેમ અક્ષરના બે જ સ્વરૂપ છે. બધાં જ પુરુષોત્તમનારાયણ તરફ જોઈ રહ્યા છે. આ અક્ષરધામનો ચિતાર છે. તે ચિતાર પૃથ્વી પર સાકાર કરવો હતો તે થઈ રહ્યો છે.

યોગીમહારાજે ગુણાતીત સ્વરૂપો બક્ષિસ આપ્યા છે. જેમાં જોડાયા છો તેની પ્રસન્નતા માટે જીવવું છે. તેમની અનુવૃત્તિ પ્રમાણે જીવવું છે. તેવો ગુણાતીત સમાજ એક થયો. ભેદ વગરની દૃષ્ટિ કરી દીધી.

મોટેરાં તેવું માને છે ને મનાવી રહ્યા છે. વ્યાપકમાં ગુણાતીત સ્વરૂપને જોવા છે. એ અઘરું છે. ગમતુ કરે ત્યારે તો મનાય પણ એ ગમતું ન કરે ત્યારે અઘરું છે. આપણી માન્યતાની, સમજણની વિરુધ્ધ વર્તે ત્યારે થાય કે આ વફાદારીથી વર્તતો નથી. અભાવ લે છે. વગેરે વગેરે લૌકિક અલૌકિક શાસ્ત્રોની માન્યતા આડી આવે. પણ આવા અનાદિ સ્વરૂપો દુનિયામાં બધે ફરતાં કરી દીધા. ને ગુણાતીત ભાવનાથી ચાલતો સમાજ ઘડી દીધો. જે સાકાર બ્રહ્મની અનુવૃત્તિ પ્રમાણે વર્તે છે. એમની આજ્ઞાથી આપણે જીવીએ.

નિષ્ઠા પરિપક્વ કરવા જગત ખેરવવા સૌએ નિષ્કામ સેવા કરી સ્વામીજીને રાજી કરવા બધું કર્યું. દરેકને સાધુ પાસે જવું છે, જવાનું છે તે ધ્યાન છે. ને એ અખંડ રહેવું જોઈએ.

એ આપણને સેવા સોંપે ત્યારથી એ આપણો દોર પકડે છે. એ પૂરું ન થાય ત્યાં સુધી આપણે ધારીએ કે આપણે કરીએ છીએ. પણ ના. એ એમની પ્રાર્થનાનો પ્રતાપ છે.

આ જાતની અક્ષરરૂપ થવાની પ્રેક્ટીસ કરો. બાપા એનું કામ કરશે જ. ને આપણે એ કર્યા કરવાના હેવા પાડી દઈએ. થનારી હોય તે થાય. અક્ષરધામની સમાધિ ગઈ ને તેમાં ટક્યા એ હારી ગયા. વફાદારી ચૂક્યા. સંબંધ ગયો. ત્યાં તમે જેમ રાખો તેમ રહીશું તેવી ભાવના પકડી રાખજો. ‘આતશકા મેહ વરસે તોય ન દાઝે મેરા રોમા. એમ મસ્તીમાં રહીએ. જોગીએ બહુ કૌભાંડ રચ્યાં. ને અમને પ્રેક્ટીસ આપીને નિર્દોષબુદ્ધિ દઢ કરાવી દીધી.

આ રીતે આપણને બાપાએ પકડી રાખ્યા. સ્વરૂપોમાં ત્રિકાળમાંય મનુષ્યભાવ નહીં. એના સંબંધવાળામાં એ જ છે. એ માન્યતા દઢ કરીએ. તેવા આશીર્વાદ સ્વામીજી આપે એ જ પ્રાર્થના.

આ રીતે પારાયણ ને મહાપૂજા પૂર્ણ કરી સૌ નવો જન્મ પામી સ્વરૂપ તરફ દષ્ટિ રાખી જીવવાના સંકલ્પ કરી છૂટા થયા.





★ તા.૮.૮.૨૦૨૧ – વાર્ષિક મહાપૂજા સ્મૃતિદિનના આ મંગલ દિને પ.પૂ.હરિપ્રસાદસ્વામીજીના દિવ્ય અસ્થિપુષ્પકુંભ લઈ સંત સ્વરૂપો અને આત્મીય અંબરીષ ભક્તો પ્રભુકૃપામાં પધાર્યા. ત્યાં પૂ.વિજ્ઞાનસ્વામીજી તથા સંતો અને ગુણાતીત પ્રકાશના ભાઈઓ તથા વિદ્યાનગર મંડળના ગૃહસ્થ ભાઈઓએ દિવ્ય અસ્થિપુષ્પકુંભનું પૂજન કર્યું.

ત્યાર બાદ પ.પૂ.દીદી, પ.પૂ.દેવીબેન, પ.પૂ.જસુબેનની સંનિધિમાં ગુણાતીત જ્યોતના પ્રાંગણમાં દર્શન, પૂજન, આરતીનો ગુરુસ્વરૂપોએ, સાધકો તેમજ ભક્તોએ લાભ લીધો. તેમજ ધૂન, ભજન, મંત્રપુષ્પાંજલિ કરી ભાવપુષ્પોની હૃદયાંજલિ અર્પણ કરી.





પ્રભુ સાંનિધ્યે બિરાજ્યા...

★ **માણાવદર મંડળના જૂના જોગી પૂ.ગોરધનભાઈ છગનભાઈ રતનપરા તા.૨૧.૭.૨૧ના અક્ષરનિવાસી થયા છે.**

આખી જીંદગી સત્સંગપ્રધાન જીવન જીવ્યા. પુષ્પાબેનને વર્ષો પહેલા ભણાવી-ગણાવીને સત્સંગના, ભક્તિના સંસ્કાર સાથે ગુણાતીત જ્યોતમાં નાની ઉંમરે પૂ.હેમકુંવરબા અને પૂ.ગોરધનભાઈએ ભગવાન ભજવા રાજીખુશીથી મોકલ્યા.



તેમના સંતાનો શશીકાંતભાઈ, શોભનાબેન અને ઈલાબેનને સત્સંગના સંસ્કાર આપ્યા. આજે તેઓના કુટુંબના સર્વે મુક્તો પેઢી – દરપેઢી સત્સંગમય પ્રત્યક્ષની નિષ્ઠા સાથે સર્વદેશીયભાવે જીવન જીવી રહ્યાં છે તેના પાયામાં ગોરધનબાપાની છુપી ભક્તિ છે. પૃથ્વી પર આવું સત્સંગપ્રધાન જીવન જીવી ૮૨ વર્ષની વયે અક્ષરધામનિવાસી થયા છે તેવા ગોરધનબાપાને જ્યોતના સર્વ બહેનોના શ્રદ્ધાંજલિ સાથે જય સ્વામિનારાયણ અને ગુરુહરિ પપ્પાજી અને સર્વે સ્વરૂપોના આશીર્વાદ છે.

★ **અમેરીકાના પૂ.દિલીપભાઈ શાહ તા.૩.૮.૨૧ના અક્ષરનિવાસી થયા છે.**

પૂ.દિલીપભાઈ નાનપણથી જ ખૂબ તેજસ્વી. ભણવામાં ખૂબ જ હોંશિયાર હતા. વડનગરમાં ધોરણ ૧ થી ૧૦ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ સાથે ભણ્યા. એસ.એસ.સી.માં ટોપ ટેનમાં આવ્યા. ત્યારબાદ અમેરિકામાં સ્થાયી થયા ને L.A.માં ડૉક્ટર તરીકે સેવા આપતા હતા.



પૂ.હર્ષિદાબેન સાથે લગ્ન થયા ને સત્સંગનો જોગ થયો. પૂ.હર્ષિદાબેનને ગુરુહરિ પપ્પાજી અને ગુરુ પ.પૂ. દેવીબેન સાથે આગવો સંબંધ. તેમને જીવમાં એકદમ અજોડ, દઢ નિષ્ઠા અને અદ્‌ભુત પ્રીતિ. બંને મુક્તોએ આત્માનો સત્સંગ કર્યો. ક્યારેય કોઈ વાતનો દેખાડો નહીં. ખૂબ જ પવિત્ર જીવન. દિલીપભાઈનો તેમને ખૂબ જ સાથ હતો. હર્ષિદાબેન રોજ જ દેવીબેનને ફોન કરે ત્યારે તેઓ પણ જય સ્વામિનારાયણ કરતા. ગૃહસ્થાશ્રમી રહી પોતાના કર્તવ્ય-કર્મો કરી ગુરુહરિ પપ્પાજી અને ગુરુને નિશ્ચિંત કરી દીધાં.

તા.૩જી ઑગષ્ટે દિલીપભાઈનો જન્મદિવસ હતો ને અચાનક જ હાર્ટ એટેક આવી ગયો. હર્ષિદાબેનના સંબંધે તેઓ અક્ષરધામમાં બિરાજી ગયા. કુટંબીજનોને આ આઘાત ઝીરવવાનું ગુરુહરિ પપ્પાજી ખૂબ બળ આપે એ જ પ્રાર્થના.

પપ્પાજીના સાંનિધ્યમાં સાંપડેલું...

એક દિવસ મંગલ પ્રભાતે કૃપાલાભ આપતાં ગુરુહરિ પપ્પાજી ગાવા લાગ્યા –

'અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે
જીવનમુક્ત જોગીયા અંતર અરોગી રે...'

અરોગી – અંતરમાં રોગ નથી. એટલે કર્તાહર્તાપણું ભગવાનનું માને છે. અહંકાર એ રોગ છે. 'હું કેટલું સરસ જીવું છું !' 'સરસ સેવા કરું છું' અથવા 'હું તો આમ છું ને તેમ છું. એમ પોઝીટીવ ને નેગેટીવ બેય અહંકાર છે. જીવ શું કરી શકવાનો ? એ તો એને ભગવાન મળ્યા છે એ એને આગિયામાંથી સૂર્ય બનાવવાના છે. તે માટે ભગવાન કેટલો દાખડો કરે છે ! આપણે ક્યાં કાંઈ કરવાનું છે ?

સાધક : તો કથાવાર્તા, સેવા કરવાનું કહે છે એ શું ?

પપ્પાજી કહે, 'હા. કહે છે એટલા માટે કે મન વાંદરા જેવું છે. આપણા કંટ્રોલમાં નથી. એટલે મનને કથાવાર્તામાં એંગેજ રાખો. નહીં તો કલ્પના કરી કરીને નકામું ખાઈ જશે. સુખ નહીં ભોગવવા દે.'

## તા.૧૫.૮.૨૦૨૧ : 'બ્રહ્મકિલ્લોલ ગ્રુપ'ની શિબિર...



ઈ.સ.૧૯૫૨ થી ૧૯૬૬ મે મહિના સુધી તારદેવના સાધના મંદિરમાં બહેનો સાધના કરતાં. તેમાં આધ્યાત્મિક જતનના ભાગરૂપે ગુરુહરિ પપ્પાજી મહારાજે ઈ.સ. ૧૯૫૯માં ખંડાલા ધામે મોટેરાં બહેનો અને બાળકોની પ્રથમ શિબિર કરેલી. ત્યારથી વર્ષોવર્ષ શિબિર થતી રહી છે.

૧૯૬૬માં સાધક બહેનો માટે કાયમી નિવાસ સ્થાનની વિદ્યાનગરમાં 'ગુણાતીત જ્યોત'ની સ્થાપના થઈ ત્યારથી ગુણાતીત જ્યોતની અનેક વિધ પ્રવૃત્તિઓમાં, પાયામાંથી બાળકોને ભક્તિના સંસ્કાર મળી રહે તેવા શુભ ઉદ્દેશથી બાલિકા, કિશોરી, યુવતીઓની શિબિર સભાઓનું આયોજન પ.પૂ.હંસાદીદીના નેતૃત્ત્વ હેઠળ વર્ષોવર્ષ થતું રહ્યું છે. તે આજ દિન સુધી ચાલુ છે.

આ બાલિકા, કિશોરી, યુવતીઓના ગ્રુપનું વિશેષ નામાભિધાન પ.પ.હંસાદીદીની પ્રેરણાથી 'બ્રહ્મકિલ્લોલ ગ્રુપ' રાખ્યું છે. આ ગ્રુપની શિબિર સભાઓ પૂ.ડૉ.પંકજબેન, પૂ.ઈલાબેન મારડિયા તથા પૂ.મધુબેન ભાલાળા નિયમિત રીતે કરે છે.

જેમાં ગુણાતીત જ્યોતના માવતર સમ સદ્‌ગુરુ સ્વરૂપો લાભ આપે છે. સ્વામિનારાયણ સંપ્રદાયની પરંપરા, બ્રહ્મજ્ઞાન, સાંસ્કૃતિક પ્રવૃત્તિ, શૈક્ષણિક માર્ગદર્શન, બ્રહ્માનંદી રમતગમત તેમ જ ખેલકૂદના આનંદભર્યા આયોજનો દ્વારા આ બાળકોનું જતનભર્યું સિંચન થાય છે.

તા.૧લી સપ્ટેમ્બર ગુરુહરિ પપ્પાજી મહારાજના ૧૦૫મા પ્રાગટ્ય પર્વ નિમિત્તે વિશેષ સભા તા.૧૫.૮.૨૦૨૧ના યોજેલી. જેમાં પૂ.હંસાબેન ગુણાતીત તથા પૂ.તરૂબેને વિશેષ લાભ આપ્યો હતો. શિબિર સભામાં ભાગ લેનાર સૌ મુક્તોને વિશેષ સ્મૃતિભેટ અર્પણ કરી હતી. પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવ તથા ગુણાતીત ગરિમા પર્વના જયનાદ સાથે સભાનું સમાપન થયું.



### નિર્ણય

★ રક્ષાબંધન :

શ્રાવણ સુદ-૧૫, રવિવાર, તા.૨૨.૮.૨૦૨૧

★ પ.પૂ.દેવીબેનનો સ્વરૂપાનુભૂતિદિન :

શ્રાવણ સુદ-૫, શુક્રવાર, તા.૨૭.૮.૨૦૨૧

★ ગુરુહરિ પપ્પાજીનો પ્રાગટ્યદિન અને
પ.પૂ.બેનનો સ્વરૂપાનુભૂતિદિન :

શ્રાવણ વદ-૯, બુધવાર, તા.૧.૯.૨૦૨૧

★ એકાદશી :

શ્રાવણ વદ-૧૧, શુક્રવાર, તા.૩.૯.૨૦૨૧

★ જળઝીલણી એકાદશી :

ભાદરવા સુદ-૧૧, શુક્રવાર, તા.૧૭.૯.૨૦૨૧

## હાર્દિક આમંત્રણ

વહાલા અક્ષરમુક્તો,

ભાવભર્યા જય સ્વામિનારાયણ.

ગુરુહરિ પપ્પાજી અને સ્વરૂપોની કૃપાથી ટેક્નોલોજીના યુગમાં દરેક ભક્તોના ઘરમંદિરે ઉત્સવ ઉજવણીના દર્શનનો અલભ્ય લાભ લેવાનું સુગમ બન્યું છે ત્યારે, આપણે સૌ ભક્તિભાવે નિર્ધારિત સમયે ઘરમંદિરના સભાખંડમાં બિરાજી, નીચેના ત્રણેય ઉત્સવોના દર્શન, સ્મૃતિ, મહિમાનો લાભ લઈ, આ ચિરંજીવ સ્મૃતિઓ હૃદયમાં અંકિત કરી, સનાતન ભક્તિરસના સુખમાં સહભાગી બનવા ભાવભર્યું આમંત્રણ છે.



ગુરુહરિ પપ્પાજી મહારાજના સ્વરૂપને યથાર્થ ઓળખીને માણ્યું છે ને તેમના મહિમાને છતરાયો કરી પાતાળે પાયા નાખ્યા છે એવા ગુણાતીત સ્વરૂપ પ.પૂ.દીદીનો ૮૫મો પ્રાગટ્યપર્વ – 'ગુણાતીત ગરિમા પર્વ'

પ્રથમ સભા : તા.૨૧.૮.૨૦૨૧, શનિવાર, સાંજે ૬ થી ૭:૩૦

દ્વિતીય મુખ્ય સભા : તા.૨૨.૮.૨૦૨૧, રવિવાર, સાંજે ૪:૩૦ થી ૭:૩૦

અક્ષરધામના સુખ, શાંતિ, આનંદમાં નિરંતર રહી શકીએ તેવો યોગ આપ્યો છે એવા આપણા સૌના પ્રાણાધાર ગુરુહરિ પપ્પાજી મહારાજનો ૧૦૫મો પ્રાગટ્યપર્વ – 'પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવ'

પ્રથમ સભા : તા.૨૯.૮.૨૦૨૧, રવિવાર, સાંજે ૪:૩૦ થી ૭

દ્વિતીય સભા : તા.૩૦.૮.૨૦૨૧, સોમવાર, સાંજે ૪:૩૦ થી ૭

વિશેષ કીર્તન આરાધના : તા.૧.૯.૨૦૨૧, બુધવાર, રાત્રે ૮ થી ૯:૩૦





ભગવાન જેવા ઐશ્વર્યોને ઠેલી, સાધુતા પામવા માટે, પોતાનું સર્વસ્વ હોમીને ધ્યેય સિદ્ધ કર્યું ને સંબંધમાં આવનારને સમજાવ્યું છે કે, સાધુતા જેવી બીજી કોઈ પદવી નથી એવા આપણા વહાલા પ.પૂ.બેનનો સ્વરૂપાનુભૂતિદિન

તા.૫.૯.૨૦૨૧, રવિવાર

સાંજે ૪:૩૦ થી ૭

આ ત્રણેય સ્વરૂપોના ઉત્સવોનું લાઈવ દર્શન ગુણાતીત જ્યોતની વેબસાઈટ www.gunatitjyot.org પરથી કરી શકાશે.





હિંડોળા દર્શન...



To,

**RNI NEW DELHI NO : 20485/71**
**PO REGD NO : G-AND-336/2019-21**
**Lic Valid Upto: 31.12.2021**
**DATE OF PUBLICATION :**
**21st of every month**
**DATE OF POSTING :**
**21st of every month**
**PLACE OF PUBLICATION (POSTED AT) :**
**Vallabh Vidyanagar MDG 388120**





શાશ્વતધામે દર્શન...





Editor, Proprietor, Publisher & Printer : Hemaben Bhatt
Publishing Place : Gunatit Jyot, Pappaji Marg, P.O.Box-23, Vallabh Vidyanagar-388120, Dist.Anand, Guajrat, India
Phone : (02692)230163, 236646, Website : www.gunatitjyot.org, E-mail: prakashan@gunatitjyot.org
Printing Place : Angatbhai J. Shah, Gujarat Press, Anand-388001, Gujarat, India